**આજનો સુવિચાર**

જયારે વિપરિત પરિસ્થિતિ આવે છે ત્યારે જ્ઞાન હારી શકે છે, પરંતુ વ્યવહારથી હંમેશા જીત થવાની સંભાવના રહે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૧૭ જૂનાગઢ તા.૨૬-૮-૨૦૨૧ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


# કાબુલ એરપોર્ટ ખાતે ભયાનક સ્થિતિ એક બોટલ પાણીની કિંમત રૂા. ૩૦૦૦

## કાબુલમાં ચારેબાજુ હતાશા : તાલીબાનોનાં આતંકથી ભૂખમરા જેવી સ્થિતિ : એરપોર્ટ નજીક વિવિધ ઘટનાઓમાં ૨૦નાં મોત

નવી દિલ્હી તા. ૨૬ : તાલિબાન દ્વારા પાટનગર કાબુલ ઉપર કબ્જા પછી કાબુલ એરપોર્ટની ચારેતરફ ભારે હતાશા અને માયુસી વ્યાપી ગઈ છે. દરેક વ્યકિત બદહવાસ અને નિરાશ છે. લોકો ભૂખ્યા તરસ્યા ગરમીમાં પોતાનો વારો આવે તેની રાહ જોઈ રહ્યા છે. જો કે હવે લોકોની હિંમત તૂટવા લાગી છે. તેમના શરીરે જવાબ આપવાનું શરૂ કરી દીધું છે. આનું પરિણામ એ આવ્યું છે કે, કાબુલ એરપોર્ટ ઉપર કયારે કોણ જમીન ઉપર પડી જશે, તેનું કંઈ નક્કી નથી.

કાબુલ એરપોર્ટની બહાર મચેલી અફરાતફરીમાં ૨૦ લોકો મરી ચૂકયા છે. વિદેશી સૈનિકો એરપોર્ટની બહાર પાણીની બોતલો ફેંકે છે. કારણ કે કાબુલ એરપોર્ટની બહાર પાણીની એક બોટલ ૪૦ ડોલર એટલે કે લગભગ ૩૦૦૦ રૂપિયામાં વેચાઈ રહી છે અને ભાતની એક પ્લેટના ભાવ ૧૦૦ ડોલરે પહોંચ્યા છે, જે લગભગ ૭૫૦૦ રૂપિયા થાય છે. મોટી વાત એ છે કે પાણીની બોટલ ખરીદવી હોય કે ભાતની પ્લેટ નાણા અફઘાની મુદ્રાના બદલે ડોલરમાં ચૂકવવા પડે છે. અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ કબજો કર્યા પછી અહીં અફરાતફરીનો માહોલ છે. અફઘાનિસ્તાનના લોકોને આશા છે કે કોઈ દેશ તેમને આશરો આપશે અને તેથી તેઓ તાલિબાનના ડરથી કાબુલ એરપોર્ટ તરફ ભાગી રહ્યા છે. અમેરિકા સહિત ઘણા દેશો પણ તેમના નાગરિકોને ત્યાંથી સુરક્ષિત કાઢવાનો પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ એવા હજારો અફઘાનો છે, જેઓ ત્યાંથી નીકળવાની આશા રાખી રહ્યા છે. આ કારણથી જ કાબુલ એરપોર્ટ ઉપર રોજ હજારો લોકોની ભીડ જોવા મળી રહી છે, પરંતુ હવે અહીં પણ તેમની હાલત દયનીય બની રહી છે. કાબુલ એરપોર્ટ ઉપર અત્યારે ચારેબાજુ નિરાશા અને હતાશાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અહીં પાણી અને જમવામાં માટે હજારોની કિંમત વસૂલાય છે. પરિણામે, અફઘાનોને ભૂખ્યા મરવાનો વારો આવ્યો છે.

## અફઘાનિસ્તાન મામલે વડાપ્રધાનનાં અધ્યક્ષ સ્થાને સર્વપક્ષીય બેઠક યોજાઈ

નવી દિલ્હી તા. ૨૬

હાલમાં અફઘાનિસ્તાનમાં પ્રવર્તી રહેલી સ્થિતિનાં સંદર્ભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષ સ્થાને સર્વપક્ષીય બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં અફઘાનિસ્તાન મામલે સરકારની કેવી નીતિ રહેશે તે અંગે જાણકારી આપવામાં આવી રહી છે તેમજ અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા અને અફઘાનિસ્તાન સાથેની નિકાસ અને વિદેશ નીતિ અંગે ચર્ચા થશે. અફઘાનિસ્તાનમાં તાલીબાન શાસન અંગે ભારત સરકારની રણનીતિ તૈયાર થઈ રહી છે. જયારે વિરોધ પક્ષોએ સરકાર સમક્ષ તાલીબાન સાથેની વાતચીતની વિગતો આપવા માંગણી કરી છે.

# લવજેહાદ વિરોધી કાયદા અંગે હાઈકોર્ટે ગુજરાત સરકારને વધુ એક ઝટકો આપ્યો

## કલમ-૫ ઉપરનો સ્ટે હટાવવાની માંગણી ફગાવી : સ્ટે યથાવત રહેશે આંતરધર્મીય લગ્ન કરવા માટે સરકારની પૂર્વ મંજુરીની જરૂર નહી

અમદાવાદ તા. ૨૬

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લાવવામાં આવેલા લવજેહાદ વિરોધી કાયદાને ગુજરાત હાઈકોર્ટ તરફથી એક પછી એક ફટકા મળી રહયા છે. આજે લવજેહાદ વિરોધી કાયદા બાબતે ગુજરાત હાઈકોર્ટમાં વધુ સુનાવણી થઈ હતી જેમાં લવજેહાદ વિરોધી કાયદાની કલમ-૫ ઉપરનો સ્ટે હટાવવાની ગુજરાત સરકારની માંગણીને નામ. હાઈ કોર્ટે ફગાવી દીધી હતી.

હાઈકોર્ટે લવજેહાદ વિરોધી કાયદા અંગે કડક વલણ અપનાવ્યું છે અને કલમ-૫ ઉપરનો સ્ટે યથાવત રાખ્યો છે. જેનો અર્થ એ થાય કે આંતરધર્મીય લગ્ન બાબતે હવે સરકારની પૂર્વ મંજુરીની જરૂર રહેશે નહી. તેટલું જ નહી ધર્માંતરણ કરાવવા માટે લગ્ન કરવામાં આવ્યા છે કે બળજબરીપૂર્વક કે ધાકધમકીથી આંતરધર્મીય લગ્ન કરવામાં આવ્યા છે તેવું પુરવાર કર્યા વગર એફઆઈઆર થઈ શકશે નહી.

આમ ગુજરાત સરકારનાં લવજેહાદ વિરૂધ્ધ કાયદાને હાઈકોર્ટમાં એક પછી એક ફટકા મળી રહયા છે.

# નવરાત્રી બાદ ધો.૧ થી ૫ માં ઓફલાઈન શિક્ષણ શરૂ થવાનાં સંકેતો

અમદાવાદ,તા. ૨૬

ઊપલા વર્ગોમાં ઓફલાઈન શિક્ષણ બાદ ઓકટોબરમાં નવરાત્રિના તહેવાર બાદ ધોરણ ૧થી પાંચ માટે પણ કલાસરૂમમાં શિક્ષણ શરૂ કરવા ગુજરાતસરકાર આગળ વધી રહી છે. ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા સહિતના અનેક રાજયોમાં પહેલાથી જ પ્રાથમિક શાળાઓ ખૂલી ગઈ છે. સંભવિત થર્ડ વેવ પહેલા ગુજરાતમાં ૧૮ કે તેથી વધુ વયજૂથના ૪.૩૦ કરોડ નાગરિકોનું વેકિસનેશન થયું છે. એકાદ મહિનામાં ૧૨થી ૧૮ વર્ષના બાળકો માટે પણ વેકિસનેશન શરૂ થવાની શકયતાઓ વચ્ચે સપ્ટેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહમાં કોવિડ-૧૯ના ચેપના ફેલાવાની સમીક્ષા કર્યા બાદ પાંચમા ધોરણથી નીચેના કલાસરૂમ માટે શાળાઓ ખોલવાનો નિર્ણય લેવાશે.

# વધુ એક અજાયબી દુબઈમાં વિશ્વનો સૌથી ઉંચો ચકડોળ ખુલ્લો મુકાશે

દુબઈ, તા. ૨૬ :. દુબઈમાં વિશ્વના રેકોર્ડ તોડતા આકર્ષણો છે તેમાં નવુ વધુ એક નઝરાણુ ઉમેરાવા જઈ રહ્યુ છે. આગામી તા.૨૧ ઓકટોબરે વિશ્વનો સૌથી ઉંચો ઓબ્જર્વેશન વ્હીલ ખુલ્લો મુકવામાં આવશે. દુબઈમાં બુર્ઝ ખલીફા અને ડીપ ડાઈવ બાદ વિશ્વનો સૌથી મોટો અને સૌથી ઉંચો ઓબ્ઝર્વેશન વ્હીલ એટલે કે ચકડોળ ખુલવા જઈ રહ્યો છે જે ૩૮ મીનીટમાં એક ચક્કર લગાવશે અને લગભગ ૭૬ મીનીટમાં બે ચક્કર લગાવશે. આ ચકડોળ દુબઈ બ્લુ વોટર્સ દ્વીપ ઉપર આવેલું છે તે બેસનારને ૨૫૦ મીટરની ઉંચાઈએ લઈ જશે ત્યાંથી સમગ્ર દુબઈ નિહાળી શકાશે. ત્યાં ફરનારને આસમાનમાં ભોજનની સાથે ૧૯ પ્રકારના વિવિધ પેકેજ પણ મળશે. જે હેઠળ જન્મ દિવસ, સગાઈ, લગ્ન, બીઝનેશ કામકાજ વગેરે માટે હશે. લોકો પોતાની સુવિધા અનુસાર પેકેજ લઈ શકશે. તેમા ખાનગી કેબીન પણ છે. ચકડોળને યુએઈની સ્થાપનાના ૫૦ વર્ષ પુર્ણ થવાનાં અવસરે ખુલ્લો મુકવામાં આવશે. હાલમાં જ દુબઈમાં વિશ્વનો સૌથી ઉંડો સ્વીમીંગ પૂલ બનાવવામાં આવ્યો છે જેની ઉંડાઈ ૬૦ મીટર એટલે કે ૨૦૦ ફૂટ છે જે ઓલમ્પિક સાઈઝના ૬ સ્વીમીંગ પૂલ જેવડો છે અને તેમા ૧ કરોડ ૪૦ લાખ લીટર પાણી આવે છે.

# ભાજપ - શિવસેના વચ્ચેની લડાઈ વધુ ઉગ્ર બનશે મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ

મુંબઈ, તા. ૨૬ :. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેના વચ્ચે ચાલી રહેલી લડાઈ વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે. કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેની ધરપકડનો બદલો લેવા ભાજપે હવે શિવસેના ઉપર એ જ શસ્ત્ર અજમાવ્યુ છે. ભાજપના એક નેતાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના એક નિવેદન બાબતે ફરીયાદ દાખલ કરી છે. જેમા તેમણે કહ્યુ હતુ કે, યોગીને તેમના જ ચપ્પલથી મારવા જોઈએ. શું મહારાષ્ટ્ર પોલીસ ઉદ્ધવ ઠાકરે વિરૂદ્ધ પણ નારાયણ રાણે જેવા પગલા લેશે? ફરીયાદી ભાજપના યવતમાલ જિલ્લાના અધ્યક્ષ નીતિન ભુટાડા છે. તેમણે શિવસેનાના વડા અને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વિરૂદ્ધ એફઆઈઆર નોંધવા અને ભડકાઉ ભાષણ આપવા માટે કાનૂની કાર્યવાહી કરવાની માંગણી કરી છે. તેમણે ઉમેરખેડ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસે ફરીયાદ મળ્યાની પુષ્ટી કરી છે. ફરીયાદમાં જણાવાયુ છે કે ૨૫ ઓકટોબર ૨૦૨૦ના રોજ દશેરા વખતે ઉદ્ધવ ઠાકરેએ યોગી આદિત્યનાથ વિરૂદ્ધ ભડકાઉ અને ગંદી ભાષાનો ઉપયોગ કર્યો હતો.

અરજીમાં જણાવાયુ છે કે, ઠાકરે એ એવુ કહ્યુ હતુ કે એક યોગી કેવી રીતે મુખ્યમંત્રી બની શકે? તેમણે તો ગુફામાં જઈને બેસવુ જોઈએ. તેમને તેમના ચપ્પલથી જ મારવા જોઈએ. યોગીએ શિવાજી મહારાજનું અપમાન કર્યુ છે. યોગીની શિવાજી પાસે જવાની હેસીયત નથી. યોગી જ્યારે મહારાષ્ટ્ર આવશે તો તેમને ચપ્પલથી પીટવા જોઈએ.

ફરીયાદમાં જણાવાયુ છે કે ઉધ્ધવ દ્વારા કરવામાં આવેલી ટીપ્પણીથી સમાજમાં અશાંતિ અને તોફાનો થઈ શકે છે. ફરીયાદીએ કહ્યુ હતુ કે ભાજપ મહારાષ્ટ્રના વિવિધ પોલીસ સ્ટેશનોમાં મુખ્યમંત્રી ઠાકરે વિરૂદ્ધ વધુ ફરીયાદો દાખલ કરાવશે. નાસિકમાં ભાજપના ધારાસભ્ય દેવીયાનીએ કહ્યુ છે કે ભાજપ તરફથી મુખ્યમંત્રી અને સામનાના સંપાદક સંજય રાઉત વિરૂદ્ધ બે ફરીયાદ દાખલ કરવાની અરજી પોલીસ કમિશ્નરને આપવામાં આવી છે.

# બેફામ મોંઘવારી માટે ખાદ્ય તેલ - કઠોળનાં વધેલા ભાવો જવાબદાર : નવો ખરીફ પાક આવ્યા બાદ ફુગાવો ઘટશે

નવી દિલ્હી તા.૨૬

ભારતમાં મોંઘવારીના ભરડા વચ્ચે ફૂગાવાનો દર દાયકાની ઉંચાઈએ પહોંચી ગયો છે જયારે આ ઉંચા ફુગાવા પાછળનું મુખ્ય કારણ ખાદ્યતેલ તથા કઠોળનાં ઉંચા ભાવ હોવાનો સરકારે એકરાર કર્યો છે.જોકે સપ્લાય વધારીને ભાવ નીચા લાવવા માટે આયાત જકાતમાં કાપ જેવા પગલા લેવામાં આવી રહ્યાનો નિર્દેશ કર્યો છે.પેટ્રોલ-ડીઝલનાં ઉંચાભાવને લાગે વળગે છે ત્યાં સુધી ટેકસ-વેટ-એકસાઈઝ ઘટાડવા મુદ્દે કેન્દ્ર સરકાર રાજયો સાથે સંકલન કરશે તેમ નાણાંપ્રધાન નિર્મલા સીતારામને કહ્યું હતું. કેન્દ્રના મહેસુલ સચીવ તરૂણ બજાજે જણાવ્યું હતું કે નવો ખરીફ પાક બજારમાં આવ્યા બાદ મોંઘવારી ઘટશે અને ફૂગાવો પણ નીચો આવશે જે ૪ થી ૬ ટકાની રેંજમા આવી શકે છે. રિઝર્વ બેંક દ્વારા ફૂગાવા મામલે ચિંતા દર્શાવી છે.સુચનો પણ કર્યા છે.

સરકાર એવુ માને છે કે નવો ખરીફ પાક બજારમાં આવ્યા બાદ ફુગાવો ઘટશે. તેઓએ કહ્યું કે મોંઘવારીને કાબુમાં લેવા માટે સપ્લાય વધારવાની સરકારે રણનીતિ અપનાવી છે અને તેના ભાગરૂપે અનેક ચીજો ઉપર આયાત જકાત ઘટાડી છે. વિદેશમાંથી ખાદ્યતેલ-કઠોળની વધુ આયાત થાય તે માટે જકાત ઘટાડવામાં આવી છે. જુલાઈ માસમાં જથ્થાબંધ ફૂગાવો ૫.૫૯ ટકા રહ્યો હતો રીઝર્વ બેંકે વાર્ષિક ધોરણે તે ૫.૭ ટકા રહેવાનો અંદાજ મુકયો છે.

# ૨૦૨૭માં દેશને પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ મળી શકે

નવી દિલ્હી તા. ૨૬ : સુપ્રીમ કોર્ટના જજ તરીકે કોલેજીયમે જે ૯ નામની ભલામણ કરી હતી તેને કેન્દ્ર સરકારની મંજૂરી મળી ગઈ છે. હવે આ નામને નિમણૂંક પત્ર આપવા માટે રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવ્યા છે જેમાં ગુજરાતથી બે જસ્ટિસના નામની ભલામણ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના કોલેજીયમે જે ભલામણ કરી હતી તેમાં ત્રણ મહિલા જજનો પણ સમાવેશ થાય છે. આ મહિલા જજની યાદીમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બેલા ત્રિવેદીનું નામ સામેલ છે. તે સાથે જ આ યાદીમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથનું પણ નામ છે. યાદીમાં મહિલા જજમાં કર્ણાટક હાઈકોર્ટના બી વી નાગરથના અને તેલંગાણાના હિમા કોહલીનો સમાવેશ થયો છે. જસ્ટિસ બી.વી નાગરથના ૨૦૨૭માં ભારતના પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ બની શકે છે.

# દેશનાં તમામ જીલ્લાઓમાં લોન મેળા યોજવા બેંકોને આદેશ

મુંબઈ તા. ૨૬

કોરોના મહામારીની બીજી લહેર પછી અર્થવ્યવસ્થા સુધારવા માટે સરકાર દ્વારા અપાયેલા પ્રોત્સાહનોની ગતિને જાળવી રાખીને કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે જાહેર ક્ષેત્રની બેંકોને વિભીન્ન ક્ષેત્રો, ખાસ કરીને નિકાસ ક્ષેત્રોની લોનની જરૂરીયાતો ઉપર ધ્યાન દેવા કહ્યું છે. તે સાથે જ નાણા પ્રધાને બેંકોને ઓકટોબર માસથી દેશના તમામ જિલ્લાઓમાં લોન આપવા માટે ખાસ અભિયાન ચલાવવા કહ્યું છે.

બેંકોએ ૨૦૧૯માં આ પ્રકારની કસરત કરી હતી. ઓકટોબર ૨૦૧૯થી માર્ચ ૨૦૨૧ વચ્ચે લગભગ ૪.૯૪ લાખ કરોડ રૂપિયાની લોન અપાઈ હતી. આ પહેલ એવા સમયે કરાઈ રહી છે. જ્યારે અર્થવ્યવસ્થામાં લોન વૃધ્ધિ ૬ ટકાની આસપાસ છે. કંપનીઓ પોતાની મૂડીની જરૂરીયાતો પૂરી કરવા માટે મૂડી બજાર તરફ મોઢું ફેરવી રહી છે એટલે લોન લેવાને પ્રોત્સાહન આપવા માટે બેંકોનું ધ્યાન રીટેઈલ વર્ગ ઉપર છે. -

નાણામંત્રીએ કહ્યું કે મને નથી લાગતું કે લોનની માંગ ઓછી છે એવું તારણ સાચું છે. જો કે કોઈ સંકેતની રાહ જોયા વગર આપણે લોન આપવાની ગતિ વધારવા પગલા લેવા જોઈએ.'

# નવા સંશોધનમાં સ્ફોટક ખુલાસો : કોવિશિલ્ડ અને ફાઈઝર રસીની અસર ૬ મહિનાથી વધુ નહી

લંડન, તા. ૨૬ :. કોરોના વેકસીનને લઈને કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે કેટલીક વેકસીનની અસર બહુ લાંબા સમય સુધી રહી શકતી નથી. તેની અસર ૬ મહિના સુધી જ રહે છે. અભ્યાસમાં જણાયુ છે કે ફાઈઝરની વેકસીનના બે ડોઝ લગાવ્યાના એક મહિના બાદ પ્રતિરક્ષાની ક્ષમતા ૮૮ ટકા ઘટી જાય છે. જ્યારે ૫ થી ૬ મહિના બચાવની ક્ષમતા ૭૪ ટકા ઓછી થઈ જાય છે. આ જ પ્રકારે ઓકસફર્ડ અને અસ્ટ્રાજેનેકાની ભારતમાં બનેલી કોવીશિલ્ડ વેકસીનની ક્ષમતામાં ૧ મહિનામાં ૭૭ ટકા ઘટાડો આવ્યો. જ્યારે ૫ થી ૬ મહિના બાદ ૬૭ ટકા ઘટાડો જોવા મળ્યો છે.

# આશાનો સંચાર : સપ્ટેમ્બરનાં પ્રથમ સપ્તાહમાં ગુજરાત - રાજસ્થાનમાં વરસાદ થવાની આગાહી

નવી દિલ્હી તા.૨૬

ગુજરાત, રાજસ્થાન જેવા અનેક રાજયોમાં ઓછા વરસાદને કારણે દુષ્કાળનાં ડાકલા ભણકારા વાગવા લાગ્યા છે. ત્યારે આગામી મહિનામાં વરસાદના મંડાણ થયાની નવી આશા જન્મી છે. સપ્ટેમ્બરનાં પ્રારંભે વરસાદનો નવો રાઉન્ડ આવી શકે છે. હવામાન ખાતાનાં સુત્રોએ કહ્યું છે કે બંગાળની ખાડીની ચોમાસું સીસ્ટમ રાજસ્થાન ભણી આગળ વધી રહી છે. ૩૧ ઓગસ્ટથી તેની અસર વર્તાવાની શકયતા છે અને તેના પ્રભાવ હેઠળ પૂર્વીય રાજસ્થાનમાં ૧ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન સારો વરસાદ થવાની શકયતા છે. સાથોસાથ પશ્ચિમી ક્ષેત્રોમાં પણ હવાના હળવા દબાણ-લોપ્રેસરથી નોંધપાત્ર વરસાદ વરસી શકે છે. રાજસ્થાનમાં જયાં વરસાદ ઘણો ઓછો છે તેવા જોધપુર, નાગૌર, પાલી, સિરોહીમાં સારો વરસાદ થઈ શકે છે. આવતા પાંચ દિવસ વાતાવરણ શુષ્ક જ રહેવાનું જણાવવામાં આવ્યું છે. હવામાન ખાતાનાં સુત્રોના કહેવા પ્રમાણે રાજસ્થાન તરફ આગળ વધતી સીસ્ટમનો લાભ ગુજરાતને પણ મળી શકે છે અને અનેક ભાગોમાં વરસાદની શકયતા છે.

# વિશ્વમાં ૬૦ વર્ષ બાદ કોરોનાથી પણ વધુ ખતરનાક બિમારી આવશે

નવી દિલ્હી,તા. ૨૬: કોરોનાવાયરસ એટલે કે કોવિડ - ૧૯ એ સમગ્ર વિશ્વમાં તબાહી મચાવી છે. અત્યાર સુધી આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થયો નથી ત્યારે હવે આરોગ્ય નિષ્ણાતોએ આવા જ અન્ય જીવલેણ રોગની શકયતા વ્યકત કરી છે. ઈટાલીની પડુઆ યુનિવર્સિટીના નિષ્ણાતોની ટીમ દ્વારા એક અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે આજથી ૬૦ વર્ષ પછી એટલે કે વર્ષ ૨૦૮૦માં વિશ્વમાં કોરોના વાયરસ કરતાં પણ વધુ ગંભીર રોગચાળો આવશે.

સંશોધકોએ ભવિષ્યના જોખમની આગાહી કરવા માટે છેલ્લા ૪૦૦ વર્ષોમાં વિશ્વભરમાં અસાધ્ય રોગોના વ્યાપનો અભ્યાસ કર્યો. તેઓએ જોયું કે આંકડાકીય રીતે આત્યંતિક રોગચાળો અગાઉ માનવામાં આવે તેટલો દુર્લભ નથી. આવનારા સમયમાં તેમાં વધુ વધારો થવાની સંભાવના છે અને આગામી રોગચાળો ૨૦૮૦ સુધીમાં ફેલાશે.

# કેરળમાં કોરોના બેકાબુ: ૨૪ કલાકમાં ૩૧ હજારથી વધુ કેસ નોંધાયા

નવી દિલ્હી તા. ૨૬

છેલ્લા કેટલાય દિવસોથી કેરળમાં કોરોનાનો કહેર વધ્યો છે દેશમાં કોરોનાનાં નવા ૪૬.૨૨૭ કેસ નોંધાયા છે. જ્યારે ૩૪.૦૯૧ દર્દીઓ રિકવર થયા છે

દેશમાં આજે છેલ્લા ૨૪ કલાકમાં ૪૬,૨૨૭ નવા કેસ નોંધાયા છે સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૬૦૫ લોકોના મોત નિપજ્યા છે દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૪,૩૬,૩૯૬ થયો છે છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૬,૩૯૩ નવા કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૩,૨૫,૫૭,૭૨૯ થઈ છે, એક્ટિવ સંખ્યા ૩,૨૭,૬૮૪ થઈ છે છેલ્લા ૨૪ કલાકમાં ૩૪,૦૯૧ દર્દીઓ રિકવર થયા છે, આ સાથે કુલ ૩,૧૭,૮૦,૮૯૫ લોકોએ કોરોનાને મહાત આપી છે

દેશમાં સૌથી વધુ કેરળમાં ૩૧,૪૪૫ કેસ, મહારાર્ષ્ટ્રમાં ૫૦૩૧ કેસ,આંધ્રપ્રદેશમાં ૧૬૦૧ કેસ, તામિલનાડુમાં ૧૫૭૩ કેસ, કર્ણાટકમાં ૧૨૨૪ કેસ,ઑરિસ્સામાં ૮૮૭ કેસ, મિઝોરમમાં ૭૪૦ કેસ, પશ્ચિમ બંગાળમાં ૭૦૮ કેસ, આસામમાં ૬૮૯ કેસ, મણીપુરમાં ૫૨૮ કેસ નોંધાયા છે



શિવ હોસ્પિટલ, રાજકોટનાં ન્યુરોસર્જન આપના શહેર જુનાગઢમાં...
ડૉ. નિધીકુમાર પટેલ
DNB (Neurosurgery)
(Apollo hospital, Chennai)
કન્સલટન્ટ ન્યુરોસર્જન
નીચે મુજબની તકલીફવાળા દર્દીઓ માટે
મગજ, કરોડરજ્જુની ઇજા ▸ પક્ષઘાત, મગજમાં હેમરેજ ▸ મગજ, પિચ્યુટરી, કરોડરજ્જુની ગાંઠ ▸ ખેંચ, ટ્રાઇજેમીનલ ન્યુરાલજીયા ▸ મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ) ▸ મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ) મણકાના ફ્રેક્ચર, ચેપ ▸ ગાદી ખસવી કે મણકાનો ઘસારો
દર મહિનાનાં ચોથા શનિવારે
તારીખ : ૨૮-૦૮-૨૦૨૧ ■ સમય : સવારે ૧૨:૩૦ થી ૨
સ્થળ : અવધ હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ., મંથક કોમ્પ્લેક્સ, બસ સ્ટેશનની સામે, શિવ શક્તિ ટ્રાવેલ્સ વાળી શેરી, ડો.આરદેશણા હોસ્પિટલની બાજુમાં, જુનાગઢ.
નામ લખાવવા માટે સંપર્ક : ૦૨૮૫-૨૬૩૦૩૦૦, ૮૮૬૬૫૮૩૬૨૨
શિવ
વધુ માહિતી માટે સંપર્ક : ૯૬૩૮૯ ૦૭૦૦૦
મહાપુજાધામ ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, બાલાજી હોલની બાજુમાં, રાજકોટ.

ભાડે / વેચાણથી આપવાનું છે
બહાઉદીન કોલેજની સામે મેરીગોલ્ડ-૩માં બીજા માળે, રોડ ટચ ૧૬૦૦ સ્કે.ફુટ કોર્નરનું (કાર્પેટ), પુજારા મોબાઈલ ઉપર ભાડે - વેચાણથી આપવાનું છે.
મો. ૯૮૨૫૯ ૧૮૯૧૭

જુન બેચમાં પ્રવેશ ચાલુ...
ધો.૧૨ પછી શું ?
ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ - સંચાલિત
સેનેટરી ઈન્સ્પેકટર (SI) ડિપ્લોમાં કોર્ષ
છેલ્લી તક
જીલ્લા પંચાયત દ્વારા mphw, PHC, UHC સેન્ટર, નગરપાલિકા, મહા નગરપાલિકામાં, રેલ્વે, પોર્ટ, એરપોર્ટ, મલ્ટીનેશનલ કંપનીઓ, તારાંકિત હોટલો, દવાખાના વગેરે અનેક જગ્યાએ નોકરીની વિશાળ તક..
જીએસપી સ્કૂલ
સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી, ગ્રાંધીગ્રામ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૩૪૭૦/૮૮૬૬૨ ૬૨૬૫૬

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત


વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

એક Bazaar ®
એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે
એક મહિના માટે ચાર્જ | ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઇન કરો www.ekbazaar.com
M. 9019217734 , 7676911802 • Help Line : 18003091349

# ધર્મ પરિવર્તન પહેલા સરકારની મંજૂરી ઉપરનો મનાઇ હુકમ ઉઠાવી લેવા માટે રાજ્ય સરકાર દ્વારા હાઇકોર્ટમાં સ્પષ્ટતા અરજી દાખલ કરાઈ

અમદાવાદ તા.૨૬

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ વચગાળાનો આદેશ કરીને ગુજરાત ધર્મ સ્વાંત્ર્યતા (સુધારા) વિધેયક, ૨૦૨૧ હેઠળની કલમ-૩ તથા અન્ય કલમોનો ઉપયોગ કરવા ઉપર મનાઈ હુકમ ફરમાવ્યો હતો. પરંતુ આ કાયદાની કલમ-પના અમલ સામે મનાઈ હુકમ આપવામાં આવ્યો હોવાથી તે ઉઠાવી તેવા માટે આદેશમાં સ્પષ્ટતા કરવા માટે રાજ્ય સરકારે બુધવારે એક અરજી કરી હતી. કોર્ટે આ બાબતે અરજદારોના વકીલને જાણ કરીને વધુ સુનાવણી ગુરૂવારે રાખી હતી. અરજદાર જમિયત-ઉલમા-એ હિન્દ, ગુજરાત અને મુજાહિદ નફીસ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરીને આ કાયદાની કલમ-૩ ઉપર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કારણ કે તેમાં કહેવામાં આવ્યું હતું કે, જો વિધર્મી યુગલ લગ્ન કરે અને ત્યારબાદ યુગલ પૈકી કોઈ એક ધર્મ પરિવર્તન કરે તો તે ગુનો બનતો હતો. આથી હાઈકોર્ટે આ કલમના ઉપયોગ સામે વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો અને વિધર્મી યુગલ લગ્ન કરે તો તેને ખોટી તે હેરાન નહી કરવાની તાકીદ કરવામાં આવી હતી. કોર્ટે આ કાયદાની કેટલીક કલમો જેમાં કલમ ૪, ૫ અને ૬ આપવામાં આવેલી કેટલીક જોગવાઈઓ સામે પણ મનાઈ હુકમ આપ્યો હતો જેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, ધર્મ પરિવર્તન થયું હોય તેવા લગ્ન કરાવનાર વ્યક્તિ કે સંસ્થાઓ સામે ફરિયાદ થઈ શકશે, જે વ્યક્તિ સામે ફરિયાદ થઈ હોય તેણે જ ધર્મ પરિવર્તન ધાક-ધમકી, દબાણ કે, લોભ-લાલચના આધારે થયું નથી તે પૂરવાર કરવાનું રહેશે. આ ઉપરાંત કલમ-૫ મુજબ આંતરધર્મીય લગ્ન કરતા પહેલા સ્થાનિક સત્તાવાળાઓની મંજૂરી લેવાની બાબત ઉપર પણ મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો. આથી કલમ-૫ ના અમલ સામે મનાઈ હુકમ હોવાથી એડવોકેટ જનરલ દ્વારા ચીફ જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ બિરેન વૈષ્ણવની કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, આ કાયદાની જોગવાઈ તો ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય ધારા, ૨૦૦૩થી જ અમલમાં છે અને લોકો ધર્મ પરિવર્તન કરતા પહેલા સ્થાનિક સત્તાવાળાઓની મંજૂરી લેતા જ આવ્યા છે. આ કલમમાં ‘લગ્ન’ એવો શબ્દ ઉપયોગમાં લેવાયો નથી અને તેને લગ્ન બાબતે કોઈ જ લાગતું વળગતું નથી. આથી આ કલમ પૂરતી હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટતા થવી જોઈએ. આથી કોર્ટે ગુરૂવારે સુનાવણી રાખી હતી. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ અને ધર્માંતરણ અંગેના કાયદાઓમાં સુધારો કરતી કાર્યવાહીને પડકારતી અરજીમાં હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, વ્યક્તિએ કયો ધર્મ પાળવો કે કયો ધર્મ અપનાવવો તે તેની અંગત બાબત છે. આ સાથે જ વિધર્મી વ્યક્તિઓના લગ્ન વિષયક કિસ્સાઓમાં સરકારની મંજૂરી જરૂરી હોવાની બાબતને પણ હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. કોર્ટમાં વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે આ કાયદાની જોગવાઈ મુજબ ત્રાહિત વ્યક્તિ દ્વારા પણ ફરિયાદ થઈ શકે જે બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારનો ભંગ કરે છે. જે વ્યક્તિનું બળજબરીથી ધર્માંતરણ થયું હોય તે જ વ્યક્તિ આક્ષેપિત વ્યક્તિ સામે ફરિયાદ કરી શકે. આ અરજીમાં વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે, રાજ્ય સરકાર દ્વારા બંધારણથી વિરૂધ્ધ કાયદો લાવી અને નાગરિકોના હક્કો ઉપર સરકાર તરાપ મારી શકે નહીં. ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ બાદ હવે ગુજરાતમાં પણ બહુચર્તિત લવજેહાદ કાયદો ૧૫મી જૂનથી અમલી બન્યો છે. ગત વિધાનસભા સત્રમાં પસાર કરવામાં આવેલા ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમને રાજયપાલની મંજૂરી મળ્યા બાદ રાજ્ય સરકારે તેનો વિધિવત અમલ શરૂ કર્યો હતો. આ કાયદાની મુખ્ય જોગવાઈ મુજબ હવે કોઈપણ વ્યક્તિ લગ્નની લાલચે ધર્મ પરિવર્તન કરાવશે અને ધર્મપરિવર્તનના હેતુથી લગ્ન કરશે તેની સામે ગુનો દાખલ કરવામાં આવશે.

# ઉનાના સીલોજ ગામે મોરનો શિકાર કરવાના આરોપમાં વધુ ત્રણની ધરપકડ



(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૬

ઊના તાલુકાના સીલોજ ગામમાં ધારાવાડી કાદી સાખલીવાવવિસ્તારમાં ઝેરીઘઉ ખવડાવીને મોરનો શિકાર કરવાના આરોપમાં વધુ ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સીલોજમાં મોરનો શિકાર કરવાના આરોપસર મુળુ જીવા વાઘેલાને વનવિભાગે તાકીદે ઝડપી લીધો હતો. જ્યારે બીજા શખ્સો નાસી ગયા હતા. મુળુને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેના ૩ દિવસના રીમાન્ડ મંજૂર ર્ક્યા હતા. આરોપી મુળુ વાઘેલાની પુછપરછમાં મનુ બાલ વાઘેલા, મુકેશ ભુરા વાઘેલા અને હમીર બાલુ વાઘેલાના નામ ખુલ્યા હતા. વધુ ત્રણ શખ્સોના નામ ખુલતા વનવિભાગે ત્રણેયને ઝડપવા માટે કવાયત હાથ ધરી હતી અને ત્રણેયને વનવિભાગે ઝડપી લીધા હતા. જેમાં મનુ બાલ વાઘેલાના વધુ ૧ દિવસના રીમાન્ડ મંજૂર થયા છે. જ્યારે મુકેશ ભુરા અને હમીર બાલુની વધુ પુછપરછ ચાલુ છે. મુળુ વાઘેલાના રીમાન્ડ પૂરા થતાં અને તેની જામીન અરજી નામંજૂર થતાં તેને જૂનાગઢ જેલ હવાલે કરાયો છે. બનાવની વધુ તપાસ જશાધારના આરએફઓ જે.જી. પંડ્યા, એસીએફ એન.જે. પરમાર, ફોરેસ્ટર વિરાભાઈ ચાવડા, ફોરેસ્ટ ગાર્ડ ભાવિનસિંહ સોલંકી, દિલીપભાઈ સરવૈયા, વિજયભાઈ રાવલ, વલકુભાઈ પરબતભાઈ વનરાજભાઈ સહિતના ચલાવી રહ્યા છે.

# ગુજરાતમાં ૧૮ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓ તથા પાત્રતા ધરાવતા શિક્ષકો-કર્મચારીઓ માટે તમામ શાળા-કોલેજોમાં કોરોના વેક્સિનેશન કેમ્પ યોજાશે

ગાંધીનગર તા.૨૬

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓની શાળા-કોલેજોમાં કોરોના રસીકરણના કેમ્પનું આયોજન કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. આવા કેમ્પના આયોજન દ્વારા શાળા-કોલેજોના ૧૮થી ઉપરની વયના વિદ્યાર્થીઓ, રસીકરણ માટે પાત્રતા ધરાવતા કર્મચારીઓ, શિક્ષકો અને તેમના પરિવારજનોને કોરોના વેક્સિનેશન અંતર્ગત આવરી લેવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમજ મુખ્ય સચિવ અનિલ મૂકીમ અને વરિષ્ઠ સચિવોની મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત સરકારે આગામી પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિન સુધીમાં બધા જ શિક્ષકોને કોરોના વેક્સિનના સુરક્ષા કવચ અન્વયે આવરી લેવા રાજયોને આપેલા દિશાનિર્દેશને પગલે ગુજરાતમાં પણ આ વ્યવસ્થા રાજ્ય સરકારે ઊભી કરવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્ય વિભાગ અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે આ સંદર્ભમાં જણાવ્યું છે કે, શાળા-કોલેજોમાં કોરોના વેક્સિનેશન કેમ્પ માટે જિલ્લાઓને વેક્સિનનો વધારાનો જથ્થો પણ ફાળવવાની સૂચનાઓ કોર કમિટીમાં મુખ્યમંત્રીએ આપી છે. એટલે કે, હવે રાજયની તમામ શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓથી લઈને શિક્ષક સહિતના સ્ટાફને વેક્સિનેશન હેઠળ આવરી લેવાની કવાયત આગામી દિવસોમાં હાથ ધરાશે.

# ચીન દ્વારા અવકાશમાં ૩ડી નક્શો બનાવવાની ક્ષમતા ધરાવતા બે સેટેલાઈટ લોન્ચ કરાશે

બેજીંગ તા.૨૬

ચીન વર્ષ ૨૦૨૧માં અવકાશમાં પ્રભુત્વ જમાવવાની આધુનિક રેસમાં તેની અવકાશીય પ્રવૃત્તિઓને ગતિ આપવા માટે ખૂબ જ વ્યસ્ત છે. બેઈજિંગે તેની રિમોટ સેન્સિંગ અને મેપિંગ ક્ષમતાઓ વધારવા માટે બે ઉપગ્રહોને છોડવા વર્ષના ૨૯માં ઓર્બિટલ લોન્ચ કરવાનું આયોજન કર્યું હતું. બે ઉપગ્રહોને પૃથ્વીથી ૫૦૦ કિ.મી. ઉપર પોલર ઓર્બિટ નજીક જવા માટે તાઈયુઆનથી લોન્ગ માર્ચ ૪બી રવાના થયું હતું. આ બે સેટેલાઈટના ડિપ્લોયમેન્ટને અમેરિકન સ્પેસ ટ્રેકિંગ ડેટાએ માહિતી હતી. અમેરિકન સ્પેસ ટ્રેકિંગ ડેટા મુજબ પૃથ્વીની ભ્રમણ કક્ષામાં બે તિઆનહુઈ-૨ (૦૨) સેટેલાઈટ જોવા મળ્યા છે. ચીનના અવકાશ મિશનો હંમેશા ગુપ્ત રહ્યા છે અને શાંઘાઈ એકેડમી ઓફ સ્પેસફ્લાઈટ ટેક્નોલોજી(SAST) દ્વારા સેટેલાઈટ અંગેની માહિતી ચીનના સરકારી મીડિયા દ્વારા જાહેર કરવામાં આવે ત્યારે જ વિશ્વને તેની જાણ થાય છે. ચીન હંમેશા દાવો કરતું આવ્યું છે કે તેના સેટેલાઈટનો મુખ્યત્વે વૈજ્ઞાનિક પરીક્ષણો અને સંશોધનો, જમીન તથા સંશાધનોનું સર્વેક્ષણ, ભૌગોલિક સર્વેક્ષણ અને મેપિંગ માટે ઉપયોગ થશે. આ વર્ષે લોન્ગ માર્ચ-૪બી કેરિયર રોકેટ શ્રેણીનું આ નવમું મિશન હતું અને લોન્ગ માર્ચ સિરિઝનું ૩૮૪મું ફ્લાઈટ મિશન હતું. દરમ્યાન તિઆનહુઈ-૨ ઉપગ્રહની જોડીનું આ પ્રથમ લોન્ચિંગ નહોતું. ચીને તેના વિસ્તારોના નકશા માટે સમાન અભિગમથી એપ્રિલ ૨૦૧૯માં તિઆનહુઈ-૨ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા. સર્વેઈંગ એન્ડ મેપિંગ જર્નલમાં પ્રકાશિત અભ્યાસ મુજબ બે સેટેલાઈટ એકની પાછળ એકની ગોઠવણમાં કામ કરશે, જેથી તેમણે એકત્ર કરેલા ડેટા ઉપરથી ૯.૮ ફૂટના રિઝોલ્યુશન સાથે ૩ડી નકશો બનાવી શકાય. ટીએચ-૨ સેટેલાઈટ સિસ્ટમ ચીનની સૌપ્રથમ માઈક્રોવેવ સર્વેઈંગ સેટેલાઈટ સિસ્ટમ છે. તે બે સમાન સેટેલાઈટથી બનેલી છે, જે અલગ અલગ ભ્રમણ કક્ષામાં સેટેલાઈટ નિર્માણની ટેકનિકલ સિસ્ટમ અને બાયસ્ટેટિકરડાર ટ્રાન્સીવર મોડ અપનાવે છે. તે વૈશ્વિક ડિજિટલ સપાટીના મોડેલને માપી શકે છે અને ટૂંક સમયમાં જ રડાર ઓર્થોફોટો મેળવી શકે છે. ૨૯ લોન્ચિંગ પૂરા થળાની સાથે ચીને આ વર્ષે કુલ ૪૦ મિશનનું આયોજન કર્યું છે, જેમાં તેના મહત્વાકાંક્ષી તિઆન્હે સ્પેસ સ્ટેશન મોડ્યુલ અને શેન્ઝોઉ-૧૨ ક્રુ મિશનનો સમાવેશ થાય છે. તેના બાંધકામ હેઠળના અવકાશ મથકને કાર્ગો પૂર્નઃ પૂરો પાડવાના તિઆનઝોઉ ૩નું લોન્ચિંગ સપ્ટેમ્બરમાં થવાની સંભાવના છે. પરમાણુ બિન-પ્રસાર અને નિઃશસ્ત્રીકરણ માટે એશિયા-પેસિફિક લીડરશિપ નેટવર્કના એક અહેવાલમાં જણાવાયું છે કે અવકાશ ચીનની એક વ્યાપક વ્યૂહરચનાનો ભાગ છે. કારણ કે તેણે અવકાશ યુદ્ધની ક્ષમતાઓ, સંસ્થાગત અને કાયદાકીય ન્યાયક્ષેત્ર અને અવકાશના શસ્ત્રીકરણ ઉપર પ્રતિબંધોનું મૂલ્યાંકન કર્યું છે અને સ્પેસ સૌથી ખરાબ લશ્કરી પરિસ્થિતિમાં અવકાશના ડીમિલિટરાઈઝિંગ માટેનો માર્ગ બની શકે છે તેમ તેનું માનવું છે. અંદાજે ૮ અબજ ડોલરના બજેટ સાથે ચીને અવકાશના ક્ષેત્રમાં મહત્વાકાંક્ષી કાર્યક્રમો હાથ ધર્યા છે અને તે વર્ષ ૨૦૨૨ સુધીમાં કાયમી અવકાશ મથક સ્થાપવાની સ્થિતિમાં આવી જશે. વધુમાં તે વર્ષ ૨૦૩૬ સુધીમાં લુનાર રિસર્ચ આઉટપોસ્ટ, વર્ષ ૨૦૫૦ સુધીમાં જીઓસ્ટેશનારી ઓર્બિટ (જીઈઓ)થી સોલાર પાવર સેટેલાઈટ (એસપીએસ) ટ્રાન્સમિશન ક્ષમતા અને ૨૦૫૦ સુધીમાં અવકાશમાં વર્લ્ડ લીડર બની જવાની સંભાવના છે.

# સંભવિત દુષ્કાળ સામે રાજય સરકારે તૈયારીઓ શરૂ કરી : રાહતકામો માટે સર્વે

રાજકોટ તા. ૨૬

રાજ્યમાં અપૂરતા વરસાદના કારણે દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે. રાજ્ય સરકારે સંભવિત દુષ્કાળના સામના માટે આગોતરૂ આયોજન શરૂ કરી દીધું છે. મનરેગા હેઠળ રાહતકામો માટે જરૂરી સર્વે કરવા સૂચના અપાયેલ છે. ગઈકાલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ મંત્રી મંડળની બેઠકમાં અછતની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવેલ. વરસાદ ખેંચાતા પરિસ્થિતિ પર નજર રાખવા અને વૈકલ્પિક વ્યવસ્થા વિચારવા આર.સી.ફળદુ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને કુંવરજીભાઈ બાવળિયાની સમિતિ બનાવી જવાબદારી સોંપાયેલ છે.

મહાત્મા ગાંધી નેશનલરૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી (મનરેગા) હેઠળ શ્રમિકોને ૧૦૦ દિવસ સુધીની રોજગારી મળવાપાત્ર છે. આ યોજના હેઠળ કરવા લાયક કામો અને કામ કરવા ઈચ્છનારાઓની યાદી બનાવવા માટે ઝિલ્લા વહીવટી તંત્રને રાજ્ય સરકારે સૂચના આપી છે. તમામ ડેમોમાં પીવા માટે પાણી અનામત રાખવા પછી વધે તેટલું પાણી જરૂરીયાત મુજબ સિંચાઈ માટે છોડવાનું નક્કી થયું છે. પીવાનું પાણી પહોંચાડવા માટેની વ્યવસ્થા પાણી પુરવઠા વિભાગ કરશે.

પૂરતા વરસાદના અભાવે મગફળી, કપાસ વગેરેના વાવેતર પર મોટું જોખમ ઉભું થઈ ગયું છે. અમુક વિસ્તારોમાં તો પાકને નુકસાન પણ શરૂ થઈ ગયું છે. જો પાક નિષ્ફળ જાય તો સર્વે કરી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ ખેડૂતોને સહાય અપાશે. જેની ભીતિ છે તે દુષ્કાળ આવી પડે તો સરકારના અને બજારના અર્થતંત્ર પર મોટી અસર પડશે. ખેતીનું ચિત્ર અત્યારથી જ ડામાડોળ થઈ ગયું છે. હજુ આવતા ચાર-પાંચ દિવસ વરસાદની આગાહી નથી. કુદરત ધારે તો ગમે ત્યારે ચિત્ર બદલી શકે છે. મંદી અને મોંઘવારીના મારથી પીડાતી પ્રજા મેઘરાજાને રીઝવવા પ્રાર્થના કરી રહી છે.

# નમો એપ દરેક લોકોને ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવા આહવાન કરતા ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ

ગાંધીનગર તા. ૨૬

ગાંધીનગર સ્થિત પ્રદેશ કાર્યાલય શ્રી કલમલ ખાતે નમો એપ અભિયાનની પ્રશિક્ષણ બેઠક આજે યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહીને કાર્યકરો સહિત અન્યોને જણાવ્યું હતું કે, આ એપ કેવી રીતે ડાઉનલોડ કરે તેવા પ્રયાસ થાય તે અંગે આહ્વાન કર્યું હતું. ટેકનોલોજીના જમાનમાં દરેક લોકો ટેકનોલોજીથી ખભેથી ખભો મિલાવે અને નમો એપ જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે અને તેઓ ઈચ્છે છે કે, દરેક લોકો નમો એપ વિશે વધુમાં વધુ માહિતી મેળવી ડાઉનલોડ કરી ઉપયોગ કરે. નમો એપમાં કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓ સહિત વિવિધ યોજનાઓ પણ એપના માધ્યમથી લોકોને પહોંચાડવામાં મદદરૂપ થશે.

આ બેઠકમાં પ્રદેશ સંગઠન મંત્રી રત્નાકરે દિલ્હીથી પધારેલા મહામંત્રી કુલદીપસીંહ ચહલનું અભિવાદન કરતાં જણાવ્યું હતું કે, નમો એપ દરેખ કાર્યકર માટે કેટલી ઉપયોગી છે સાથે દરેક કાર્યકરને નમો એપથી જ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાની માહિતી મળી રહેશે. જેથી વધુમાં વધુ લોકોને નમો એપ ડાઉનલોડ કરાવવા આહ્વાન કર્યું હતું.

જયારે પ્રદેશ મહામંત્રી પ્રદિપસીંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, હાલના સમયમાં સોશિયલ મીડીયાનો ઉપયોગ વધી રહ્યો છે અને નમો એપથી આપણી સોશિયલ મીડીઆ ટીમ દ્વારા કેન્દ્ર સરકારની કામગીરી પણ લોકો જાણી શકશે. યુવાનોને ભાજપની કેન્દ્ર સરકારે અત્યાર સુધી લોક કલ્યાણ અને રાષ્ટ્રહીતના કાર્યોની માહિતી પણ નમો એપથી સરળતાથી માહિતી મળી રહેશે. દિલ્હીના પ્રદેશ મહામંત્રી કુલદિપસીંહ ચહલે નમો એપના પ્રેઝન્ટેશન દરમિયાન એપ વિશે કાર્યકરોને માહિતી આપી હતી. નમો એપ એક સોશિયલ એપ્લિકેશન છે. કાર્યકરોએ નમો એપ વિશે વધુમાં વધુ કાર્યકરો સહિત જનતા સુધી કેવી રીતે માહિતી પહોંચાડવી, એપથી શું ફાયદો થાય તે અંગે ઊંડાણપૂર્વક માહિતી સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નમો એપથી થતી આવકમાંથી નફો સ્વચ્છ ગંગામાં ફાળો અપાય છે. ભાજપના યુવા મોરચાની યોજાયેલી યુવા મોરચાની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ ડો. પ્રશાંત કોરાટે જણાવ્યું હતું કે, યુવા મોરચા દ્વારા ગુજરાતના દરેક બુથમાં પેજ કમિટીના સભ્યોને નમો એપ ડાઉનલોડ કરાવવાનું કામ હાથ ધરાશે. નમો એપના માધ્યમથી જે પણ વેચાણ થાય છે. તેનો નફો સ્વચ્છ ગંગામાં ફાળો આપવામાં આવે છે.

# રૂ.૧૦૦ કરોડના બેનામી સોદા સંબંધે એનસીપીનાં છગન ભૂજબળ સામે આવકવેરા ખાતાની ફરિયાદ

મુંબઈ, તા.૨૬

આવકવેરા ખાતાએ મહારાષ્ટ્રના પ્રધાન અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા છગન ભુજબળ અને પુત્ર પંકજ તથા ભત્રીજા સમીર તથા વિવિધ કંપનીઓ સામે રૂ.૧૦૦ કરોડના બેનામી સોદાઓને લઈ પ્રોસિકયુશન કમ્પ્લેઈન ફાઈલ કરી છે.

આ મિલ્કતોમાં નાસિક જિલ્લામાં રૂ.૧૭,૮૨ કરોડની સુગરમિલ તથા પનવેલ, અંધેરી, સાંતાક્રુઝની રૂ.૬૬.૯૦ કરોડ, રૂ.૧૭.૨૪ કરોડ અને રૂ.૭.૭૨ કરોડ અનુક્રમુ કિંમત ધરાવતી જમીનનો સમાવેશ થાય છે. આ મિલકતો ભુજબળ, પંકજ અને સમીર દ્વારા બેનામી કંપનીઓ મારફત કરાયેલા રોકાણ વાપરીને ખરીદાઈ હોવાનો આરોપ છે.

આઈટી અધિકારીઓએ મંગળવારે મુંબઈની કોર્ટમાં ફરિયાદ નોંધાવી છે. આર્મસ્ટ્રોગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. નામની સમીર અને પંકજ જેના ડિરેક્ટરો છે તે કંપનીનું પણ નામ છે.

# તાલિબાને આતંકવાદી મુલ્લા અબ્દુલ કય્યુમ ઝાકીરને વચગાળાનો રક્ષા મંત્રી બનાવ્યો


કાબુલ તા. ૨૬

અફઘાનિસ્તાન પર કબજો કર્યાબાદ તાલિબાન હવે પોતાની સરકાર બનાવવાની કવાયતમાં વ્યસ્ત છે. દરમિયાન તેણે વચગાળાના રક્ષા મંત્રી અને ગૃહમંત્રીની નિમણૂંક કરી છે. મીડિયા અહેવાલો અનુસાર તાલિબાને ખતરનાક આતંકવાદી મુલ્લા અબ્દુલ કય્યુમ ઝાકીરને વચગાળાના રક્ષા મંત્રી તરીકે નિયુક્ત કર્યો છે. અબ્દુલ કય્યુમ ઝાકીર તાલિબાનના કમાન્ડર રહી ચૂક્યો છે અને તાલિબાનના સ્થાપક મુલ્લા ઓમરનો પણ નજીકનો છે. અમેરિકાની આગેવાની હેઠળના NATO સેનાએ ૨૦૦૧માં ઝાકિરની ધરપકડ કરી હતી અને ૨૦૦૭ સુધી તેને ગ્વાંતનામોની જેલમાં રાખ્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ૩૩મી સાધારણ સભા યોજાઈ

રાજકોટ તા.૨૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ૩૩મી સાધારણ સભા અને વય મર્યાદાને કારણે નિવૃત થયેલ અધ્યાપકોનો અભિવાદન સમારોહ ઉપકુલપતિ ડો.વિજયભાઈ દેસાણીના અધ્યક્ષસ્થાને અને આર.ડી.સી. બેંક રાજકોટના સિનિયર ડિરેકટર અરવિંદભાઈ તાળાના મુખ્ય મહેમાનપદે યોજાયો હતો. સમારોહના અધ્યક્ષ ડો. વિજયભાઈ દેસાણી, મુખ્ય મહેમાન અરવિંદભાઈ તાળા, સીન્ડીકેટ સભ્યો ડો. ગીરીશ ભીમાણી, ડો. ભરત રામાનુજ અને ડો. કલાધર આર્યના હસ્તે દીપ પ્રાગટય થયા બાદ મંડળીના કારોબારી સભ્યો દ્વારા ઉપસ્થિત મહેમાનો અને સીન્ડીકેટ સભ્યોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ હતું. સહકારી મંડળીના પ્રમુખ અને પૂર્વ સીન્ડીકેટ સભ્ય પ્રો. જયદીપસિંહ ડોડીયાએ ઉપસ્થિત મહાનુભાવો અને સભાસદોનું શબ્દોથી સ્વાગત કરેલ હતું. ત્યારબાદ પ્રાસંગિક ઉદ્દબોધન કરતા સીન્ડીકેટ સભ્ય ડો. ગીરીશ ભીમાણીએ આ મંડળીના સ્થાપક પ્રમુખ પ્રો. યુ.વી. મણવરની કરકસરયુકત વહીવટની તંદુરસ્ત



પ્રણાલી આબેહુબ જાળવી રાખવા બદલ મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ ડો. જે.એ. ભાલોડિયા, મંત્રી ડો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો. યોગેશ જોગસણ અને તમામ કારોબારી સભ્યોને બીદરાવ્યા હતા. મંત્રી ડો.ડી.જે.કનેરીયાએ વાર્ષિક અહેવાલ રજૂ કરેલ હતું. સન્માનિત અધ્યાપકો પ્રો. અંબાદાન રોહડીયા અને પ્રો. એસ.પી. સીંધે પોતાના પ્રાસંગિક વ્યક્તવ્યમાં ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા અને સંપૂર્ણપણે બિનરાજકીય રીતે ચાલતી આ સંસ્થાને કેમ્પસના અધ્યાપકોની એક મોટી આર્થિક તાકાત ગણાવી હતી. મંડળીના હિસાબનીશ બેચરભાઈ ભટ્ટાસણાને તેની નિષ્ઠા અને પ્રમાણિકતાપૂર્વકની કામગીરી બદલ ઉપકુલપતિ વિજયભાઈ દેસાણીને હસ્તે સન્માનીત કરવામાં આવ્યા હતા. સન્માનિત અધ્યાપકો પ્રો. અંબાદાન રોહડીયા, પ્રો. એસ.પી. સીંઘ, પ્રો. બી.જી. મણીયાર વગેરેને ઉપકુલપતી ડો. વિજયભાઈ દેસાણીના હસ્તે શાલ અર્પણ કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. ડો. બાબાસાહેબ આંબેડકર ચેરના ચેરમેન ડો. રાજાભાઈ કાથડના સહયોગથી ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના જીવન ઉપર લખાયેલા પુસ્તકો ઉપસ્થિત મહાનુભાવો અને સન્માનિત અધ્યાપકોને અર્પણ કરવામાં આવ્યા હતા. સમારોહના અધ્યક્ષસ્થાનેથી ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેસાણીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની સિધ્ધિઓને બિરદાવતા જણાવ્યું હતું કે, યુનિ. કેમ્પસના પ્રાધ્યાપકોને લોન સહજતાથી આપવાની સુવિધા તેમજ અધ્યાપક કલ્યાણ નીધિ યોજના સરાહનીય છે. ડો. વિજયભાઈ દેસાણીએ આ સહકારી મંડળીને તેની ભાવી યોજનાઓ માટે યુનિવર્સિટી પ્રશાસન કક્ષાએથી પુરતી મદદ કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. આભારવિધિ ઉપપ્રમુખ ડો. જે.એ. ભાલોડીયાએ કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળીના સહમંત્રી ડો. યોગેશ જોગસણે પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. ઉપકુલપતિ વિજયભાઈ દેસાણીનું પણ સહકારી મંડળીના હોદેદારો અને કારોબારી સભ્યો દ્વારા સન્માન કરવામાં આવેલ. મંડળીની નવી કારોબારીમાં પ્રો. જયદીપસિંહ ડોડીયા, ડો. જે.એ. ભાલોડીયા, ડો. વી.જે. કનેરીયા, ડો. યોગેશ જોગસણ, પ્રો. અતુલ ગોસાઈ, ડો. ભરત ખેર, પ્રો. આર.બી. ઝાલા, પ્રો. નિકેશ શાહ, પ્રો. સંજય ભાયાણી, ડો. મનીષ શાહ, ડો.અશ્વિન સોલંકી, ડો. રેખાબા જાડેજા અને ડો. રંજનબેન ખુટની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. નીતિનભાઈ પેથાણી તથા ગોવિંદગુરૂ યુનિવર્સિટી (ગોધરા)ના કુલપતિ અને સહકારી મંડળીના પૂર્વ પ્રમુખ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે કાર્યક્રમની સફળતા માટે સંદેશા પાઠવ્યા હતા.

# સિન્ડિકેટ બેંકના એજીએમ સહીત ૧૬ વ્યકિતઓ સામે સીબીઆઈએ રૂા. ૨૦૯ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ કર્યો

નવી દિલ્હી,તા.૨૬

સિન્ડિકેટ બેક્રના ભૂતપૂર્વ એજીએમ આદર્શ મનચન્દા અને વેપારી અનુપ બરટારિયા સહિત કુલ ૧૬ જણ સામે સીબીઆઈએ રૂ. ૨૦૯ કરોડની છેતરપિંડીનો કેસ દાખલ કર્યો હતો. જયપુરની ખાસ અદાલતમાં દાખલ કરવામાં આવેલા આરોપપત્રમાં સીબીઆઈએ સીએ ભરત બોમ્બનું નામ પણ સામેલ કર્યું હતું.

આરોપપત્રમાં જણાવાયું હતું કે ૧૧૮ લોનના ખાતા મંજૂર કરાયા હતા અને સિન્ડિકેટ બેંકની જયપુરની એમઆઈ રોડ બ્રાન્ચ અને માલવિયા નગર બ્રાન્ચ તથા ઉદયપુરની બ્રાન્ચ મળીને કુલ ત્રણ શાખા દ્વારા એની ચુકવણી કરવામાં આવી હતી. બોમ્બે આ ષડ્યંત્ર પોતાના કર્મચારીઓ અને બેંકના અધિકારીઓની મદદથી રચ્યું હતું અને ઋણ મંજૂર કરાવ્યું હતું.

આરોપીઓ દ્વારા બોગસ દસ્તાવેજો, નકલી બિલો, બોગસ કવોટેશન સર્ટિફિકેટ વગેરેની મદદથી બેંક સાથે રૂ. ૨૦૯.૯૩ કરોડની છેતરપિંડી કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે લોન લેનાર અનેક વ્યકિત બોમ્બના કર્મચારીઓ હતા અને અન્યો મોટી રકમની લોન લેવાને લાયક નહોતા.

આવકવેરાના બોગસ દસ્તાવેજમાં મોટી આવક દર્શાવીને આરોપીઓ દ્વારા બેક્રમાંથી કમર્શિયલ પ્રોપર્ટી ખરીદવા માટેની મોટી લોન લેવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. એમણે બોગસ દસ્તાવેજો, નકલી બિલો, બોગસ કવોટેશન સર્ટિફિકેટ, બોગસ સીએસર્ટિફિકેટ પણ રજૂ કર્યા હતા.

# યુવકની હત્યાનું કાવતરૂ કરનાર સામે ગુનો દાખલ કરવાની માંગ

## જૂનાગઢ જીલ્લા પોલીસ વડાને આવેદનપત્ર અપાયું




જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ શહેરના પીંજારાફળિયા વિસ્તારમાં બે દિવસ પહેલા રાત્રિના સમયે ૨૨ વર્ષીય અરબાઝ ગડર નામના યુવકને પાંચ શખ્સો દ્વારા માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. હાલ તો પાંચ ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે પરંતુ હત્યાનું કાવતરૂં રચનાર અશરફ એન્ટિક સામે પણ ગુનો નોંધી કાર્યવાહી કરવાની માંગ મુસ્લિમ સમાજના લોકોએ કરી અને જિલ્લા પોલીસ વડાને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં હત્યાનું કાવતરૂં રચનાર સામે કાર્યવાહી કરવા માંગણી કરી છે. મૃતકના પિતા આરીફભાઈ ગડર, સફીભાઈ બંગાલી, રજાકભાઈ હાલા, સલીમભાઈ ગડર, આરીફભાઈ ગડર, વાહબભાઈ કુરેશી તેમજ ૫૦થી વધુ મુસ્લિમ સમાજના ભાઈઓ-બહેનો એકઠા થઈ જીલ્લા પોલીસ વડાને રજૂઆત કરી હતી. આ બાબતે જિલ્લા પોલીસ વડાએ આશ્વાસન આપ્યું હતું કે જે પણ આ હત્યામાં સંડોવાયેલા હશે તે લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

(તસ્વીર : અમ્માર બખાઈ)

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજીત કોવીડ-૧૯ ન્યાય યાત્રાનું આવતીકાલે જૂનાગઢમાં આગમન

## પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાની ઉપસ્થિતિમાં અસરગ્રસ્તોના ફોર્મ ભરવાની કાર્યવાહી થશે

જૂનાગઢ, તા.૨૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત કોવીડ-૧૯ ન્યાય યાત્રાનું આયોજન થયેલ છે અને આવતીકાલે શુક્રવારના રોજ આ યાત્રા આવી રહી છે અને આ યાત્રા અંતર્ગત કોરોનામાં અવસાન પામેલા લોકોના પરીવારજનોને શાંત્વના આપવા તથા અવસાન પામેલા લોકોના વારસદારોને સહાયરૂપ થવા અને ફોર્મ ભરવા તેમજ સાંત્વના આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા જૂનાગઢની મુલાકાત લઈ રહ્યા છે.

જૂનાગઢ જીલ્લામાં કોરોનાની બીમારીએ હાહાકાર મચાવેલ હતો તેમાં અનેક લોકો કોરોના સંક્રમિત થયેલ ત્યારે પ્રાઈવેટ અને ખાનગી હોસ્પીટલોમાં સરકારની બેદરકારીના કારણે ઓકિસજનનો બાટલો અને ખાટલો બન્ને ન મળવાના કારણે અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવેલ છે અને અનેક લોકો આર્થીક રીતે બરબાદ થઈને કોરોનાની સારવાર મેળવીનો સાજા થયેલ છે તેમાં જૂનાગઢ જીલ્લામાં કોરોનાના કારણે અવસાન પામેલાઓનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાની સુચનાથી અને જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકીયાના માર્ગદર્શન નીચે જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે જીલ્લા મહામંત્રી વી.ટી.સીડા દ્વારા રજીસ્ટ્રેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી જે અનુસંધાને સરકાર દ્વારા કોરોનામાં અવસાન પામેલા લોકોને સરકારના ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની જોગવાઈ હોવા છતાય સરકાર એકપણ રૂપિયાની સહાય જે લોકોએ કોરોનામા પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેને આપેલ નથી જેથી તેવા લોકોને સહાય આપવાનું અભિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા તેમજ ગુજરાત વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી વગેરે મોવડી મંડળના પ્રયાસોથી તથા સુપ્રિમ કોર્ટે પણ આજથી આશરે દોઢ માસ પહેલા કોરોનામાં અવસાન પામેલાઓને સહાય આપવાનો સરકાર નક્કી કરે તેવો હુકમ કરેલ હતો જેથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખે સમગ્ર રાજયમાં કોવિડ-૧૯ ન્યાયપત્રાક બહાર પાડીને કોવિડથી મૃત્યુ પામેલાઓના વારસદારોને રૂપિયા ૪ લાખનું વળતર આપવા અને કોવિડ ગ્રસ્ત તમામ દર્દીઓના તમામ મેડીકલ બિલ્સની રકમની ચુકવણી તથા સરકાર તંત્રની ઘોર નિષ્ફળતાની ન્યાયિક તપાસ તથા કોવિડથી મૃત્યુ પામેલ સરકારી કર્મચારીઓના સંતાન/પરીવારજનો પૈકી કાયમી નોકરી આપવાની માંગણી સાથે ગુજરાત કોંગ્રેસ દ્વારા સમગ્ર રાજયમાં એક ન્યાયયાત્રાનું આયોજન કરેલ છે જેના ભાગરૂપે જૂનાગઢ શહેરમાં કોરોનામાં અવસાન પામેલા લોકોના વારસદારોને સહાય મળે માટે ફોર્મ ભરવા અને સાંત્વના આપવા આવતીકાલ તા.૨૭/૮/૨૦૨૧ના રોજ જૂનાગઢ સીટીમાં આવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા તથા તેમની સાથે જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ નટુભાઈ પોકીયા તથા જૂનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ પટેલ તથા જૂનાગઢ ધારાસભ્ય ભીખાભાઈ જોષી તથા વિસાવદરના ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા તથા માંગરોળ-માળીયાના ધારાસભ્ય બાબુભાઈ વાજા તથા જીલ્લા પંચાયત જૂનાગઢ વિપક્ષ નેતા હમીરભાઈ ધુળા વગેરે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાશે તેમ જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ મહામંત્રી વી.ટી.સીડાની યાદીમાં જણાવેલ છે.

## સત્યમ સેવા યુવક મંડળ દ્વારા

# સાતમ આઠમનાં તહેવાર નિમિતે મીઠાઈ ફરસાણ તેમજ રાશન કીટનું થયેલ વિતરણ




જૂનાગઢ, તા.૨૬

એક તરફ મોંઘવારી વધી રહી છે બીજી બાજુ કોરોનાની મહામારી લોકડાઉન જેવી પરિસ્થતિમાં કોઈ કોઈનું ભાવ પૂછતું નથી. જરૂરિયાતના સમયમાં સગા વહાલાઓ પણ મોઢું ફેરવી લેતા હોય છે ત્યારે સત્યમ સેવા યુવક મંડળ તેમજ દાતાઓ દ્વારા ખાસ કરીને વિધવા-ત્યકતા તેમજ શ્રમિક પરિવારોની હાલત કફોડી હોય છે ત્યારે સાતમ આઠમના તહેવારની ઉજવણી ગરીબ પરિવાર હર્ષ ઉલ્લાસથી કરી શકે તે માટે જૂનાગઢ તેમજ કેશોદમાં એક હજાર કુટુંબોને તેલની બોટલ, મોહનથાળ, ગાંઠિયા, સોનપાપડી, ચવાણું, ચા-ખાંડ, લોટ, ખીચડી વગેરેની કીટ તૈયાર કરી જૂનાગઢ ઉપરકોટ પાસેના ફેરિયા તેમજ નાના કેબીન ધારકો તથા ગાઈડ લોકોને છેલ્લા બેવર્ષથી કોરોનાની મહામારીમાં ધંધા રોજગાર બંધ હોય તેવા પરિવાર તેમજ આસપાસના ગામડાઓને આ અવસરનો લાભ આપવામાં આવેલ હતો. સામાજિક કાર્યકર મનસુખભાઈ વાજાના માર્ગદર્શન હેઠળ સત્યમ સેવા યુવક મંડળ, ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દામજીભાઈ પરમાર, પાર્થભાઈ કોટેચા, રમણીકભાઈ રાણીંગા, પૂ.ભીમબાપુ ઉપલા દાતાર, વજુભાઈ ધકાણ, નાગભાઈ વાળા, મનીષભાઈ લોઢીયા, ડો.ચીખલીયા, કમલેશભાઈ પંડ્યા, પાર્વતીબેન કાનજીભાઈ ચૌહાણ, તારાબેન અમુભાઈ



વૈઠા, શાંતાબેન બેસ, હેમતભાઈ પટેલ, અભયભાઈ ચોકસી, રજનીભાઈ શાહ વગેરેના આર્થિક સહયોગથી વડાલ, ભીયાળ, કાથરોટા, ઈસાપુર, વંથલી વગેરે ગામોમાં વિતરણ કરવામાં આવેલ હતું. ગામોના સરપંચોનો પણ ખુબજ સહકાર આપેલ હતો. આ તકે નોબલ કોલેજના પાર્થભાઈ કોટેચા દ્વારા જણાવેલ કોરોનાની વેકસીન જરૂરથી લેશો. આ કાર્યક્રમને સફળ બનાવવા અરવિંદભાઈ મારડિયા, બટુકબાપુ, સુશીલાબેન શાહ, મેંણદભાઈ ડાંગર, ગાંડુભાઈ ઠેસીયા, વડાલના સરપંચ, ગાંડુભાઈ ઠેસીયા, અલ્પેશભાઈ પરમાર, માધાભાઈ પારધી, પ્રવીણભાઈ જોષી, મનહરસિંહ ઝાલા, નિર્મળાબેન ધકાણ વગેરેએ જહેમત ઉઠાવી હતી. કેશોદ ખાતે બાબુભાઈ પુરોહિત, ઋષિકેશ દવે, રામભાઈ પુરોહિતે કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# જૂનાગઢમાં ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદ પરીવારોને મીઠાઈ-ફરસાણ વિતરણ




જૂનાગઢ, તા.૨૬

શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે વિનામુલ્યે જરૂરીયાતમંદ કુટુંબોને અનાજ વિતરણ કરવામાં આવે છે તેના અનુસંધાને આ વખતે ઓગસ્ટ મહિનામાં તા.૨૨/૦૮/૨૦૨૧ને રવિવારના રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જૂનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૦(પચાસ) કુટુંબોને ઘઉ, ચોખા, ખાંડ, નિમક (મીઠું), ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ચણા, મેંદાનો લોટ, ચણાનો લોટ, કપડા ધોવાનો સાબુ, ન્હાવાનો સાબુ, ચોખાના પૌવા, મીક્સ મીઠાઈ, ચવાણું, ભાવનગરી ગાંઠીયા, સેવ, ફરાળી ચેવડો, સાદા મમરા, મસાલા મમરા, ફરાળી સાબુદાણા, ચીપ્સ, ભાખરવડી વગેરે આપવામાં આવ્યું હતું.

આ અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણના પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મહાનગરપાલિકા જૂનાગઢના પુર્વ મેયર આદ્યાશકિતબેન મજમુદાર, વેરાવળપાટણ ગિરનારા પરજીયા સોની જ્ઞાતિના પ્રમુખ પ્રવિણભાઈ પાલા તેમજ અતિથિ વિશેષ તરીકે જૂનાગઢના દાતાર સેવક બટુકબાપુ, સલીમભાઈ ગુજરાતી, કિશોરભાઈ ચોટલીયા, રવિન્દ્રભાઈ વ્યાસ, હરીતભાઈ બુચ, હરસુખભાઈ પાલા, હર્ષભાઈ ઠાકર, મહિલા અગ્રણીઓમાં કુમુદબેન ઠાકર, ભાવનાબેન વૈષ્નવ, ધર્મિષ્ઠાબેન છાંયા, સુનિતાબેન સેવક, ભાવનાબેન કૃષ્ણકાંતભાઈ વૈષ્નવ, રમીલાબેન ઘુચલા, નોમાબેન ઠાકર, મિતલબેન રાડા, ઈન્દુબેન ખાણદર, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણના પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણના પ્રસંગે અલગ અલગ દાતાઓનો સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

## જગન્નાથજી મંદિરે છપ્પનભોગ દર્શન અને કૃષ્ણ જન્મોત્સવનું આયોજન

જૂનાગઢ, તા.૨૬ : જૂનાગઢમાં જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા જગન્નાથજી મંદિરે છપ્પનભોગ દર્શન અને કૃષ્ણ જન્મ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જૂનાગઢમાં સાતમ-આઠમના પવિત્ર તહેવારની ઉજવણી અંતર્ગત શહેરના ગંધ્રપવાડા લેઈન ખાતે આવેલ જગન્નાથજી મંદિરે રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા તારીખ ૩૦ને સોમવારે આઠમના દિવસે છપ્પનભોગ દર્શન અને રાત્રે કૃષ્ણ જન્મ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આઠમના દિવસે યોજાનાર કાર્યક્રમમાં ભાવિકોને દર્શનનો લાભ લેવા જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઘરેલુ હિંસાથી પિડીત બે બાળકની માતાને આપઘાતના વિચારથી મુક્ત કરાવતી જૂનાગઢ ૧૮૧ અભયમ ટીમ

જૂનાગઢ, તા. ૨૬

રાજય સરકાર દ્વારા ચાલતી ૧૮૧ અભયમ હેલ્પલાઈન મહીલાઓ માટે ખરાં અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે જેમાં ,જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકામાંથી મહીલાના પિતા દ્વારા ૧૮૧માં ફોન કરી મદદ માગેલી જણાવ્યુ હતું કે, મારી દીકરીના પતીએ મારીને ઘરેથી કાઢી મુકેલ છે તેથી તે આત્મહત્યા કરવાના વિચારો કરે છે જેથી તુરંત જૂનાગઢ અભયમની ટીમ સ્થળ પર પહોંચી જઈ મહીલાને પ્રોત્સાહન આપવામાં આવેલ હતુ. તેમનુ મિનાક્ષીબેન સોલંકી દ્વારા કાઉન્સેલિંગ દરમિયાન તેમને જણાવ્યુ કે, પતિ પીડીતા પાસેથી પૈસા માગતા હોય પૈસા આપે તો નશો કરીને આવીને ઝગડા કરતા હોય પતિ નશાની હાલતમાં આવી ઝઘડો કરી મારપીટ કરેલ મારી નાખવાની ધમકી આપી ઘરેથી કાઢી મુકેલ છે. તેથી પીડીતા પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપવા જતી હોય પરંતુ રસ્તામાં બે પુરૂષ આવીને પીડીતા સાથે ગેરવર્તન કરેલ અપશબ્દો બોલી ઝગડો કરી પોલીસ સ્ટેશન પહોચવા દિધેલ ન હોય તેથી પીડીતાને કોઈ રસ્તો ન સુજતા આત્મહત્યાનો વિચાર કરેલ તથા પિતાને આ બાબતની જાણ કરેલ પિતાને જાણ થતા તેઓએ ૧૮૧ માં ફોન કરી મદદ માગેલ.

૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર મિનાક્ષીબેન સોલંકીના કાઉન્સલીંગ તથા કોન્સ્ટેબલ નિલોફરબેન પાયલોટ જીણાભાઈ જૈયા દ્વારા તેમના અને તેમના બાળકોના ભવિષ્ય વિશે સમજાવી અને આત્મહત્યા કરવાના વિચારમાંથી મુકત કરીને જીવન જીવવા માટે યોગ્ય માર્ગદર્શન આપેલ. મહીલાના પતિને સ્થળ ઉપર બોલાવેલ અને પતિ નશાની હાલમાં આવીને અપશબ્દો બોલવા અને પીડીતા સાથે ગેરવર્તન કરવા લાગેલ તથા પીડિતાને મારવાની કોશીસ કરતા હોય તેથી સ્થળ પર પોલીસની મદદ મેળવી હતી અને પીડીતા તથા તેના પતિને પોલીસ સ્ટેશન લઈ ગયેલ ત્યાં પીડીતાએ ફરીયાદ કરવી હોય તેથી તે વિસ્તારના પોલિસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી માટે સોંપવામાં આવી હતી.

# ખંભાળિયામાં રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્યના અધ્યક્ષસ્થાને નારીશક્તિ સંમેલન યોજાયું





જામ ખંભાળિયા તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે જિલ્લા પંચાયત ભવનના સભાખંડમાં રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય ડો. રાજુલબેન દેસાઈના અધ્યક્ષસ્થાને નારી શક્તિ સંમેલન યોજાયું હતું. ડો. રાજુલબેન દેસાઈએ નારી શક્તિ સંમેલનમાં મહિલા આયોગની કામગીરી, મહિલા કલ્યાણલક્ષી કેન્દ્ર અને રાજયની વિવિધ મહિલાલક્ષી યોજનાઓ અંગે ઉપસ્થિત મહિલાઓને માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓ અંગે વિવિધ કાયદાઓમાં જયાં સુધારા અને બદલાવ લઈ આવવાની જરૂર જણાય છે ત્યાં કેન્દ્ર સરકાર બદલાવ લાવી રહી છે. ચાલુ વર્ષે ડોમેસ્ટિક વાયલન્સ એક્ટ કે ઘરેલુ હિંસામાં અનેક કાયદાની ખામીઓ દૂર કરી નવા કાયદા બનાવવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે તેમજ આવશ્યક બાબતોને ધ્યાને લઈ, મહિલાઓને લગતા નવા કાયદાઓ બનાવવામાં આવે છે. આ ઉપરાંત કામકાજના સ્થળે જાતીય સતામણી અંગેના તેમજ સખી વનસ્ટોપ સેન્ટરની કામગીરીની પણ માહિતી આપી હતી. વધુમાં મહિલાઓને પોતાના ઉપર થતા અત્યાચારોને સહન ન કરતા, તેને ના છુપાવતા ભય વિના મહિલા આયોગનો સંપર્ક કરી તેના માટે લડવા કટિબદ્ધ બનવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ મહિલા સ્વાસ્થ્ય માટે અનેક પગલા લીધા છે. જેવા કે ઘરે ઘરે શૌચાલય થકી મહિલાઓની સુરક્ષા અને સ્વસ્થતા બંનેનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કલેકટર એમ.એ. પંડયાએ સ્વાગત પ્રવચન કરી મહિલાઓ અંગેની યોજનાઓની માહિતી આપી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.જે. જાડેજા, પોલીસ અધિક્ષક સુનીલ જોશી, કાનુની સેવા સતા મંડળના સેક્રેટરી સુચક, નગરપાલિકા પ્રમુખ ભાવનાબેન પરમાર, જિલ્લા પંચાયત વિવિધ સમિતિઓના ચેરમેન રેખાબેન પીંડારીયા, સંજયભાઈ નકુમ, જીતેન્દ્ર કણઝારીયા, પ્રતાપ પીંડારીયા, મહિલા અને બાળ અધિકારી ચંદ્રેશભાઈ ભાભી, દહેજ પ્રતિબંધક અધિકારી સોનલબેન વર્ણાગર સહિતના અધિકારીઓ, નગરપાલિકાના સદસ્યો, વિવિધ ક્ષેત્રની મહિલાઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામજોધપુરના ગોપ ડુંગર ઉપર બિરાજતા શ્રી ગોપનાથ મહાદેવનું અનન્ય મહાત્મય



જામ ખંભાળિયા તા.૨૬

દેવભૂમિ દ્વારકા સહિત સમગ્ર હાલાર પંથક અનેકવિધ પ્રાચીન ઉપરાંત અર્વાચીન શિવ મંદિરો માટે પ્રખ્યાત છે. આ સાથે જામજોધપુર તાલુકામાં આવેલા ગોપ ડુંગર ઉપર આશરે પાંચેક હજાર વર્ષ પુરાણા તથા ભગવાન શ્રીકૃષ્ણએ માટીના સ્વયંભૂ શિવલિંગ ગોપનાથ મહાદેવની સ્થાપના કરેલી, જે અદભૂત છે. જામજોધપુર તાલુકામાં ડુંગર ઉપર આવેલા તેમજ મંદિરના મહંત દ્વારા કોઈ સરકારી મદદ વગર દાતાઓ અને સેવાભાવીઓના સહયોગથી ડુંગર ફરતે લાખો રુપિયા ખર્ચીને બનાવેલા રસ્તાથી છેક મંદિર સુધી તથા પગથિયા મારફતે ચાલીને મહાદેવના સાનિધ્યમાં પહોંચી શકાય છે. ગોપનાથ મંદિર પાસે ઝીણાવારીમાં સોળ હજાર ગોપ કન્યાઓને રાક્ષસે ગુફામાં બંદી બનાવેલી જ્યાંથી ભગવાન શ્રી કૃષ્ણએ તેમને મુક્ત કરી તેમને પોતાનું નામ આપીને ગોપના લોકો સાથે ડુંગર ઉપર ગોપનાથની સ્થાપના કરેલી હતી. અહીં આજે પણ શ્રીકૃષ્ણના પગલા, પ્રાચીન ગુફા અને સૂર્ય મંદિર પ્રસિદ્ધ છે. આ ડુંગર ઉપર કુદરતી નજારો નયનરમ્ય બની રહે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# દેશમાં રસીકરણની ગતિ ધીમી રહી તો રોજના ૫ થી ૭ લાખ કેસ નોંધાશે : ગૃહમંત્રાલયની ચેતવણી

નવી દિલ્હી તા.૨૬

કોરોનાની ત્રીજી લહેરની ચેતવણીએ લોકોની ચિંતામાં વધારો કર્યો છે. ગૃહ મંત્રાલયના અહેવાલમાં જણાવાયુંછે કેત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તેની ટોચ ઉપર હશે. આ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયને સોંપવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર ૭.૬ ટકા (૧૦.૪ કરોડ) લોકોને જ સંપૂર્ણ રસી આપવામાં આવી છે. જો વર્તમાનરસીકરણ દરમાંવધારો કરવામાંનહીંઆવે, તોભારતમાં મહામારીની આગામી લહેરમાં દરરોજ ૬ લાખ કેસ આવી શકે છે. કોરોનાની ત્રીજી લહેરની ચેતવણીએ લોકોની ચિંતામાં વધારો કર્યો છે. ગૃહ મંત્રાલયના અહેવાલમાં જણાવાયું છે કે, ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં તેની ટોચ ઉપર હશે. આ સાથે પ્રધાનમંત્રી કાર્યાલયને સોંપવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં માત્ર ૭.૬ ટકા(૧૦.૪ કરોડ) લોકોને જ સંપૂર્ણ રસી આપવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ આવતી એક સંસ્થા દ્વારા રચાયેલી એક નિષ્ણાંત સમિતિએ આશંકા વ્યક્ત કરી છે કે દેશમાં કોવિડ-૧૯ ની ત્રીજી લહેર સપ્ટેમ્બર અને ઓક્ટોબર વચ્ચેગમેત્યારે આવી શકે છેઅને રસીકરણની ગતિને ઝડપી કરવાની જરૂર છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ) દ્વારા રચાયેલી નિષ્ણાંત સમિતિએ એમ પણ કહ્યું છે કે, બાળકોને પુખ્ત વયના સમાન જોખમમાં હશે. મોટી સંખ્યામાં બાળકોના સંક્રમિત થવાની સ્થિતિમાં બાળરોગ હોસ્પિટલો, ડોકટરો અને વેન્ટિલેટર, એમ્બ્યુલન્સ વગેરે જેવા સાધનોની ઉપલબ્ધતા માંગની અનુરૂપ થઈ શકતી નથી. જાણીતા નિષ્ણાંતોએ ભારતમાં કોવિડ-૧૯ ની ત્રીજી લહેરની વારંવાર ચેતવણી આપી છે. મહામારીના નિષ્ણાંતોએ આશંકા વ્યક્ત કરી છે કે જ્યાં સુધી આપણે રસીકરણ અથવા સંક્રમણ દ્વારા વ્યાપક પ્રતિરક્ષા વિકસિત નહીં કરીએ ત્યાં સુધી કેસો વધતા રહેશે. એનઆઈડીએમ રિપોર્ટમાં આઈઆઈટી કાનપુરના નિષ્ણાંતોના અનુમાનનો અહેવાલ આપતા કહ્યું કે, ત્રીજી લહેર માટે ત્રણ સંભવિત દ્રશ્યો



સૂચવવામાં આવ્યા હતા. પ્રથમ સંજોગોમાં ત્રીજી લહેર ઓક્ટોબરમાં ટોચ ઉપરપહોંચી શકે છે અને દરરોજ ૩.૨ લાખ કેસ આવી શકે છે. બીજા સંજોગોમાં વાયરસનુંનવું અનેવધુ સંક્રામક સ્વરૂપ સામે આવી શકે છે અને ત્રીજી લહેર સપ્ટેમ્બરમાં તેની ટોચ ઉપર પહોંચી શકે છે, જેમાં દરરોજ પાંચ લાખ કેસ સામે આવવાની આશંકા છે. નિષ્ણાંતોએ ત્રીજા સંજોગોમાં આશંકા વ્યક્ત કરી છે કે ત્રીજી લહેરની ટોચ ઓક્ટોબરના અંત સુધીમાં આવશે અને દરરોજ બે લાખ કેસ આવી શકે છે. અહેવાલ મુજબ તે સૂચવે છે કે જો ૬૭ટકા વસ્તી વાયરસ સામે રોગપ્રતિકારક શક્તિ (કેટલાક વાયરસ દ્વારા અને બાકીના રસીકરણ દ્વારા) વિકસાવે છે. તો મોટાપાયે પ્રતિરક્ષા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. તેમણે કહ્યું કે, સાર્સ કોવ-૨ નવા અને વધુ સંક્રામક સ્વરૂપ સામે આવ્યા બાદ તે જટીલ થઈ જશે, કેમ કે, વાયરસના આ સ્વરૂપોમાં અગાઉના સંક્રમણથી બનેલી રોગ પ્રતિકારક શક્તિને બચાવવાની ક્ષમતા છે, તેમજ કેટલાક કિસ્સાઓમાં તે હાજર રસીઓ પણ બચી શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, નસ્ત્રપ્રખ્યાત નિષ્ણાતોએ ભારતમાં કોવિડ -૧૯ ની નિકટવર્તી ત્રીજી લહેરની વારંવાર ચેતવણી આપી છે. રોગશાસ્ત્રીઓએ આશંકા વ્યક્ત કરી છે કે જ્યાં સુધી આપણે રસીકરણ અથવા ચેપ દ્વારા વ્યાપક પ્રતિરક્ષા વિકસિત નહીં કરીએ ત્યાં સુધી કેસો વધતા રહેશે. સામાન્ય રીતે, બાળકો કોરોના વાયરસ ચેપના ચિહ્નો બતાવી શકતા નથી અથવા નાના લક્ષણો બતાવી શકતા નથી, પરંતુ તે એવા બાળકો માટે ચિંતાનું કારણ બની શકેછે જેમને રોગ છે અથવા તેમની પ્રતિરક્ષા નબળી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કોવિડ-૧૯ને કારણે હોસ્પિટલમાં દાખલ થયેલા કુલ બાળકોમાંથી ૬૦-૭૦ ટકા પહેલાથી જ બીમારી હતી અથવા તેમની પ્રતિરક્ષા નબળી હતી. મંત્રાલયના કોવિડ રસીકરણ ડેશબોર્ડ અનુસાર, ૨ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં ૪૭ કરોડથી વધુ લોકોને કોવિડ વિરોધી રસીની ઓછામાં ઓછી એક માત્રા અપાઈ છે. રિપોર્ટ અનુસાર, આ કારણથી ૮૦-૯૦ ટકા આબાદીમાં રોગ પ્રતિરક્ષા વિકસિત થયા ઉપર મોટા પ્રમાણમાં રોગ પ્રતિરક્ષા વિકસાવવાનો લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. એનઆઈડીએમ ત્રીજી લહેરના સંકેત સૂચવતી અનેક ચેતવણીઓમાંથી સંકેતો લઈ રહી છે, તેમને સમજાવવાનો પ્રયાસ કરી રહી છે અને ત્રીજી લહેર સાથે વ્યવહાર કરવાની તૈયારી કરી રહી છે. આ પૃષ્ઠભૂમિમાં તે વિવિધ હિસ્સેદારો સાથે કાર્ય કરવા માટે એકીકૃત ભલામણો તૈયાર કરવાના પ્રયાસમાં લાગ્યા છે જે કેસમાં વધારો રોકવા અથવા તેને ઘટાડવા કામ કરે.

### બાળકો ઉપર રહેશે સૌથી મોટું જોખમ

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, રોગચાળાની ત્રીજી તરંગમાં બાળકો વધુ ગંભીર રીતે પ્રભાવિત થશે તેવા વ્યાપક ભયને સમર્થન આપવા માટે પૂરતો ડેટા નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે, બાળકો માટે એક મોટો પડકાર હોય શકે છે, કારણ કે ભારતમાં અત્યાર સુધી (ઓગસ્ટના પ્રથમ સપ્તાહ) બાળકો માટે કોઈ રસી મંજૂર કરવામાં આવી નથી.

### ત્રીજા લહેરનું પીક ઓક્ટોબરમાં આવી શકે

એનઆઈડીએમ રિપોર્ટમાં આઈઆઈટી કાનપુરના નિષ્ણાંતોના અંદાજોને ટાંકવામાં આવ્યા છે જે ત્રીજી લહેર માટે ત્રણ સંભવિત દ્રશ્યો સૂચવે છે. તેમણે કહ્યું કે, પ્રથમ સંજોગોમાં ત્રીજી લહેર ઓક્ટોબરમાં ટોચ ઉપર પહોંચી શકેછે અનેદરરોજ ૩.૨ લાખ કેસ થઈ શકે છે. બીજા સંજોગોમાં, વાયરસનુંનવું અનેવધુ ચેપી સ્વરૂપ ઉભરી શકે છે અને ત્રીજીલહેરસપ્ટેમ્બરમાં તેનીટોચ ઉપર પહોંચી શકે છે, જેમાં દરરોજ પાંચ લાખ કેસ અપેક્ષિત છે.

## તંત્રી લેખ

# શરિયા કાનૂનની કેટલી વિચારધારા ? તાલિબાની કાનુન બેહદ સખ્ત !

તાલિબાનોનો શરિયા કાનૂન કેવા છે તે સમજવું ઘણું જ મુશ્કેલ છે.... કારણ સૌથી વધુ રૂઢીવાદી વિચારધારા એટલે "હલબલી" અને તેમાં પણ બે શાખા છે "વહાબી" અને "સલાફી". જેને સાઉદી અરબ અને તાલિબાનો અપનાવે છે. જ્યારે કે સૌથી ઉદારવાદી વિચાર ધારા કે જે ઉદારવાદી તર્કો ઉપર આધારિત વિચારધારા છે. જેને "હનફી" કહે છે અને આ વિચારધારા પાકિસ્તાન, ભારત, મધ્ય એશિયા, ઈજીપ્ત, ચીન અને તુર્કીના સુન્ની મુસ્લિમો અપનાવે છે, જ્યારે કે "સૈફી" વિચારધારા મલેશિયા, યમન, ઈન્ડોનેશિયા અને બ્રૂનેઈ દારૂસલમમાં અપનાવવામાં આવે છે. અને "જફરી" વિચારધારા મુખ્ય રૂપે શિયા બહુમતી ઈરાનમાં અપનાવેલ છે. ટૂંકમાં વિશ્વના મુસલમાનોમાં વિવિધ વિચારધારાનો અમલ થઈ રહ્યો છે. ખરેખર તો શરિયાના નિયમો મૂળરૂપે "કુરાન" અને "હદિસ" નો સમન્વય છે. કુરાન ઈસ્લામનું સર્વોચ્ચ પવિત્ર પુસ્તક છે જેમાં અલ્લાહના સંદેશાઓનું સંકલન છે અને "હદિસ" પયગંબર મોહમ્મદે બતાવેલ વાતોનો સંગ્રહ છે, જે વાતો તેમના સાથીદારો- સહયોગીઓને બતાવી હતી. કુરાન હદીસ ઈસ્લામિક સ્કોલર્સ અને સમાજના મંતવ્યોના આધાર ઉપર શરિયા ચાલે છે. હદીસનું સંકલન જૂદા જૂદા સમૂહો કે જૂથોએ કર્યુ છે. ઈસ્લામિક સ્કોલર્સના નજરમાં પણ ફર્ક હોઈ શકે છે, એટલા માટે જ શરિયા કાનૂન ક્યાંક બેહદ સખ્ત છે અને ક્યાંક કેટલાક અંશે નરમ હોય છે. ટૂંકમાં ઈસ્લામમાં મુખ્ય રૂપે ચાર વિચારધારા છે. અરબીમાં શરિયાનો મતલબ રસ્તો થાય છે. શરિયા કોઈ લિખિત પુસ્તક નથી કે જેના આધાર ઉપર કોર્ટમાં નિર્ણય થઈ શકે કે કરવામાં આવી શકે. આ એક નૈતિક સિધ્ધાંત છે કે જે મુસલમાનોને અલ્લાહની મરજી અનુસાર જીવવાનો રસ્તો બતાવે છે. આમાં રોજિંદી જિંદગી, પરિવાર, ધાર્મિક અને પૈસાથી જોડાયેલ દિશા અને નિર્દેશ હોય છે.....!

અફઘાનિસ્તાનમાં ૧૯૯૯માં તાલિબાની શાસન હતું જેનો નિયમ હતો કોઈ મહિલા ઘરના પુરૂષ વગર બહાર નીકળી શકતી ન હતી. આવા સમયમાં એક મહિલાનો પતિ કામ ઉપર ગયેલ અને તે વધુ બીમાર પડતાં પોતાની પુત્રીનું મુંડન કરી છોકરાના કપડાં પહેરાવી દવાખાને પહોંચીદવા લીધી અને દવાખાના બહાર રસ્તામાં તાલિબાની સૈનિકોએ રોકી અને કાંઈ પણ પૂછ્યા વગર કોરડાનો વરસાદ વરસાવ્યો તે પડી ગઈ ત્યારે છોડી.... અને પછી મહિલા રોતી રોતી ઘરે પહોંચી. એજ રીતે એક ૧૫ વર્ષની છોકરીના લગ્ન કરી નાખેલ તેનો પતિ બહુ જ મારકુટ કરતો જેના કારણે તે ભાગી ગઈ પરંતુ તાલિબાનોએ તેને પકડી પાડી અને તેના પતિને પરત આપી અને તેના જ પતિએ તેનું નાક કાપી નાખ્યું. જોકે છોકરી ભાગી જાય તે તાલિબાનોને પસંદ નથી. એ જ રીતે કામ ઉપરથી પાછા ફરતી મહિલાનું તાલિબાનોએ આઈડી ચેક કરીને તેના માથા અને ગળામાં ગોળીઓ વરસાવી મોતને ઘાટ ઉતારી દીધી. એજ રીતે એક મહિલા ઉપર તેના પતિએ મારવાનો આરોપ મુકેલ તે મહિલાને ત્યાંના સ્પોર્ટસ મેદાનમાં પ્રેક્ષકોની હાજરી વચ્ચે માથા ઉપર ગોળીઓ ધરબી દેવામાં આવેલ..... ટુંકમાં તાલિબાનો તેની ક્રુરતા માટે કુખ્યાત છે. તાજેતરમાં અફઘાનિસ્તાન કબજે કર્યા બાદ અનેક મહિલાઓને તાલિબાનીઓ સાથે જબરજસ્તીથી પરણાવી દેવામાં આવી છે કે સોંપી દીધી છે, વિરોધ કરનારી મહિલાઓને ગોળીઓ ધરબી દેવામાં આવે છે, તાલીબાનો શરિયા કાનૂન હેઠળ મહિલાઓની આંખો કાઢી નાખવી, નાક કાપી નાખવું કે ગોળીઓ ધરબી દેવા સુધી ક્રૂરતા આચરે છે.... એટલા માટે તાલીબાનોનો વિરોધ વિશ્વભરમાં થઈ રહ્યો છે. જોકે તેમાં પાકિસ્તાન અને ચીન વિરોધ કરવાથી બાકાત છે.... છતાંય સ્વાત ખીણમાં તાલિબાનો રાજ ભોગવે છે અને પાક. સરકાર પણ ચૂપ છે.....!! લોકો તાલીબાનોને બિકના માર્યા સામનો કરતા નથી પરંતુ ગુલામ જેવી જીંદગી બસર કરે છે...!!

# આત્મનિર્ભરતા કે ગુલામી : કેન્દ્ર સરકાર રૂા.૬ લાખ કરોડની મિલકતો સ્વદેશી કે વિદેશી કંપનીઓને ભાડે કે ભાડાપટે આપશે !

નવી દિલ્હી તા.૨૬

કેન્દ્ર સરકારે તેની માલિકીની મિલકતો વેંચીને ૨૦૨૪-૨૫ સુધીમાં રૂા.૬ લાખ કરોડ મેળવવાનું નક્કી કર્યુ છે. નાણાં પ્રધાને જાહેર કર્યુ છે કે સરકાર પોતાની માલિકીની જમીનો કે અસ્કામતો વેંચી રહી નથી પણ તે રસ્તા, વિદ્યુત મથકો, વિમાની મથકો, સ્ટેડિયમ, વખારો, ગેસની પાઈપલાઈન, રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાંથી આવક ઊભી કરી રહી છે એમ નાણાં પ્રધાને કહ્યું છે. એટલે તેમાં કામો કે મિલકતો વેંચવાની નથી પણ મિલકતોની ઉત્પાદક ઉપયોગ કરવાનો છે એવો સરકારનો દાવો છે. કેન્દ્ર સરકાર આ મિલકતો સ્વદેશી અને વિદેશી રોકાણકાર કંપનીઓને ભાડે કે ભાડાપટે આપશે એમ માની શકાય. દેશની કંપનીઓને આ મિલકતો અપાય ત્યાં સુધી તો સમજ્યા, પણ જો એ વિદેશી કંપનીઓને આપવામાં આવે તો તે આત્મનિર્ભર ભારત ઊભું કરવાની દિશાનું પગલું કેવી રીતે કહેવાય ? નાણાંપ્રધાને પોતે જ કહ્યું છે કે વિદેશી રોકાણ પણ આ માટે મેળવવામાં આવશે. એનો અર્થ તો એવો થાય કે દેશની ઘણી સરકારી મિલકતો વિદેશી કંપનીઓના હાથમાં ઓછાવત્તા પ્રમાણમાં જતી રહેશે. આ કંપનીઓ કઈ દેશની કે દેશના લોકોની સેવા કરવા ભારતમાં આવતી નથી પણ નફો કરવા આવે છે. દેશ આ રીતે આર્થિક રીતે વધુ ગુલામ બની શકે છે. આમેય દેશમાં હાલ ૩,૮૦૦ કરતાં વધુ વિદેશી કંપનીઓ કામ કરે જ છે અને વધુ ને વધુ વિદેશી કંપનીઓને સરકાર વિદેશી રોકાણ આકર્ષવા માટે લાલ જાજમ બિછાવીને બોલાવે જ છે. આમ જુઓ તો આ ધંધો ૧૯૯૧થી શરૂ થયેલો છે. દેશના રાજકારણનું કંપનીકારણ થઈ રહ્યું છે કારણ કે સરકારી મિલકતોનું કંપનીકરણ થઈ રહ્યું છે વળી, સરકાર પોતે જ આ મિલકતોનો વિકાસ કરી શકે એમ છે. સરકાર એટલી તો સક્ષામ છે જ, એમાં ખાનગી કંપનીઓની અને તેમાં પણ વિદેશી કંપનીઓની શી આવશ્યકતા છે ? સરકાર પાસે જે કંઈ વિકાસ કરવો છે તેને માટે પૈસા ના હોય તો દેશની બેંકો પાસે તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ રૂા.૧૫૧ લાખ કરોડની થાપાનો છે જ અને સરકાર તે વ્યાજે લઇ શકે છે. દેશના ૧૦ કરોડ પરિવારો પાસે પણ બચત છે જ એટલે જો સરકાર ઈચ્છે તો તે વ્યાજે માંગી શકે છે. ભલે સરકારનું દેવું વધે, આંતરિક દેવાની ચિંતા કરવાની જરૂર છે જ નહિ, પણ સરકાર એમ કરતી નથી એ બતાવે છે કે સરકારનો ઈરાદો જ ગમે તે ભોગે ખાનગીકરણ કરવાનો છે. જેમ વધુ વિદેશી કંપનીઓ આવશે તેમ વિદેશી દેવું વધશે એ નક્કી છે.

### માળખાગત સવલતો

નાણાં પ્રધાન એમ કહી રહ્યા છે કે, દેશમાં જે રૂા.૧૧૦ લાખ કરોડની માળખાગત સવલતોના વિકાસની યોજના બનાવવામાં આવી છે તેને માટે આ નાણા ખર્ચવામાં આવશે. આ રકમ રૂા.૧૦૦ લાખ કરોડની છે એમ આઝાદી દિને વડા પ્રધાને તેમના લાલ કિલ્લા ઉપરના ભાષણમાં જાહેર કર્યું હતું. સાચો આંકડો કર્યો ? આ રકમ તો કુલ રકમના પાંચ ટકા જેટલી માંડ થાય છે. તો બાકીની રકમ ક્યાંથી આવશે ? ભારત ૧ ૨૦૨૧-૨૨નું બજેટ તો રૂા.૩૪.૮૩ લાખ કરોડનું જ છે. એટલે ચાલુ વર્ષ સહિત આગામી બીજા બે વર્ષના બજેટ માત્ર માળખાગત સવલતોના વિકાસ માટે જ વપરાય તો મેળ પડે એટલે આ રકમ પોતે જ એક જુમલો લાગે છે. વળી, માળખાગત સવલતો વેંચીને માળખાગત સવલતોનો વિસ કરવાનો ? આ તો એક વિચિત્ર બાબત જ લાગે છે ! માળખાગત સવલતોની વાત કરવામાં આવે છે ત્યારે ટેલિકોમ રેલવે, રસ્તા અને બંદરો અને વિમાની મથકો વગેરેની જ વાત મોટે ભાગે કરવામાં આવે છે. તેમાં મહદંશે શિક્ષાણ અને આરોગ્યની સવલતો વિષેની પ્રાથમિકતા આવતી જ નથી, શું જે રૂા.૬ લાખ કરોડ ઊભા થશે તેમાંથી દેશની ૬ લાખ શાળાઓને શિક્ષાકો સાથે આધુનિક બનાવી શકાય કે નહિ ? સરકાર એ માર્ગે વિચારી શકે કે નહિ ? એવી એની દાનત છે કે નહિ ? સરકારની બજેટની ખાધ ઓછી આ છ લાખ કરોડથી થોડી ઓછી થઈ શકે છે પણ તેથી સામાન્ય લોકોની જીંદગીમાં કોઈ મોટો તફાવત ઊભી થાય એમ લાગતું નથી. જે મિલકતો તદ્દન બિન-ઉપજાઉ હોય તે વેંચાય તો તેની સામે વાંધો ના જ હોઈ શકે. પણ તે કોને કયા ભાવે કેટલા સમયગાળા માટે વેંચાય છે તે મહત્ત્વનું બને છે. તેમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન મિલકતોના મૂલ્યની આકારણીનો છે. રૂા.૧૦૦ કરોડની મિલકત રૂા.૨૫ કરોડમાં કોઈક દેશી-વિદેશી કંપનીને પધરાવી દેવામાં આવે એમ પણ બની શકે છે. વ્યૂહાત્મક વેંચાણને નામે જ્યારે કેટલીક સરકારી કંપનીઓ ખાનગી કંપનીઓને આખેઆખી વેંચી દેવામાં આવી ત્યારે આવું બન્યું જ હતું તેમ ખાનગીકરણનો ભારતનો ઈતિહાસ બોલે છે. એટલે વેંચાણમાં પારદર્શિતા અને પ્રમાણિકતા કેટલી રહેશે તે મોટો સવાલ છે. આ માટેની કોઈ જ વ્યવસ્થા આખી યોજનામાં ક્યાંય દેખાતી નથી.

### પીપીપી મોડેલમાં પારદર્શિતાનો અભાવ

સરકાર એમ પણ કહી રહી છે કે, તે પીપીપી એટલે કે જાહેર ખાનગી ભાગીદારીના મોડેલ ઉપર આ મિલકતો ભાડે કે ભાડાપટે આપશે, જે કંપનીઓ આ મિલકતો ભાડે કે ભાડાપટે લેશે તેઓ નફો કરવાના ઈરાદાથી જ લેશે કોઈ કંપની ટ્રેન ભાડાપટે લેશે તો એ ટ્રેનમાં થતા પ્રવાસનાં ભાડા વધશે કે નહિ ? જે રેલવે સ્ટેશન ખાનગી કંપની લેશે તે કેવી રીતે એમાંથી નફો કમાશે ? એવુ જ રસ્તા માટે પણ થશે, એ રસ્તા ઉપર ટોલટેક્સ કેટલો લાગો ર દેશમાં કેન્દ્ર સરકારે કે રાજ્ય સરકારે જ્યાં પણ પીપીપી મોડેલ ઉપર મિલકતો ભાડે કે ભાડાપટે આપી છે તે મિલકતો પાછી સરકારને મળી હોવાનો કોઈ દાખલો જાણમાં નથી. જેમ કે, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે આ એક્સપ્રેસ વે ઉપરનું ભાડું તો વરસોવરસ વધતું જ જાય છે એ એક હકીકત છે. આ એક્સપ્રેસ વે ક્યારે સરકારની માલિકીનો થવાનો છે ? કંપનીઓ સાથેના આવા પીપીપીના કરારોની વિગતો પણ જાહેર કરવામાં આવતી નથી. વળી, સરકાર પાસે માહિતીના અધિકાર હેઠળ અરજી કરીને પણ આવા કરારોની વિગતો માંગવામાં આવે છે ત્યારે તે આપવામાં આવતી નથી. કેટલાને ખબર છે કે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે જે કંપનીએ બનાવ્યો છે તે રસ્તો ક્યારે સરકારનો બનશે, તેમાં ભાડું ક્યારે ક્યારે કેટલું વધારી શકાય ? એટલે જે સરકાર જ્યારે ખાનગી કંપનીઓ દ્વારા વિકાસનું કામ કરે છે ત્યારે તેમાં પારદર્શિતાનો સદંતર અભાવ રહે છે એ સામાન્ય અનુભવ રહ્યો છે. વાત સુશાસનની થાય છે પણ એ ક્યાંય સમ ખાવા પૂરતું પણ નજરે પડતું નથી. શું સરકાર આ આખી યોજનામાં સરકારી મિલકત કોને, કયા ભાવે અને કેટલા વર્ષ માટે આપવામાં આવી તે જાહેરખબર આપીને જાહેર કરશે ખરી ? સ્વપ્રશસ્તિની મસમોટી જાહેરખબરો આપવામાંથી સરકાર નવરી પડે તો જ તેને આ સૂઝે.

### સરકારી મિલકત એટલે કયા લોકોની મિલકત

યાદ રાખો, આ મિલકતો દેશના લોકોના કરવેરા અને લોકોએ સરકારને આપેલા દેવામાંથી ઊભી થઈ છે. સરકારની મિલકત એટલે લોકોની મિલકત જો સરકાર એ મિલકતો ભાડે કે ભાડાપટે આપે તો લોકોને તે મિલકત મળવી જોઈએ. સરકાર લોકોને આ મિલકત પાછી આપવાના રસ્તા શોધી શકે છે પણ તે શોધતી નથી. સરકાર એમ કહી રહી છે કે જે તે ખરીદાર કંપનીએ જે તે મિલકત અમુક સમય પછી સરકારને પાછી આપવાની રહેશે. જો એમ જ હોય તો એનો સમયગાળો કેટલો રહેશે ? જે તે મિલકતને વધુ આધુનિક બનાવવાનું કામ સરકાર પોતે કરી શકે છે. વાસ્તવમાં, સરકારી મિલકત કોના હાથમાં કયા ભાવે શા માટે અને કેટલા સમય માટે જાય છે તે વધારે મહત્ત્વનું છે. હા, સરકારે ઓએનજીસી કે આઈઓસી વગેરે જેવી અનેક કંપનીઓના શેર અગાઉ વેચ્યા અને હવે એલઆઈસીના પણ વેચવા જઈ રહી છે, એવું ચોક્કસ કહી શકાય કે સરારની મિલકત લોકોના હાથમાં જ આવી રહી છે, પણ સવાલ એ છે કે આ લોકો કોણ છે કે જેમના હાથમાં સરકારની આ કંપનીઓના શેર આવ્યા છે ? દેશમાં શેર બજારમાં રોકાણ કરનારા લોકોની સંખ્યા ૬ કરોડથી વધારે તો નથી જ. શું આ દેશના સામાન્ય લોકો છે ? સામાન્ય લોકોને તો શેર બજાર શું છે એની ખબર સુદ્ધાં નથી. સરકારની મિલકત થોડા લોકોની કે થોડી કંપનીઓની ખાનગી મિલકત બની રહી છે અને સરકારની આ યોજનાથી એ પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પરવશતા એ પણ એક પ્રકારનું નર્ક છે.

- આદિશંકરાચાર્યજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ વદ-૪ બૃહસ્પતિ પૂજન, પંચક (રાત્રે ૧૦:૨૯ ક.થી સમાપ્ત) તા.૨૬ ઓગષ્ટ ૨૦૨૧, ગુરૂવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૧૭, રેવતી નક્ષત્ર, ગંડ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૨, સૂ.અ.૧૯:૧૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), રાત્રે ૧૦:૨૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : પરિવારજનોમાં યશની પ્રાપ્તિ થાય. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.
વૃષભ : નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.
મિથુન : આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કાર્યમાં સફળતા મળે.
કર્ક : વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.
સિંહ : નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.
કન્યા : નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.
તુલા : કાર્યમાં વિલંબથી સફળતા મળે. વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ.
વૃશ્ચિક : કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.
ધન : મહત્વના નિર્ણયો લઈ શકશો. દિવસ આનંદ ભર્યો પસાર થાય.
મકર : વ્યાપાર ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.
કુંભ : સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
મીન : સ્નેહિજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

# શિવજીના અવધુતેશ્વર અવતારની કથા



## શ્રાવણ સત્સંગ

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

એક વખત દેવરાજ ઈન્દ્ર દેવતાઓને ગુરૂ શ્રી બ્રહ્મસ્પતીજી સાથે સંપૂર્ણ દેવલોકના દેવતાઓને લઈને ભગવાન શિવજીના દર્શન કરવા માટે કૈલાશ પર્વત ઉપર જવા નિકળ્યા. ભગવાન શિવજીએ ઈન્દ્ર અને બૃહસ્પતિની પરીક્ષા લેવાનું નક્કી કર્યુ. તેમણે દિગંબર - અવધુતનું રૂપ લીધું. પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી રૂપથી મહાભંયર દેખાવ હોવા છતાં તેમની મુખાકૃતિ દિવ્ય આભાથી યુક્ત રહી ગયા. ઈન્દ્ર અને બૃહસ્પતિએ આ જોયું. ઈન્દ્રને અભિયાન હતું. અભિમાનમાં સત્યનું દર્શન થતું નથી. તેથી તે જાણી ન શક્યા કે તેમની સામે સાક્ષાત શિવજી રૂપ બદલીને ઉભા છે. અભિયાનના મદમાં ચકચુર ઈન્દ્રએ અવધુતરૂપે રહેલા શિવજીને પુછ્યું, 'અલ્યા તુ કોણ છો ? આ વિચિત્ર વેશે અમારો માર્ગો રોકી ને કેમ ઉભો છો? હુ દેવરાજ ઈન્દ્ર છુ અને અમારા ગુરૂ અને દેવતાઓ સાથે શિવજીના દર્શને જઈ રહ્યો છું. અમને માર્ગ આપ.' આ રીતે વારંવાર કહેવા છતાં પણ અવધુતરૂપ ધરેલા શિવજી કંઈ ન બોલ્યા. ત્યારે ગુસ્સે ભરાયેલા ઈન્દ્રએ કહ્યું, 'હું તને વારંવાર કહુ છું તું જવાબ જ નથી આપતો. હવે તને મારવો જ પડશે.' એમ કહી અને ઈન્દ્રએ વ્રજ ઉગામ્યું. પરંતુ અવધુત રૂપે રહેલા શિવજીએ દ્રષ્ટિ માત્રથી ઈન્દ્રનો વ્રજવાળો હાથ જ જકડાઈ ગયો. પરંતુ આ સમયે શિવજીએ લીધેલા ઉગ્ર રૂપને દેવગુરૂ બૃહસ્પતિ ઓળખી ગયા. તે શિવજીના ચરણોમાં પડી ગયા અને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે દીનોના નાથ મહાદેવ, અમે તમને ઓળખી ન શક્યા ક્ષમા કરો.' આ સાંભળી અને દેવરાજ ઈન્દ્ર પણ તે અવધુત વેશધારી શિવજીના ચરણોમાં પડી પ્રણામ કરવા લાગ્યો. બૃહસ્પતિ વધુમાં કહેવા લાગ્યા કે, 'હું અને દેવરાજ આપને ઓળખી ન શક્યા. અમે આપના શરણે છીએ. અમને બંન્નેને ક્ષમા કરો.' આ સમયે શિવજીના ક્રોધથી એક જ્વાળા નિકળી. આ જ્વાળા એવી હતી કે, દેવો સહિત ઈન્દ્ર અને બૃહસ્પતિને બાળી નાખે. બૃહસ્પતિ એ તે જ્વાળાને શિવજીને પરત ગ્રહણ કરવા વિનંતી કરી. શિવજીનો ગુસ્સો શાંત થયો. તેમણે કહ્યું, 'જેમ સર્પ પોતાની કાચલી ઉતારી દે છે પછી તે પાછો ગ્રહણ નથી કરી શકતો તેમ આ જ્વાળા પણ પાછી ગ્રહણ નહીં કરી શકું.' કહી તે જ્વાળાને પકડી તેમણે સમુદ્રમાં ફેકી દીધી. ત્યાં તે જ્વાળા એ બાળકનું રૂપ લીધુ અને સિંધુપુત્ર જલન્ધરના નામે તે વિખ્યાત થયો. આ સિંધુપુત્ર પછી અસુરોનો રાજા થયેલો. જેના ત્રાસથી દેવતાઓ શિવજીના શરણે ગયેલા. શિવજીએ તેનો વધ કરેલો. અવધુતેશ્વર પાસે દેવરાજ ઈન્દ્ર અને દેવગુરૂ બૃહસ્પતિએ પ્રાર્થના કરી પ્રણામ કર્યા એટલે તેમણે પોતાનું મુળ સ્વરૂપ પ્રગટ કરી સૌને દર્શન આપ્યા અને આશીર્વાદ આપ્યા.

# કેન્દ્ર સરકાર ઈંધણ ઉપરના ટેક્સથી એક જ હપ્તામાં ઓઈલ બોન્ડની પૂર્નઃ ચુકવણી કરી શકે તેમ છે

નવી દિલ્હી તા.૨૬

વધતા જતાં ઈંધણના ભાવોના મામલે પ્રજાના આક્રોશનો સામનો કરી રહેલ કેન્દ્ર સરકારે આ સ્થિતિ માટે અગાઉની યુપીએ સરકાર ઉપર દોષનો ટોપલો ઢોળ્યો છે અને ઈંધણ ઉપર કરવેરા ઘટાડવા માટે પોતાની નિઃસહાયતા વ્યક્ત કરી છે. આ વર્ષે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અભૂતપૂર્વ વધારો થયો છે જેના કારણે નાગરિકોના ઘરના બજેટ ઊંધા-ચત્તા થઈ ગયાં છે. અધૂરામાં પૂરૂ કોવિડ મહામારીને કારણે આર્થિક વિનાશનો પ્રજા સામનો કરી રહી છે. નાણાં મંત્રાલયના બ્રિફીંગમાં નિર્મલા સીતારમને જણાવ્યું હતું કે, યુપીએ પેટ્રોલના ભાવો નીચા રાખવાનો યશ લીધો છે પરંતુ આજે સરકાર યુપીએ જે પ્રયુક્તિઓ કરી હતી તેને ભોગવી રહી છે. હું તમને યુપીએ દ્વારા ૨૦૧૨માં ઈસ્યૂ કરવામાં આવેલ રૂા.૧.૪૪ લાખ કરોડના ઓઈલ બોન્ડને કારણે કોઈ રાહત આપી શકુ નહીં. તેમણે ઉમેર્યુ હતું કે સરકારે આ બોન્ડ ઉપર વ્યાજ તરીકે રૂા.૧૭૦૧૯૫ કરોડ ચૂકવ્યાં છે. આખરે આ ઓઈલ બોન્ડ છે શું? જયારે ઈંધણના ભાવો અંકુશમુક્ત ન હતાં ત્યારે જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ(ઓએમસી) પેટ્રોલ અને ડીઝલ બજાર કરતાં નીચા ભાવે વેચીને અન્ડરરીકવરીઝનો સામનો કરી રહ્યાં હતાં. સરકાર તેમને ઓઈલ બોન્ડ ઈસ્યૂ કરીને તેનું વળતર ચુકવતી હતી. આ ઓઈલ બોન્ડ ૧૫થી ૨૦ વર્ષના હતાં અને વાર્ષિક ઈન્ટરેસ્ટ આપવાનું થતું હતું. યુપીએ સરકારે રૂા.૧.૪૪ લાખ કરોડના એક સાથે આવા બોન્ડ ઈસ્યૂ કર્યા હતાં જેને કારણે સરકાર સબસીડી ઉપરના ખર્ચને ડીફર કરી શકતી હતી અને રાજકોષિય ખાધને મેનેજ કરી શકતી હતી. નાણા પ્રધાન જ્યારે એવું કહે છે કે ભાજપ યુપીએ સરકારે ઊભો કરેલ બોજ વહન કરી રહી છે ત્યારે તેઓ આંશિક રીતે સાચા છે. પરંતુ એનડીએ સરકારે પોતાના શાસનાકાળ દરમ્યાન પેટ્રોલ અને ડીઝલ ઉપર અનેક વખત એક્સાઈઝ ડ્યૂટી વધારી છે. સરકાર હાલ પેટ્રોલ ઉપર પ્રતિ લિટર રૂા.૩૨૯૦ની એક્સાઈઝ ડ્યૂટી વસુલે છે જ્યારે ડીઝલ ઉપર રૂા.૩૧.૮૦ની એક્સાઈઝ વસુલે છે. પેટ્રોલ અને ડીઝલ ઉપરનો ભાવ વધારો એટલો તીવ્ર છે કે ઈંધણ દ્વારા એક્સાઈઝ ડ્યૂટીની વસુલાત ૨૦૧૪-૧૫માં ૭૨ટકા હતી તે વધીને ૨૦૨૦-૨૧માં ૨૦૨૦-૨૧માં ૯૫ ટકા થઈ ગઈ છે. છેલ્લા સાત વર્ષમાં એનડીએના શાસનામાં રૂા.૧૫.૬ લાખ કરોડની એક્સાઈઝ ડ્યૂટી વસુલી છે જે ઓઈલ બોન્ડની જેટલી બાકી રકમ નીકળે છે તેનાથી ૧૨ ગણી છે. આ રકમનો ઉપયોગ સરળતાથી યુપીએ બોન્ડની પૂર્નઃ ચુકવણીમાં થઈ શક્યો હોત. બીજું એક્સાઈઝ ડ્યૂટીની વસુલાત પેટ્રોલ ડીઝલના ભાવ વધારાને કારણે જ વધી છે એવું નથી પરંતુ વપરાશમાં વધારો થવાથી પણ આ એક્સાઈઝ ડ્યૂટી વધી છે. ૨૦૧૪-૧૫માં એક્સાઈઝ ડ્યૂટી કલેક્શન રૂા.૯૯૦૦૦ કરોડ હતું તે વધીનો ૨૦૨૦-૨૧માં રૂા.૩.૭૧ લાખ કરોડ થઈ ગયું છે. આમ નાણાં પ્રધાને દાવો કર્યા મુજબ કેન્દ્ર સરકાર નિઃસહાય નથી.

# પાકિસ્તાનનાં તાલિબાન સાથે ગહન સંબંધો ભારત માટે સમસ્યારૂપ

મોસ્કો તા.૨૬

રશિયા અને બ્રિટીશ સામ્રાજ્યો અફઘાનિસ્તાનના મામલે ૧૯મી સદીમાં બાખડ્યાં હતાં અને ૨૦મી સદીમાં અમેરિકા અને સોવિયેત સંઘ આ મામલે યુદ્ધે ચડ્યાં હતાં. તાલિબાનો હવે જયારે આ વ્યૂહાત્મક રાષ્ટ્રનો કબજો લીધો છે ત્યારે હવે પાકિસ્તાન અને ચીન વચ્ચે એક નવો ખેલ શરૂ થઈ ગયો છે કારણ કે નવા ખેલમાં પાકિસ્તાનનો કંટ્રોલ જોઈને ચીન હવે આ પ્રદેશ ઉપર પોતાની પક્કડ જમાવવા માંગે છે. પાકિસ્તાનનો તાલિબાન સાથે ગહન સંબંધો છે અને તેના ઉપર આ આતંકી જૂથનો સમર્થન આપવાનો આરોપ મૂકાયો છે. જો કે આ આક્ષેપો ઈસ્લામાબાદે ફગાવી દીધાં છે. ગત સપ્તાહે જ્યારે તાલિબાનો કાબુલ ઉપર કબજો જમાવ્યો ત્યારે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાનો જણાવ્યું હતું કે અફઘાનો ગુલામીની ઝંઝીરો તોડી નાખી છે. તાલિબાનોએ પોતાની સરકારનું મોડલ તૈયાર કરવા ચર્ચાઓ શરૂ કરી કે મીડિયા રિપોર્ટમાં એવું જણાવાયું કે તેમાં કેટલાક પાકિસ્તાની અધિકારીઓ પણ સંડોવાયા છે. ચીન અગાઉ અફઘાનિસ્તાન સાથે સંકળાયેલ ન હતું પરંતુ પાકિસ્તાન સાથે મજબૂત જોડાણ ધરાવે છે એટલે ચીને તાલિબાનને દેશના ખનિજના ખજાનાથી લલચાઈને પ્રલોભન આપ્યું છે કારણ કે ત્યાં લિથિયમનો પણ વિશાળ ભંડાર હોવાથી ઈલેક્ટ્રીક વાહનોનો તે મહત્વનો ભાગ હોવાથી ચીનને હવે અફઘાનિસ્તાનનું પ્રલોભન થયું છે. જો કે ચીન એવું કહે છે કે તાલિબાન સુધી પહોંચ બનાવવાનો તેનો મુખ્ય હેતુ પશ્ચિમ શિનજિયાંગ પ્રાંતને ચીન વિરોધી ઈસ્ટ તૂર્કિસ્તાન ઈસ્લામિક મૂવમેન્ટ (ઈટીઆઈએમ)ના ત્રાસવાદીઓથી બચાવવાનો છે કારણ કે તેઓ હવે અફઘાનિસ્તાનમાં રાજ્યાશ્રય માગી શકે છે. પાકિસ્તાન ભારત વિરૂદ્ધ અફઘાનિસ્તાનને ટેકો આપીને પોતાની સ્થિતિ મજબૂત કરવા માગતું હશે પરંતુ ચીનના કિસ્સામાં આવું નથી એવું સિચુઆન યુનિવર્સિટીના સાઉથ એશિયન સ્ટડીઝના પ્રો.જાન્ગ લીએ જણાવ્યું છે. ચીનની મુખ્ય ચિંતા હવે એક સર્વસમાવેશક અને મવાળવાદી શાસનની રચના તાલિબાન કરે એ બાબતે છે કે જેથી ત્રાસવાદ શિનજિયાંગ સુધી પહોંચે નહીં. અમેરિકન સરકાર કહે છે કે ઈટીઆઈએમ વિધિવત સંગઠન તરીકે અસ્તિત્વ ધરાવતું નાથી. પરંતુ તેના બદલે ચીનાનો ઈરાદો શિનજિયાંગ પ્રાંતમાં ઉઈગર સહિતના મુસ્લિમ વંશીય સમુહોને હેરાન કરવા માટે તેનો ઉપયોગ કરવા માંગે છે. આમ અફઘાનિસ્તાનમાં ભારત, ચીન અને પાકિસ્તાનને પોતપોતાના સ્પર્ધાત્મક હિતો છે. ભારતનો ૧૯૯૬થી ૨૦૦૧ વચ્ચે અફઘાનિસ્તાન ઉપરના તત્કાલીન તાલિબાનરાજની કડવી યાદો છે અને એ જ રીતે પાકિસ્તાન સાથે તાલિબાનની સાંઠગાંઠ પણ ભારત માટે ચિંતાજનક છે. ૧૯૯૯માં ઈન્ડિયન એરલાઈન્સનું વિમાન હાઈજેક કરીને દક્ષિણ અફઘાનિસ્તાનના કંદહારમાં લઈ જવાયું હતું અને એ વખતે નાવી દિલ્હીને પ્રવાસીઓની સુરક્ષા અને વાપસીના બદલામાં પાકિસ્તાનના ત્રણ ખૂંખાર આતંકવાદીઓને છોડવા પડ્યાં હતાં અને તાલિબાને હાઈજેકર્સને અને છોડાયેલા કેદીઓને પાકિસ્તાન લઈ જવા દીધાં હતાં. આ ઉપરાંત ભારતના અફઘાનિસ્તાનના તમામ ૩૪ પ્રાંતમાં વિકાસકીય પ્રોજેક્ટ્સ પણ છે કે જેમાં કાબુલની સંસદીય ઈમારતનો પણ સમાવેશ થાય છે.

# માનવતાએ એમેઝોનને કાર્બનના દોહનથી સ્ત્રોત તરફ દોર્યું : વૈજ્ઞાનિકો

ન્યુયોર્ક તા.૨૬

જો કે તાજેતરના સંશોધનમાં એમેઝોનએ વાતાવરણમાં શોષણ કરતા વધુ $CO_2$ અને ન્ય ગ્રીનહાઉસ વાયુઓ નાખવા અંગે ચિંતા વધારી છે, નેચર જર્નલમાં પ્રકાશિત થયેલા નવા તારણો વૈજ્ઞાનિકો અને આબોહવા દ્વારા પ્રથમ તરીકે રજૂ કરવામાં આવ્યા. ૨૦૧૦થી ૨૦૧૮ સુધી નવા અભ્યાસ માટે સંશોધકો - બ્રાઝિલની નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર સ્પેસ રિસર્ચની લ્યુસિયાના ગાટ્ટીની આગેવાનીમાં એમેઝોનિયામાં ચાર સ્થળોએ વૃક્ષની છત્ર ઉપર થોડા માઈલ ઉપર કાર્બન ડાયોક્સાઈડ અને મોનોકસાઈડનું વર્ટિકલ પ્રોફાઈલિંગ માપન હાથ ધર્યું. સંશોધકોએ શોધી કાઢયું કે દક્ષિણપૂર્વ એમેઝોનિયામાં ખાસ કરીને ચોખ્ખા કાર્બન સ્ત્રોત તરીકે કામ કરે છે અને પશ્ચિમ ભાગની તુલનામાં પૂર્વીય એમેઝોનિયામાં કુલ કાર્બન ઉત્સર્જન વધારે છે. તેઓએ નોંધ્યું છે કે ભૂતપૂર્વ અને તાજેતરના દાયકાઓમાં જંગલોની કાપણી, ઉષ્ણતામાન અને ભેજ જેવા તણાવનો સામનો કરવો પડયો છે. નેચર સાથેના એક લેખમાં કોલોરાડો સ્ટેટ યુનિવર્સિટીના વાતાવરણીય વૈજ્ઞાનિક વિભાગના પ્રોફેસર સ્કોટ ડેનિંગે લખ્યું કે પેપરની વાતાવરણીય રૂપરેખાઓ દર્શાવે છે કે અચોક્કસ ભવિષ્ય થઈ રહ્યું છે. પ્રશ્નોના ઈમેઈલ કરેલા જવાબમાં ડેનિંગ નવા અભ્યાસનો પ્રથમ વાસ્તાવિક મોટાપાયે માપ તરીકે પ્રશંસા કરી. આ ઘટના જંગલ સ્થળો ઉપર પરંપરાગત માપદંડથી આગળ પરિણામો દર્શાવે છે. પૂર્વીય એમેઝોનિયામાં ઉષ્ણતામાન અને વન નાબૂદીએ કાર્બન સિંકને પ્રાદેશિક ધોરણે ઉલટાવી દીધી છે અને વાસ્તવમાં પરિવર્તન દેખાઈ રહ્યું છે. અખબારના જણાવ્યા મુજબ જેણે ગોમાંસ અને સોયા ઉત્પાદન માટે ઈરાદાપૂર્વક આગ લગાડવાના ઉત્સર્જનની ભૂમિકા તેમજ બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારાએ વધતા વન નાબૂદીને પ્રોત્સાહન આપવા માટે જે વૈશ્વિક ટીકાનો સામનો કરવો પડયો હતો તેની નોંધ લીધી છે. ઓછા વૃક્ષો એટલે ઓછો વરસાદ અને વધારે તાપમાન, બાકીના જંગલ માટે સૂકી મોસમ વધુ ખરાબ બનાવે છે. એમઝોનામાંથી મોટાભાગના લાકડા, માંસ અને સોયા બ્રાઝિલમાંથી નિકાસ થાય છે. ગેટ્ટીએ કહ્યું, એમેઝોનને બચાવવા માટે વૈશ્વિક કરારની જરૂર છે. યુરોપિયન રાષ્ટ્રોએ કહ્યું છે કે તેઓ ઈ.યુ.ને અવરોધિત કરશે. બ્રાઝિલ અને અન્ય દેશો સાથે વેપાર સોદો જયાં સુધી બોલ્સોનારો એમેઝોનિયન વિનાશનો સામનો કરવા માટે વધુ કરવા માટે સંમત ન થાય. નેચર કલાઈટમેટ ચેન્જના પ્રકાશિત થયેલા એપ્રિલના અભ્યાસને પણ નવા તારણો અનુસરે છે, જે બ્રાઝિલ ઉપર કેન્દ્રિત છે, જે નવ દેશોમાં ફેલાયેલા અતિઉત્સાહી જૈવવિવિધ અને જોખમી વરસાદી જંગલોનું ઘર છે. ડેનિંગ કહે છે કે તેઓ ધરમૂળથી અલગ અલગ પદ્ધતિઓ સાથે પૂરક અભ્યાસ કરે છે જે ખૂબ સમાન તારણો ઉપર આવે છે. કલ્પના કરો કે જો એમેઝોનમાં આગને પ્રતિબંધિત કરી શકીએ તો તે કાર્બન સિંક હોઈ શકે છે. ગટ્ટીએ જણાવ્યું કે ખેતી માટે છેલ્લા વરસાદી જંગલોના ભાગનો રૂપાંતરિત કરવાની નકારાત્મક અસરને નોંધી. પરંતુ અમે તેનાથી વિરૂદ્ધ કરી રહ્યા છીએ. અમે આબોહવા પરિવર્તનને વેગ આપી રહ્યા છીએ.

# તાલિબાનનાં હાથમાં આવેલા અમેરિકન હથિયારો ભારત પહોંચતા પહેલાં પાકિસ્તાનમાં પાયમાલી સર્જી શકે છે : સેના અધિકારીઓ

નવી દિલ્હી તા.૨૬

આર્મીના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું છે કે, તેઓનું માનવું છે કે, અફઘાન આર્મી પાસેથી તાલિબાન દ્વારા જપ્ત કરાયેલા અમેરિકન હથિયારો ભારતમાં મોકલવાનો પ્રયાસ કરવામાં આવે તે પહેલાં પાકિસ્તાનમાં વિનાશ સર્જશે તેવી શકયતા છે. અફઘાન સેનાએ તાલિબાન સમક્ષ આત્મસમર્પણ કર્યા બાદ અને તેના તમામ હથિયારો આપી દીધા બાદ પાકિસ્તાન આર્મી અને તેના સમર્થિત આતંકવાદી જૂથોને આ હથિયારોનો મોટો પુરવઠો મળી રહ્યો છે. લશ્કરના ટોચના સૂત્રોએ ઈન્ડિયા ટુડે ટીવીને કહ્યું હતું કે, 'અફઘાનિસ્તાનમાં તાલિબાનની જીતથી પાકિસ્તાનમાં આઈએસઆઈ સમર્થિત આતંકવાદી જૂથોને જે રીતે મજબૂત કરવામાં આવ્યા છે, તેથી સંભવ છે કે, આ હથિયારોનો ઉપયોગ ભારત પહોંચતા પહેલાં પાકિસ્તાનમાં જ હિંસા માટે કરવામાં આવશે.' તાલિબાન દ્વારા લૂંટવામાં આવેલા હથિયારોમાં પાંચ લાખથી વધુ એમ-૧૬ અને એમ-૪ એસોલ્ટ રાઈફલ્સ સાથે અમેરિકન લાઈટ મશીનગન અને સશસ્ત્ર વાહનો સાથે ૫૦ કેલિબર હથિયારોનો સમાવેશ થાય છે. આ હથિયારોમાં સ્ટીલ કોર બુલેટ્સ, બુલેટપ્રૂફ વેસ્ટ્સ અને આર્મર્ડ વેધન રાઉન્ડ સાથે મોટી સંખ્યામાં સ્નાઈપર રાઈફલ્સનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત નાના હથિયારો પણ છે. આ સૂચવે છે કે, પાકિસ્તાનને આ સહિતના ૨૦૦૦ સશસ્ત્ર વાહનો, UH- ૬૦ બ્લેક હોક્સ સહિત ૪૦ વિમાનો, એટેક હેલિકોપ્ટર અને સ્કેનએગલ નાના ડ્રોન ઉપર નિયંત્રણ મેળવવાની શકયતા છે. જો તાલિબાન અથવા પાકિસ્તાન આર્મી દ્વારા ઉપયોગ કરવામાં આવે તો આ મોટા લશ્કરી સાધનોને શોધી શકાય તેવી સંભાવના હોવા છતાં, નાના હથિયારો અફઘાનિસ્તાનની બહાર સરળતાથી વાપરી શકાય છે. સેનાના સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, કાશ્મીર ઘાટીમાં રહેલા સુરક્ષા દળો કાશ્મીર ખીણ અથવા અન્ય સ્થળોની અંદર આ હથિયારોના કોઈપણ આવનારા પ્રવાહને પહોંચી વળવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. અમારી ઘૂસણખોરી અને આતંકવાદ વિરોધી ગ્રીડ મજબૂત છે અને તે પાકિસ્તાની સેના અથવા તેના સમર્થિત આતંકવાદીઓ દ્વારા આવા કોઈપણ અભિગમનો સામનો કરવામાં સક્ષમ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, જો પાકિસ્તાનની સેના અફઘાન તાલિબાનને ભારતીય વિસ્તારોમાં ધકેલવાનો પ્રયાસ કરશે તો તેમની સાથે ૧૯૯૦ના દાયકામાં જે રીતે કાર્યવાહી કરવામાં આવી હતી, તે જ રીતે કાર્યવાહી કરવામાં આવશે. સૂત્રોએ એમ પણ કહ્યું છે કે, અફઘાન આતંકવાદીઓ સંપૂર્ણપણે કટ્ટરપંથી છે અને તેઓ એન્કાઉન્ટરમાં આત્મસમર્પણ કરશે નહીં.

# ભારતના કિસ્સામાં જ્ઞાતિની વસ્તી ગણતરી આપણને વસ્તીલક્ષી વ્યાકરણને સમજવા માટે સક્ષમ કરશે કે જેના દ્વારા રોજબરોજના સંદર્ભમાં જ્ઞાતિવાદનો અનુભવ થઈ રહ્યો છે

ન્યુયોર્ક તા.૨૬

૨૦૨૦ની અમેરિકાની વસ્તી ગણતરીના તાજેતરમાં જારી કરાયેલા ડેટા ૧થી વધુ કારણોસર ઐતિહાસિક છે. જાતિ અને વંશીયતા અંગેના વસ્તી ગણતરીના તારણો ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે આ તારણો દ્વારા અમેરિકાના ઈતિહાસમાં પ્રથમવાર એવું બહાર આવ્યું છે કે શ્વેત લોકોની વસ્તી ઘટી ગઈ છે. ૨૦૧૦થી ૨૦૨૦ વચ્ચે અમેરિકાની શ્વેત લોકોની વસ્તી ૬૩.૭ટકા હતી તે ઘટીને ૫૭.૮ ટકા થઈ ગઈ. આમ એકંદરે શ્વેતોની વસ્તીમાં ૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ અન્ય રંગ ધરાવતાં લોકોની વસ્તીમાં ૨૦૧૦માં અમેરિકાની કુલ વસ્તીના ૩૪ ટકા હતાં તે વધીને હવે ૪૩ ટકા થઈ ગયાં. આનો અર્થ એ થયો કે ૨૦૧૦-૨૦૨૦ વચ્ચે અમેરિકાનો વસ્તી વિકાસ લેટીનો કે હિસ્પેનિક, બ્લેક (અશ્વેત), એશિયન અમેરિકન, નેટીવ અમેરિકન, નેટીવ હવાઈયન કે પેસિફિક આઈલેન્ડર ઉપરાંત બે કે અન્ય વધુ વંશીય લોકો દ્વારા પ્રેરીત છે. બીજી બાજુ ૧૭૯૦માં અમેરિકાની વસ્તી ગણતારી શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં નોનહિસ્પેનીક વ્હાઈટ્સની સંખ્યામાં ઘટાડો થયો છે. ૨૦૧૦થી ૨૦૨૦ વચ્ચે પોતાને લેટીનો અથવા હિસ્પેનીક ગણાવતાં લોકોની સંખ્યા ૧૬.૩ ટકા હતી તે વધીને ૧૮.૭ ટકા થઈ. એશિયન અમેરિકનોની વસ્તીમાં પણ સારો એવો વધારો થયો છે. ૨૦૧૦માં તેમની વસ્તી ૪.૭હતી તે વધીને ૫.૯ ટકા થઈ. તેના સંદર્ભમાં અશ્વેતનું પ્રમાણ તુલનાત્મક રીતે યથાવત રહ્યું કહેવાય. ૨૦૧૦માં તેમની વસ્તી ૧૨.૨ટકા હતી તે ૨૦૨૦માં ૧૨.૧ ટકા થઈ. વ્યાપક રીતે જોઈએ તો ૧૯૮૦માં અમેરિકાની રાષ્ટ્રીય વસ્તીમાં શ્વેત લોકોની વસ્તી ૮૦ટકા હતી અને અશ્વેત લોકોની ૧૧.૫ટકા હતી તેમજ લેટીનો કે હિસ્પેનીકસની ૬.૪ ટકા હતી. પરંતુ ચાર દાયકા બાદ અમેરિકાની વસ્તીલક્ષી માળખુ નોંધપાત્ર રીતે બદલાઈ ગયું છે. એટલું જ નહીં ૫૦ લાખથી વધુ લોકો એવા નોંધાયેલા છે કે જેઓ મૂળભૂત રીતે એશિયાથી આવે છે. અમેરિકન વસ્તી બ્યુરોએ ૨૦૨૦ની વસ્તી ગણતરીના પહેલા વિસ્તૃત પરિણામોને ૧૦ વર્ષ પહેલાની દેશની વસ્તીના ડેટા સાથે તુલનાત્મક માહિતી રજૂ કરી છે. અમેરિકામાં વંશીય અને જાતિય વૈવિધ્યની તરફેણમાં વસ્તીલક્ષી વ્યાપક બદલાવ થવા છતાં એ યાદ રાખવું જોઈએ કે ૨૦૧૦થી ૨૦૨૦ના સમયગાળામાં અમેરિકાના ઈતિહાસમાં વસ્તી વધારાના દરનો બીજા નંબરનો સૌથી ધીમો સમયગાળો હતો. એટલે કે વસ્તી વધારો નાટકીય રીતે છેલ્લા દાયકામાં ધીમો પડી ગયો છે. આ ઉપરાંત રાષ્ટ્રના ઈતિહાસમાં શ્વેત વસ્તીનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. વસ્તી ગણતરીના નિષ્ણાંતોએ એવી તાકીદ કરી છે કે શ્વેત લોકોની વસ્તીમાં આટલો મહદ્અંશે ઘટાડાનું કારણ કદાચ એ હકીકત છે કે શ્વેત અમેરિકાનો સહિત હવે લોકો સ્વયંને બહુવંશીય કે બહુજાતિય ગણાવે છે. ૨૦૦૦માં પ્રથમ વખત અમેરિકનોને સ્વયંની ઓળખ માટે એક કરતાં વધુ જાતિના વિકલ્પો આપવામાં આવ્યાં હતાં તેના પરિણામે ૨૦૧૦થી ૨૦૨૦ દરમ્યાન સ્વયંને મલ્ટી રેશીયલ તરીકે ઓળખ આપતાં લોકોની સંખ્યા ૯ મિલીયનથી ત્રણ ગણી થઈને ૩૩.૮ મિલીયન થઈ ગઈ હતી કે જેઓ હવે અમેરિકન વસ્તીના ૧૦ટકા જેટલા લાકો છે. ૨૦૨૦ના વસ્તી ગણતરીના ફોર્મમાં પ્રથમ વખત લોકોને પોતાની ઉત્પત્તિના મૂળ અંગે વધુ માહિતી આપવા માટે જણાવાયું હતું. એટલે કે માત્ર શ્વેત અને અશ્વેત જ નહીં પરંતુ તેઓ જર્મન, આઈરીશ, આફ્રિકન અમેરિકન, હૈતિયન, સોમાલિયન વગેરે જણાવવાનું તેમને કહેવામાં આવ્યું હતું. ૨૦૨૦ની વસ્તી ગણતરીમાં વંશીય રીતે સંવેદનશીલ નીગ્રોની કેટેગરી પડતી મૂકવામાં આવી હતી તેના બદલે શ્વેત કે આફ્રિકન અમેરિકન એવો વિકલ્પ આપવામાં આવ્યો હતો. વસ્તી ગણતરીના પ્રવાહો ઉપરથી એક અન્ય હકીકત એ બહાર આવી હતી કે વિવિધ વર્ણના લોકોમાં હવે અમેરિકાના ૧૮ વર્ષથી ઓછી વયની યુવા વસ્તીના અડધા કરતાં વધુ લોકોનો તેમાં સમાવેશ થાય છે. આ સમયગાળા દરમ્યાન બ્લેક, અમેરિકન ઈન્ડિયન, નેટીવ આઈલેન્ડર અને શ્વેત યુવાનોમાં નજીવો ઘટાડો થયો હતો. ૨૦૨૦માં રાષ્ટ્રની કુલ યુવા વસ્તીમાં ૨૫.૭ ટકા હીસ્પેનિક યુવાનો અથવા લેટીનો હતા અને ૧૩.૨ ટકા અશ્વેત યુવાનો હતા. છેલ્લા એક દાયકા કરતાં વધુ સમયમાં લેટીનો બુમના કારણે જુદા જુદા વર્ણ કે રંગની વસ્તીઓમાં એકંદરે વધારો થયો હતો પરંતુ વાસ્તવમાં વ્યક્તિગત વંશીય અને જાતિય લઘુમતીના વૃદ્ધિદરમાં પણ ઘટાડો થયો છે. પ્યુ રીસર્ચ સેન્ટરના સંશોધકોના જણાવ્યા અનુસાર અહીં મહત્વનું પરિબળ છેલ્લા એક દાયકામાં ખાસ કરીન ટ્રમ્પના શાસનકાળ દરમ્યાન મેક્સિકોમાંથી ઈમિગ્રેશનનો એકંદરે ઘટાડો થયો હતો જેના કારણે અમેરિકામાં હીસ્પેનિક મહિલાઓ દ્વારા જન્મ દરની વાર્ષિક સંખ્યા ઘટી છે. ૨૦૦૦માં છેલ્લા બે દાયકામાં વંશીય અને જાતિય ઓળખ ઘટી છે. ૯૩ ટકા લોકોએ માત્ર બ્લેક તરીકેની સ્વયંની વંશીય ઓળખ આપી છે. ૨૦૧૯માં ૮૭ ટકાએ પોતાની જાતિને માત્ર બ્લેક તરીકે અને પોતાની વંશીયતાને નોનહિસ્પેનીક તરીકે દર્શાવી હતી. જ્યારે ૮ ટકાએ તેમની જાતિ બ્લેક ગણાવી હતી. અન્ય ૫ ટકાએ સ્વયંને બ્લેક અને હિસ્પેનિક અથવા બ્લેક હીસ્પેનિક તરીકે ઓળખાવ્યાં હતાં. આ પ્રકારના અદ્ભૂત અને ક્યારેક વિરોધાભાસી પ્રવાહોના સંદર્ભમાં આપણને પૂછવાનું મન થાય છે કે આજે અમેરિકામાં વધતી જતી મલ્ટી રેશીયલ ઓળખ શું દર્શાવે છે ? શું તેના કારણે લઘુમતીઓ ઉપર જાતિવાદ અને જાતિવાદ સંબંધીત અસરો ઘટી છે ? આ સંદર્ભમાં ૨૦૨૧ના ૭૮ રાષ્ટ્રોના શ્રેષ્ઠ દેશોના રિપોર્ટમાં અમેરિકા ૬૯માં ક્રમે જાતિય સમાનતાના માપદંડના આધારે આવ્યું હતું એટલે કે બ્રાઝિલ, દ.આફ્રિકા, ચીન, ઈજિપ્ત અને ભારતથી પણ અમેરિકા પાછળ હતું. આ પ્રવાહો જોતાં આપણે એ ધ્યાનમાં રાખવું પડશે કે જાતિય અસમાનતા ઉપરના આ પ્રકારના આંકડા માત્ર જાતિવાદના કૃત્યોને આવરી લે છે. સાથે સાથે એ પણ નોંધનીય છે કે જાતિ અમેરિકન સમાજના સ્ટ્રક્ચરીંગમાં મૂળભૂત ભૂમિકા ભજવે છે પરંતુ તે વસ્તી ગણતરીના ડેટાને તરોડી મરોડીને વિકૃત રીતે રજૂ કરે છે. ૧૯૯૦ની વસ્તી ગણતરીમાં અશ્વેત સમુદાયોની ઓછી વસ્તી દર્શાવાઈ હતી. જેમ કે આફ્રિકન અમેરિકનમાં ૪ ટકા જેટલો ઘટાડો દર્શાવાયો હતો. આ માહિતીને કે ડેટાને ૨૦૨૨માં હાઉસ કંટ્રોલ માટે થનારી ચૂંટણી સાથે પણ જોડીને જોવામાં આવી રહ્યાં છે કે જેના કારણે નેતાઓના અંકગણિત ઊંધા-ચત્તા થઈ ગયાં છે.

**ભારતે અમેરિકાના વસ્તી ગણતરીના ડેટા ઉપરથી શું શીખવાનું છે ?**

ભારતે પણ આ ડેટા ઉપરથી કેટલુંક શીખવાનું છે. વંશવાદ અને જ્ઞાતિવાદની માળખાગત વાસ્તવિકતાઓ અને જટિલતાઓનું ખરા અર્થમાં વૈવિધ્યકરણ થઈ રહ્યું છે અને તેનું એક વધુ નવતર સ્વરૂપ બહાર આવી રહ્યું છે. ભારતના કિસ્સામાં જ્ઞાતિની વસ્તી ગણતરી આપણને વસ્તીલક્ષી વ્યાકરણને સમજવા માટે સક્ષમ કરશે કે જેના દ્વારા રોજબરોજના સંદર્ભમાં જ્ઞાતિવાદનો અનુભવ થઈ રહ્યો છે. ભારતમાં તાજેતરમાં જાતિગત વસ્તી ગણતરીના મામલે જે માંગણી થઈ રહી છે અને જે વિવાદ છેડાયો છે અને વર્તમાન સરકાર તેનો ઈન્કાર કરી રહી છે તે બતાવે છે કે ઐતિહાસિક રીતે જેઓ વંચિત છે અને વસ્તી ગણતરીના ડેટામાં જેઓ બહુમતી (બહુજન) છે તેમની ચિંતા અને સમસ્યાઓ રાજકીય રીતે, ફિલોસોફીકલ રીતે અને વ્યવહારૂ રીતે હલ કરવા બાબતે સરકારની પોતાની ક્ષમતાનો અભાવ છે. બીજી બાબત એ છે કે તેમના માટે જ્ઞાતિ એક જ માત્ર ઉપલબ્ધ સંસાધન છે જેના આધારે નૈતિક અને ભૌતિક દાવાઓ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રી સતિષ દેશપાંડેએ જણાવ્યા મુજબ જ્ઞાતિ અંગેના પ્રમાણિત ડેટા અને માહિતીના અભાવની જ્ઞાતિના વિશેષાધિકારો અને તેમની સત્તા ઉપર વિપરીત અસર કરી શકે છે. સંપૂર્ણતઃ જાતિગત વસ્તી ગણતરી માટે જેઓ ઈન્કાર કરી રહ્યાં છે તેમને જ્ઞાતિની વધતી જતી હાજરીનો ડર લાગી રહ્યો છે જેની પાછળના ઘણા કારણો છે. પ્રથમ તો બ્રાહ્મણવાદી ભય પ્રવર્તે છે અને તેમને ડર છે કે તેના કારણે સવર્ણો લઘુમતીમાં આવી જશે. વાસ્તવમાં અત્યારે ભારતમાં બ્યુરોક્રેટીક અને રાજકીય ક્ષેત્રે સવર્ણોનો સિંહફાળો છે. સવર્ણોને બીજો ડર એ છે કે તેમને ચૂંટણીમાં માર પડશે. ત્રીજું કારણ એ છે કે જાતિગત વસ્તી ગણતરી અટકાવીને સંભવતઃ જાતિ આધારીત જોડાણો વધુ મજબૂત થશે. ચોથું કારણ એ છે કે સવર્ણોને એવો ડર છે કે જાતિગત વસ્તી ગણતરીથી આરક્ષણનું સંતુલન ઊંધુ ચત્તુ થઈ જશે અને તેના કારણે આમજનતા અને સરકારની સંકુચિતતા ઉઘાડી પડી જશે. પાંચમી બાબત એ છે કે જ્ઞાતિઓ વચ્ચે અસમાનતા ઉપરાંત જ્ઞાતિઓની અંદર સુયોજિત અસમાનતાના પુરાવા વધી રહ્યાં છે. તાજેતરમાં ઓબીસી યાદીને લઈને ૧૨૭માં બંધારણીય સુધારા કરવામાં આવેલ છે તે પણ સરકારને નૈતિક રીતે ફરજ પાડે છે કે સરકારે હવે સંપૂર્ણકક્ષાની જાતિગત વસ્તી ગણતરી હાથ ધરવી જોઈએ. અમેરિકામાં વગદાર શ્વેત લોકો અને રૂઢીચુસ્તો જાતિ અને વંશીયતા ઉપરના તાજેતરના વસ્તી ગણતરીના પરિણામોથી વ્યગ્ર છે અને તેઓ અમેરિકાને તેનાથી શુંશું નુકસાન થયું છે એવી ખોટી ભ્રમણા ઊભી કરવા માટે વસ્તીલક્ષી વૈવિધ્યકરણના ડેટાનો ઉપયોગ કરી રહ્યાં છે. ભારતમાં પણ સર્વગ્રાહી જાતિગત વસ્તી ગણતરીના સીધા ઈન્કાર પાછળ ઘર કરી ગયેલ બ્રાહ્મણવાદી વલણ જવાબદાર છે જે સમકાલિન ભારતના જ્ઞાતિ રહિતતા ઉપર ભાર મૂકી રહ્યાં છે. બંને કિસ્સાઓમાં વંશવાદ અને જ્ઞાતિવાદની માળખાગત વાસ્તવિકતાઓ અને જટિલતાઓનું ખરા અર્થમાં વધુ નવતર વૈવિધ્યકરણ થઈ રહ્યું છે. સર્વગ્રાહી વસ્તી ગણતરી આ વિશેષાધિકાર રાજકીય પદ ધરાવતાં વગદાર લોકોની અસંગતતાઓ અને વિચિત્રતાઓને ઉઘાડી પાડશે. ભારતના કિસ્સામાં જાતિગત વસ્તી ગણતરી આપણને વસ્તીલક્ષી વ્યાકરણને સમજવા માટે સક્ષમ કરશે કે જેના દ્વારા રોજબરોજના સંદર્ભમાં આપણને જ્ઞાતિવાદનો અનુભવ અને અનુભૂતિ થઈ રહ્યાં છે.

# સ્કાયલો ઉંચો નફો આપી મત્સ્યપાલકો તેમની માછલી લઈ દરિયાકાંઠે આવે તે પહેલાજ વેચવામાં મદદ કરે છે

અમદાવાદ તા. ૨૬

વિશ્વના સૌપ્રથમ અને સૌથી કિફાયતી એન્ડ ટુ એન્ડ સેટેલાઈટ નેરોબેન્ડ આઈઓટી સોલ્યુશન સ્કાયલોએ તેના ફિશ કેચ રીપોર્ટના લોન્ચિંગમાં જાહેરાત કરી હતી જે વિશ્વનું સૌપ્રથમ મોબાઈલ કોમ્યુનીકેશન સોલ્યુશન છે અને તે મત્સ્યપાલકો અને બોટના માલિકોનો માછલી પકડીનો બોટમાંલાવ્યા બાદ તુરંતજ તેને વેચવાની સુવિધા પુરી પાડે છે. એટલે કે તેઓ દરિયાકાંઠે પહોંચે તે પહેલા જ તેમણે પકડેલી માછલીઓ વેચવાની સુવિધા પુરીપાડે છે.બીએસએનએલની ભાગીદારીમાં ઉપલબ્ધ બનાવાયેલો ધસ્કાયલો ફિશકેચ રીપોર્ટ મત્સ્યપાલકોને તેમણે પકડેલી માછલીઓની વિગતો મોકલવા અને તેમાં સુધારા કરવાનીસરળસુવિધા પુરી પાડે છે જેથી તેઓ દરિયાકાંઠાથી અનેક નોટીકલ માઈલ દુર હોવા છતાં તેઓ મધદરિયે જ તેમણે પકડેલી માછલીઓના વેચાણની પ્રક્રિયા શરૂ કરી શકે છે. આમ તેમણે પકડેલી માછલીઓની શ્રેષ્ઠ કિંમત હાંસલ કરવાની તક મળે છે.

આઅંગે બોલતા સ્કાયલોના અંગિરા અગરવાલે જણાવ્યું હતું કે, સૌપ્રથમ વાર દેશના મત્સ્યપાલકો માગને આધારે પકડેલી માછીલીઓનું મધદરિયેથી વેચાણ કરી શકશે જેના લીધે તેઓ ઉંચી કિંમતે પોતાનોમાલ વેચી વધુનફોરળી શકવા ઉપરાંત બગાડમાં ઘટાડો કરી શકશે અને તેમના સખ્ત પરિશ્રમનું મહત્તમ વળતર હાંસલ કરી શકશે.

સ્કાયલો ફિશરીઝ પ્રોગ્રામ ડાયરેકટર ગણેશ નાખલાએ જણાવ્યું હતું કે, સીફૂડની નિકાસમાં નોંધપાત્ર વૃધ્ધી જોવા મળીરહીછે. ત્યારે સ્કાયલો જેવા ટેકનીકલ સોલ્યુશનનો ઉપયોગ મહત્વપુર્ણ બની જાય છે જે સપ્લાય ચેઈનમાં દરેકને યોગ્ય સ્થિતિ દર્શાવી સાતત્યપુર્ણ ભવિષ્ય માટે મજબુત ઈકો સિસ્ટમ તૈયાર કરે છે.

સ્કાયલો ફિશ કેચ રીપોર્ટ બીએસએનએલ અને ઈન્મારસેટની ભાગીદારીમાં ઓફર કરાયેલા સ્કાયલો નેટવર્કનો લાભ લે છે જેથી માછીમારો અને બોટ માલિકોને વાસ્તાવિક સમયના ડેટા, ટુ-વે મેસેજીંગ અને મુશ્કેલીના સમયે એસઓએસ સંદેશા મોકલવાની ક્ષમતા પુરી પાડવામાં આવે છે.

# સરકાર વરસાદની અછત ધરાવતા વિસ્તારોમાં ત્વરીત સર્વે કરી અછતગ્રસ્ત કે અર્ધ અછતગ્રસ્ત જાહેર કરે : અર્જુન મોઢવાડીયા

## ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાંપ્રથમ વરસાદ બાદ ૫૦ દિવસ નોંધપાત્ર વરસાદ થયો નથી જેની રાજય સરકારે ગંભીરતાની નોંધ લેવી જોઈએ

અમદાવાદ તા. ૨૬

ગુજરાતના સૌરાષ્ટ્ર,ઉત્તર ગુજરાત, મધ્યગુજરાત અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં પ્રથમ વરસાદ થયાના ૫૦ દિવસ થવા છતાં હજી સુધી બીજો નોંધપાત્ર વરસાદ થયો નથી. જ્યાં વરસાદ થયોછે, ત્યાં પણ નજીવો વરસાદ થયો છે. એટલે રાજયમાં લગભગ અર્ધદુષ્કાળ જેવી પરિસ્થિતી છે. જે અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાપૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતુ કે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાની સીઝનમાં પૂરતો વરસાદ ન થતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. ખેડૂતોની સ્થિતિ ખરાબ છે. આ સીઝનમાંરાજયમાં સરેરાશ ૫૪ ટકા વરસાદની ઘટ છે. એટલે કે હજી સુધી જરૂરિયાત કરતા અડધો વરસાદ પણ રાજયમાં નથી પડ્યો. કચ્છમાં ૩૧.૭૪ ટકા વરસાદ પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૩૧.૯૮ ટકા વરસાદ, મધ્ય ગુજરાતમાં ૩૭ ૯૪% ટકા વરસાદ અને સૌરાષ્ટ્રમાં ૩૭.૧૦ ટકા વરસાદ પડ્યો છે. એકમાત્ર દક્ષિણ ગુજરાતમાં ૫૧.૪૧ ટકા એટલે કે ૫૦ ટકાથી વધુ વરસાદ પડ્યો છે. રાજ્યના ૧૪ જિલ્લા એવા છે જેમાં ૫૦ ટકા કરતા વધારે વરસાદની ઘટ છે. જયારે રાજ્યના ૧૩ જિલ્લાઓમાં ૨૫ થી ૪૦ ટકા વરસાદની ઘટ છે. અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉમેર્યુ હતું કે વરસાદ ખેંચાવાને કારણે ખેડૂતોના પાક સુકાઈ રહ્યાં છે. પશુઓ માટે વાવવામાં આવેલ ઘાસચારો પણ સુકાઈ રહ્યો છે. વરસાદની આશાએ ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ અને ખાતર લાવીને પાકની વાવણી કરી હતી. ખેડૂતોને આશા હતી કે કેનાલમાંથી પાણી મળશે, પરંતુ કેનાલમાં પાણી ન મળતા હાલ ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે.

અર્જુનભાઈ મોઢવાડિયા ઉમેર્યુહતું કે ખેડુતોને દુષ્કાળ અને અતિવૃષ્ટિમાં નુકશાન સામે સુરક્ષા આપતી પાક વીમા યોજનાને વર્તમાન ભાજપ સરકારે બંધ કરી દીધી છે. પરંતુ તેની અવેજીમાં ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં મુખ્યમંત્રીશ્રીએ 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'ની જાહેરાત કરી હતી. આ ઉપરાંત કેન્દ્ર સરકારની SDRF યોજના પણ ઉપલબ્ધ છે.


આ બંને યોજનાઓ મુજબ પ્રથમ વરસાદ થયા બાદ ૨૮ દિવસ સુધી બીજો વરસાદ ના થાય તો ખેડુતોને લાભ મળવાપાત્ર છે. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ ખરીફ ઋતુમાં થયેલ પાકનુકશાન ૩૩% થી ૬૦% માટે રૂા. ૨૦,૦૦૦/- પ્રતિ હેક્ટર અને વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં મળવા પાત્ર છે. ખરીફ ઋતુમાં ૬૦% થી વધારે પાક નુકશાન માટે રૂા.૨૫,૦૦૦/- પ્રતિ હેક્ટર અને વધુમાં વધુ ૪ હેક્ટરની મર્યાદામાં મળવા પાત્ર છે.

અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉમેર્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ૫૦ દિવસથી વરસાદ થયો નથી. કૃષિપાકો લગભગ મુરઝાઈ ગયા છે. દુષ્કાળની પરિસ્થિતી છે, જેના લીધે સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુતો આંદોલન કરવાના છે. આ આંદોલનને સુરેન્દ્રનગર શહેરના વેપારીઓએ પણ ટેકો આપેલ છે. બધા જ વેપારી એસોસિએશન, સોનીમહાજન એસોસિએશન સહિતના સંગઠનોએ ટેકો આપેલ છે.

અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે રાજય સરકારને પણ મારી વિનંતી છે કે ખેડુતોને પોતાના હકક માટે દર વખતે રસ્તા ઉપર ઉતરવું પડે તેવી સ્થિતી સર્જાય તેવી સ્થિતી નિવારીને સરકાર 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' અને SDRF યોજના હેઠળ ખેડુતોને જે વચન આપવામાં આવ્યા છે તે વચનનું તાકીદે પાલન કરે. જે વિસ્તારોમાં વરસાદની ખેંચ છે તેવા વિસ્તારોને અછતગ્રસ્ત કે અર્ધ અછતગ્રસ્ત જાહેર કરીને નિયમ મુજબ ખેડુતોને સહાયની જાહેરાત કરે તે જરૂરી છે.

### ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત

# શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુર દ્વારા સહસ્ત્ર કળશ મહાઅભિષેક ઉત્સવ યોજાશે



સાળંગપુર તા. ૨૬

સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુરનાશ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર દ્વારા આગામી તા.૨૭, ૨૮, ૨૯ ઓગસ્ટ, ૨૦૨૧ ના દિવસોમાં ગુજરાત રાજયમાં સૌપ્રથમ વખત શાસ્ત્રી સ્વામિ હરીપ્રકાશદાસજી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામિ (અથાણાવાળા)ની પ્રેરણાથી હનુમાનજી મહારાજના પંચમુખીસ્વરૂપનો પવિત્રજળથી ભરેલ ૧૦૦૦ કળશોદ્વારા દિવ્ય અભિષેક થશે અને ઉત્સવ દરમ્યાન ઉપયોગમાં લેવાતા તમામયજ્ઞ સામગ્રી, ઔષધિઓ, ફળો, જળ વિગેરેનો પ્રસાદ સામાન્ય ભકતજનોને મળી રહે તેવી સુંદર ભાવના સંતો દ્વારા રાખવામાં આવેલ છે અને ત્રણ દિવસ ચાલનારા આ ઉત્સવમાં પ્રથમ બે દિવસ દાદાનું પૂજન, નગરયાત્રા વિગેરે તથા અંતિમ દિવસે બાર કલાકના અભિષેકનું અનોખું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજય અને દેશ વિદેશમાં વસતા દાદાના તમામભક્તજનોને આઉત્સવમાં સહભાગી થઈ અને દાદાનો રાજીપો લેવા મંદિરના તમામ સંતો દ્વારા અપીલ કરાઈ છે. આ ઉત્સવ અંગે વિશેષ માહિતી માટે સંસ્થાના મો.૯૮૨૫૮ ૩૫૩૦૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા પેશી સંવર્ધન દ્વારા ખારેકનો વ્યાપારી ધોરણે ઉપયોગ વિષય ઉપર તાલીમ કાર્યક્રમ યોજાયો




જૂનાગઢ, તા.૨૬

ભારત સરકાર દ્વારા ૭૫માં વર્ષની આઝાદીના ભાગરૂપે આયોજિત આઝાદીકા અમૃત મહોત્સવ ઈન્ડિયા @૭૫ અંતર્ગત રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાની સફળતાને દર્શાવતી તા.૨૪/૮/૨૦૨૧નારોજ એક દિવસીય તાલીમ કાર્યક્રમ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ ખાતે યોજાયો હતો.

કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.બી.પી. ચોવટીયાએ ખેડૂતમિત્રો તેમજ વિદ્યાર્થીઓને ટીસ્યુકલ્ચની વિવિધ પદ્ધતિઓ તેમજ તેમાં થતી સમસ્યાઓ અંગે સચોટ માહિતી આપી હતી તેમજ કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય ડો. એસ.જી. સાવલિયાએ ખારેકના વિવિધ ઉપયોગો તેમજ તેમાં રહેલા પોષક તત્વોની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સંશોધક નિયામક ડો.પી. મોહનોતે પણ ગુજરાત સરકારના RKVY પ્રોજેક્ટ વિભાગનેકૃષિ યુનિવર્સિટીને ફંડ આપવા માટે ધન્યવાદ પાઠવ્યા હતા. તેમજ આ પ્રસંગે જમીનવિદ્યા અને પાક સંવર્ધક વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. રાજીવ કુમારે ખારેકની ખેતીની ગુજરાત અને ભારતમાં વધતી જતી માંગ વિષે માહિતી આપી હતી. તેમજ પેશી સંવર્ધન દ્વારા ખારેકના રોપા તૈયાર કરવામાં આવતી સમસ્યાઓ તેમજ લાગતો વધુ સમયગાળો, લેબોરેટરી અભાવ વગેરે વિશે ખેડૂતોને માહિતગાર કરાયા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત જમીનવિદ્યા અને પાક સંવર્ધન વિભાગના પ્રાધ્યાપક અને વડા ડો. ડી.આર. મહેતા એ મહેમાનોનુંસ્વાગત કરી તાલીમ બાબતની રૂપરેખા રજૂ કરી હતી. તેમજ અંતમાં સહપ્રાધ્યાપક ડો.લતાબેનરાવલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# કોડીનારના સીમરપોર્ટથી લોથપુર સુધી ખેડૂતોની જમીનમાંથી ગેસ પાઈપલાઈન નાખવાનો જોરદાર વિરોધ

કોડીનાર તા.૨૬

કોડીનારના છારા સરખડીના દરિયાકાંઠે આકાર લઈ રહેલ શાપુરજી પાલોનજી ગ્રુપના સીમર પોર્ટ ખાતેથી અમરેલી જિલ્લાના લોથપુર સુધી એચ.એસ.ઈ.પી.એલ દ્વારા જમીનમાં ગેસ પાઈપલાઈન નાખવા માગે છે. આ અંગે પર્યાવરણીય મજુરીની જરૂર પડે છે. ગીરગઢડા ખાતે કલેકટર તથા જીપીસીબી બોર્ડના અધિકારીઓની હાજરીમાં જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ તો આ ગેસની પાઈપલાઈન દરિયાકાંઠા વિસ્તારમાં નાખી શકાય તેમ હોવા છતા ખેડૂતોની જમીન વચ્ચે કાઢવામાં આવતી હોય ખેડૂતોએ લોકસુનાવણીમાં જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને ખેડૂતો લોક સુનાવણી સ્થળ છોડી ચાલ્યા ગયા હતા. કોડીનાર કિસાન એકતા સમીતીના પ્રમુખ સુરપાલ બારડે લોકસુનાવણીમાં ખુલ્લો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ભોગે અને પર્યાવરણના ભોગે આ ગેસ પાઈપ નાખવા યોજવામાં આવેલ આ લોકસુનાવણી એક નૌટંકી છો. કંપની દ્વારા સરકારના તમામ અધિકારીને મોટી મોટી રકમ આપીને આ મંજુરી મેળવી લેવાય છે.

અંગ્રેજી ભાષામાં રજૂ કરેલા પ્રોજેકટ રીપોર્ટ બાબતે પણ જબારો વિરોધ થતા આ લોક સુનાવણી મોકૂફ રાખવાની માગણી છતા આ બાબતની માત્ર નોંધ લઈને લોકસુનાવણી કાર્યક્રમ સંપન્ન થયાની જાહેરાત કરવામાં આવી હતી. આમ શાપુરજી પાલેનજી ગ્રુપના સીમર પોર્ટથી લોથપુર સુધીની ગેસની પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરાશે તો ખેડૂતોમાં ઉગ્ર વિરોધનો વંટોળ ફેલાશે અને સંઘર્ષ ટાળવા માટે છારાના દરિયાકાંઠા વિસ્તારમાંથી આ ગેસ પાઈપ કાઢવામાં આવે તેવો સુર ઉઠયા હતા.

# રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય રાજુલબેન દેસાઈ સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લેશે

જૂનાગઢ, તા.૨૬

રાષ્ટ્રીય મહિલા આયોગ, ન્યુ દિલ્હીના સભ્ય રાજુલબેન એલ. દેસાઈ તા. ૨૭ ના રોજ જૂનાગઢના એક દિવસના પ્રવાસે આવનાર છે. તેઓશ્રીના અધ્યક્ષસ્થાને તારીખ ૨૭ના રોજ બપોરે ૧૨ કલાકે કલેક્ટર કચેરી ખાતે મહિલા કલ્યાણ સબંધી યોજનાઓ સબંધે જિલ્લા કલેક્ટર સહિતના અધિકારઓ સાથે સમીક્ષા બેઠક યોજાશે. ત્યારબાદ બપદરે ૨ કલાકે જૂનાગઢ સ્થિત જુની સિવિલ હોસ્પીટલ ખાતે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લેશે. ત્યારબાદ ૨:૩૦ કલાકે કલેકટર કચેરી ખાતે યોજાયેલા નારી શક્તિ સમારોહમાં સહભાગી થશે તેમ જૂનાગઢ મહિલા અને બાળ અધિકારી કચેરીની યાદીમાં જણાવાયું છે.

# સોળાજ ગામે ગૌશાળાના લાભાર્થે જનતા તાવડાનું આયોજન



(ભોળા જાદવ દ્વારા) લોઢવા તા. ૨૬

સુત્રાપાડા તાલુકાના સોળાજ ગામે આવેલ યદુનંદન ગૌશાળાના યુવાનો ગામલોકોને શુધ્ધ અને સાત્વિક ફરસાણ તથા શુધ્ધ ઘી ની મીઠાઈ વ્યાજબી ભાવે મળી રહે અને તાવડામાંથી મળેલ નફો ગૌશાળાના વિકાસમાં કામ આવે તે હેતુથી ગૌશાળાના વિકાસ માટે મહેનત કરી રહયા છે. રસોયા તરીકે પ્રદીપ કેટરર્સવાળા બાલુભાઈ બાંભણીયા પણ સાત્વિક અને શુધ્ધ ફરસાણ તથા મીઠાઈ બનાવી રહયા છે. જેનું આજથી વેંચાણ શરૂ થઈ રહયું છે.

# દેશનાં શ્રમિકોને આજની મોંઘવારી પ્રમાણે સક્ષમ પગારવાળી રોજગારી અને રોજે રોજ કામની જરૂર છે

## કોરોનાકાળ મહામારી દરમ્યાન દેશનાં ૭૪ કરોડ શ્રમિક મજૂરોની આર્થિક પરિસ્થિતિ ખુબ જ ગંભીર બની છે



અમદાવાદ, તા.૨૬

ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ એચ.પટેલે વડાપ્રધાનનરેન્દ્ર મોદી, કેન્દ્રીય શ્રમ અને રોજગાર, ઉદ્યોગ મંત્રાલય અને રાજ્યોનાં મુખ્યમંત્રીશ્રીઓને પત્ર લખી એક નિવેદનમાં જણાવ્યું છે કે કોરોનાકાળ દરમિયાન સૌથી વધારે આર્થિક ગંભીર અસર દેશનાં ૭૪ કરોડ શ્રમિક મજૂરોને પહોંચી છે.સરકારે ગરીબો, શ્રમિકો માટે આરોગ્ય વીમા યોજના, જીવન વીમા યોજના, હાઉસીંગ યોજના, એજ્યુકેશન યોજના,અનાજ વિતરણ યોજના તેમજ અન્ય નાના મોટા વ્યવસાય માટે ગેરંટર વગરની લોન જેવી ઘણી બધી વ્યવસ્થા કરી છે,તેમાં સરકારી અવ્યવસ્થા અને તેની સાથે જોડાયેલા આપણા દેશનાં વેપારીઓ કે કન્સલ્ટન્ટો આ યોજનાઓને નફાખોરીમાં ફેરવી પરિણામલક્ષી પરિણામ લાવી શક્યા નથી માટે દેશનાં ૭૪ કરોડ શ્રમિકો માટે કેન્દ્ર,રાજ્ય સરકારો અને યોગ્ય વ્યક્તિઓએ મોનીટરીંગ કરવું પડશે.

આજે દેશમાં જુદા જુદા સેકટરોમાં MSME સેકટર સહીત આશરે ૭૪ કરોડ જેટલા શ્રમિક મજૂરો કામ કરે છે. જેમાં MSME સેકટરમાં આશરે ૧૫ કરોડ, કોર્પોરેટ અને લાર્જ સેકટરમાં આશરે ૧૨ કરોડ, ગવર્મેન્ટ અને પ્રાઈવેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આશરે ૧૨ કરોડ, એગ્રીકલચર સેકટર પરિવાર સાથે આશરે ૨૦ કરોડ અનેજુદા-જુદા અનઓર્ગેનાઈઝ સેકટરમાં આશરે ૧૫ કરોડ શ્રમિક મજૂરો છે.તેમાં PF, ESI જેવા ઓર્ગેનાઈઝ સેકટરમાં કામ કરતા ફક્ત ૧૦ થી ૧૫ કરોડ શ્રમિકો છે. કોરોનાકાળ દરમ્યાન કેટલા MSME યુનિટો બંધ થયા, કેટલા શ્રમિકોએ પ્રોવિડંડ ફંડ ઉપાડ્યું જેવી વિગતો મળતી નથી. અમારા એક અભ્યાસ મુજબ કોરોનકાળ દરમ્યાન ઓર્ગેનાઈઝ સેક્ટરમાંથી આશરે ૨ લાખ હજાર કરોડ પીએફનો ઉપાડ થયેલ છે. શ્રમિકોને ઔદ્યોગિક એકમોમાં શ્રમિકોની સૌથી ખરાબ પરિસ્થિતિ ગુજરાત, યુપી, બિહાર, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજયોમાં પણ છે. રોજગારીના અભાવે પરિવારનું ભરણ પોષણ કરવા માટે સોના ચાંદીનાં કિંમતી દાગીનાં, મિલ્કતો, વાહનો, ઉપર ૫% થી ૧૦% જેવા માસિક ઉંચા વ્યાજનાં દરે ધિરાણ લેવાની ફરજ પડી છે અથવા ગીરવે મુકાઈ ગયા છે. ભાડાના મકાનમાં રહેતા શ્રમિકોને ભાડું આપવામાં મોડું થવાથી મકાન પણ ખાલી કરવાનો વારો આવ્યો છે જે ખુબ ગંભીર અને વિચારણા માંગી લે તેવી બાબત છે. આજે દેશમાં શ્રમિક અને ગરીબવર્ગના પરિવારોને મફત અનાજ વિતરણ કરવામાં આવે છે જેની કિંમત આશરે રૂા.૪૦૦ જેટલી હોય છે. આના બદલે જો રૂા.૪૦૦ની દૈનિક આવક મુજબની નોકરી શ્રમિકોને આપવામાં આવે તો તેઓને સરકારના અનાજની જરૂર ના રહે. આજની મોંઘવારી પ્રમાણે ગરીબ અને શ્રમિક વર્ગને સક્ષમ પગારવાળી રોજગારી અનેરોજે રોજ કામની જરૂર છે. શ્રમિક વર્ગ માટે સોશિયલ સિક્યુરીરીટી સ્કીમ પેટે પીએફ તેમજ મેડિકલ સારવાર માટે ઈએસઆઈ તે કોઈપણ યુનિટને કોઈપણ એકઝમસન આપ્યા વગર સ્ટાર્ટિંગથી કપાય તે મુજબ વ્યવસ્થા કરવી જોઈએ કે જેથી શ્રમિકો પોતાની પાછળની જિંદગી કોઈપણ પ્રકારની લાચારી વગર જીવી શકે અને આખી જિંદગી મજૂરી કર્યા પછી રૂા.૪૦૦ની કિંમતના અનાજની લાઈનમાં ઉભા રહેવું ના પડે. શ્રમિકોના રહેઠાણ બાબતે જો વાત કરીયે તો રાજ્ય સરકારની હાઉસીંગ સોસાયટીઓ કે જે બિલકુલ સ્લમ એરિયામાં હોય છે. જ્યાં ગંદકી, વીજળીનાં ધાંધીયા હોય છે, પીવા માટે શુદ્ધ પાણી પણ હોતું નથી તેમજ બાળકો માટે નજીકમાં સારી સ્કૂલનો અભાવ હોવાથી તેઓ સ્કિલ એજ્યુકેશન લઈ શકતા નથી. શ્રમિકોનાં વસવાટ માટેના હાઉસીંગનાં મકાનો પણ ૩૦ થી ૪૦ વર્ષે ખખડી જાય, પડી જાય, જર્જરિત થઈ જતા હોય છે જેને સરકારે ફંડ આપી રિસ્ટ્રકચર કરવાની જરૂર છે.

શ્રમિકોને કોઈપણ મદદ મળતી નથી તેઓ ફક્ત સરકારી સહાય પર આધારિત હોય છે. સરકારી સહાય લેવા માટે તેમની પાસે કોઈ જાણકારી હોતી નથી જેના લીધે સરકારી યોજનાનો યોગ્ય લાભ તેમને મળતો નથી, આથી અયોગ્ય માણસો એજન્ટો દ્વારા અને ઓળખાણ દ્વારા લાયકાતમાં સમાવેશ થતો ના હોવા છતાં ખોટા લાભ લઈ જાય છે. ESI, PF જેવી બીજી સરકારી યોજનાઓ છે તેમાં શ્રમિકોના પરિવારોને ખાસ અગ્રીમતા આપવી જોઈએ. સરકાર જે પણ યોજનાઓ બનાવે છે. જેમાં માઈક્રો ઈન્ડસ્ટ્રીઝ, કોટેજ ઈન્ડસ્ટ્રીઝ સુધીના ઉદ્યોગોને ઈન્સેન્ટીવની જરૂર છે. બાકીના નાણાં ૭૪ કરોડ શ્રમજીવીઓ માટે વાપરવા જોઈએ.

# જૂનાગઢ ભારતીય મજદુર સંઘ દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે વિનામૂલ્યે કાપડની થેલીનું વિતરણ કરાશે


જૂનાગઢ તા.૨૬

પર્યાવરણના પ્રદૂષણમાં પ્લાસ્ટિકનો ફાળો મહત્ત્વનો હોય જેને નાથવા જૂનાગઢ ભારતીય મજદુર સંઘ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કાપડની ૧૦હજાર થેલીનું વિના મૂલ્યે વિતરણ કરવામા આવશે. આ અંગે ભારતીય મજદુર સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ નવનીતભાઈ શાહે જણાવ્યું હતું કે, આગામી તારીખ ૨૮ ઓગસ્ટને શનિવારે પર્યાવરણ દિવસ નિમિત્તે આઝાદ ચોક ખાતે રાહદારીઓને વિનામૂલ્યે કાપડની થેલીઓનું વિતરણ કરી પ્લાસ્ટિકના દુષણને ડામવા પહેલ કરાશે. આ કાર્યક્રમને સફળ બનાવવા નવનીતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ રતિલાલભાઈ નિમ્બાર્ક, વિમલભાઈ ત્રિવેદી, જનકભાઈ દાણીધારીયા, ચંદુભાઈ ભીભા, ધીરૂભાઈ સોલંકી, ભુરાભાઈ માંડણ, રૂપલબેન પાણખાણીયા, રસીદાબેન ઠેબા, કમલેશભાઈ આચાર્ય તેમજ અપારનાથી બાપુ સહિતના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિસાવદરનાં લાલપુર ગામેથી ઈંગલીશ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૨૬

વિસાવદર પોલીસે લાલપુર ગામે દારૂ અંગે દરોડો પાડતા નાથાભાઈ માંડણભાઈ વિરમ (ઉ.વ.૨૨)નાં કબ્જાવાળા વાહનમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ બોટલ નંગ-૧૧ તેમજ મોટર સાયકલ વગેરે મળી કુલ રૂા. ૧૪૪૦૦નો મુદામાલ જપ્ત કરેલ છે. જયારે દારૂ પુરો પાડનાર હાજર નહી મળી આવેલ રામકુભાઈ જગુભાઈ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.





# મીઠાપુર પાસેથી ગેરકાયદેસર ઈન્દ્રજાળ, શંખ સાથે ઝડપાયેલો શખ્સ જેલ હવાલે



ખંભાળિયા તા.૨૬

ઓખામંડળના મીઠાપુર વિસ્તારમાંથી વાઈલ્ડ લાઈફ વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત મીઠાપુર પંથકમાં રહેતા વિજય લખમણ પરમાર નામના ૫૦ વર્ષીય દેવીપૂજક આધેડને પ્રતિબંધિત એવા સી ફેન (ઈન્દ્રજાળ) અને શંખના જથ્થા સાથે બે દિવસ પૂર્વે દબોચી લેવામાં આવ્યો હતો. દરિયાઈ વન્યજીવસૃષ્ટિ કેજેએક અમૂલ્ય વારસો ગણવામાં આવે છે, તેને વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એક્ટ ૧૯૭૨ હેઠળ રક્ષિત જાહેર કરવામાં આવી છે. આ સંદર્ભે વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ ગાંધીનગરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં કોઈપણ પ્રકારની મંજૂરી વગર મેળવીને રાખવામાં આવેલા ૧૨૨ નંગ ઈન્દ્રજાળ તથા ૨૧૮ કિલોગ્રામ જુદા જુદા પ્રકારના શંખ તથા કોડીનો ૧૩ બાચકા જેટલો જથ્થો રાખવામાં આવતાં ફોરેસ્ટ વિભાગ દ્વારા આરોપી વિજય લખમણ પરમારની વિધિવત રીતે ધરપકડ કરી, ગઈકાલે બુધવારે સાંજે દ્વારકાની અદાલતમાં રજૂ કરી, વિવિધ મુદ્દે પાંચ દિવસના રિમાન્ડ માંગણી કરવામાં આવતા નામદાર અદાલતે આ માંગણી ગ્રાહ્ય રાખી નહતી. ત્યારે આરોપી દ્વારા જામીન માટે અરજી મુકવામાં આવતા અરજી અદાલતે ફગાવી દઈ અને આરોપીને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. આ પ્રકરણ બાદ ફોરેસ્ટ વિભાગ દ્વારા આ પ્રકારની પ્રતિબંધિત ચીજવસ્તુઓ મંગાવનાર તથા રાખનાર અન્ય ઈસમોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.


# ભગવાન દ્વારકાધીશજીને છપ્પન ભોગ મનોરથ ધરાયો



દ્વારકા તા.૨૬

ચાર ધામ પૈકીનાં એક સુપ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકાનાં જગત મંદિરમાં દુર દુરથી અનેક ભાવિકો ભગવાન દ્વારકાધીશજીને શિશ ઝુકાવવા માટે આવે છે. મનોકામના પૂર્ણ થતા ભાવિકો દ્વારા ભેટ સોગાદો પણ અર્પણ કરવામાં આવે છે. આવી જ રીતે પરમ ભકત દ્વારા ભગવાન દ્વારકાધીશજીને છપ્પન ભોગ મનોરથ ધરવામાં આવ્યો હતો. આ મનોરથ દર્શનનો મોટી સંખ્યામાં ભાવિકોએ કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી.

# દ્વારકાધીશને ભકત પરિવાર દ્વારા ચાંદીનાં આભુષણ અને આરતી અર્પણ



દ્વારકા તા.૨૬

શ્રી દ્વારકાધીશજીના પરમ ભકત પરિવાર દ્વારા ગઈકાલે બુધવારને ૨૫ ઓગસ્ટ ૨૦૨૧ના પવિત્ર દિવસે શ્રીજીને ચાંદીના આભૂષણો જેમાં શંખ, ચક્ર, ગદા પદ્મ, મુગટ, હીરા મોતી જડીત હાર અર્પણ કરવામાં આવ્યા હતા. જયારે મંગળવારને ૨૪ ઓગસ્ટ ૨૦૨૧ના પવિત્ર દિવસે યાત્રાધામ દ્વારકામાં શ્રી દ્વારકાધીશજીના પરમ ભકત દ્વારા શ્રીજીને ચાંદીની આરતી અર્પણ કરવામાં આવી હતી.

# વરસાદ ખેંચાતા પાણીની તંગી હોય તેવા વિસ્તારમાં પીવાનું પાણી, સિંચાઈનું પાણી, પશુઓ માટે પૂરતા ઘાસચારાની વ્યવસ્થા કરવા કોંગ્રેસની માંગ

અમદાવાદ તા.૨૬

ગુજરાત રાજયમાં ચોમાસાની અડધી સીઝન વીતી ગઈ હોવા છતાં ખૂબ જ અપૂરતો વરસાદ અને કેટલાક વિસ્તારોમાં નહીવત્ વરસાદને કારણે દુષ્કાળ જેવી સ્થિતિમાં ખેડૂતોનો ઉભો પાક મુરઝાઈ રહ્યો છે અને જયાં પાણી છે ત્યાં વીજળીના અભાવે સિંચાઈ થઈ શકતી નથી. જેના કારણે ખેડૂતોનું મોંઘા ભાવનું બિયારણ નિષ્ફળ ગયું છે અને ખાતર તથા દવાનો ખર્ચો માથે પડ્યો છે. અનાવૃષ્ટિની આ પરિસ્થિતિમાં ખેડૂતોના મુરઝાઈ રહેલા ઉભા પાકનો તાત્કાલિક સર્વે કરાવીને નુકસાનીનું ૧૦૦% વળતર આપવાની માંગણી સાથે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ખેડૂતોને મદદ અને સહાય જાહેર કરવા માંગણી ઉઠી છે.

વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં વધુમાં જણાવેલ કે, સમગ્ર રાજ્યની પ્રજા હાલ જયારે કોરોના, તાઉતે વાવાઝોડાની કુદરતી આપત્તિઓ બાદ અનાવૃષ્ટિની કુદરતી આપત્તિનો સામનો કરી રહી છે તેવા સમયે રાજય સરકારે ખાસ કરીને ખેડૂતો, પશુપાલકોની વ્હારે આવી, અનાવૃષ્ટિની કુદરતી આપત્તિથી બચાવવા માટે અછત મેન્યુઅલની જોગવાઈ, મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની જોગવાઈ મુજબની વ્યવસ્થા તાત્કાલિક કરવી જરૂરી છે. આ વરસે સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજયમાં ખૂબ જ અપૂરતો વરસાદ થયેલ છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ખેડૂતોએ કોરોના મહામારીમાં સહન કરેલ માર બાદ તૌકતે વાવાઝોડાએ પારાવાર નુકસાન પહોંચાડ્યું હતું. ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર જિલ્લાઓમાં તૌકતે વાવાઝોડાના કારણે ખેડૂતોના ઉભા પાક અને બાગાયતી પાકો સંપૂર્ણ નાશ પામેલ. તૌકતે વાવાઝોડાના કારણે વીજ ક્ષેત્રે થયેલ તારાજી બાદ પણ આ જિલ્લાઓમાં મોટાભાગના ખેતરોમાં ખેતીવિષયક વીજ પુરવઠો પૂર્નઃ ચાલુ થઈ શકેલ નથી. આજે જયારે ચોમાસાની અડધી સીઝન બાદ પણ પૂરતો વરસાદ થયો નથી ત્યારે ખેડૂતોના કૂવાના તળમાં પાણી હોવા છતાં વીજળીના અભાવે ખેડૂતો સિંચાઈ કરી શકતા નથી અને પાક બચાવી શકતા નથી.

કોરોના અને તૌકતે વાવાઝોડાની કુદરતી આપત્તિઓ બાદ ખેડૂત થોડો ઘણો બેઠો થયેલ અને ચોમાસાની શરૂઆતમાં પ્રથમ સારો વરસાદ થતા ખેડૂતોએ મોંઘા ભાવે બિયારણ ખરીદીને વાવેતર કર્યું હતું. આજે ચોમાસાની અડધી સીઝન બાદ પણ વરસાદ નહીં થતાં ખેડૂતોનો પાક મુરઝાઈ રહ્યો છે, જેથી ખેડૂતોની હાલત પડતા ઉપર પાટુ જેવી થયેલ છે.

## સરકારે ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરી વ્યવસ્થા તાત્કાલિક કરવા માંગણી કરી છે

(૧) રાજ્યમાં જે ખેડૂતોના કૂવામાં પાણીના તળ ઊંડા છે તેવા ખેડૂતોને સતત ૧૪ કલાક ખેતીવિષયક વીજળી પૂરી પાડવી, જેથી ખેડૂત પોતાનો ઉભો પાક બચાવી શકે.

(૨) ખેડૂતોનો ઉભો પાક પાણીના અભાવે મુરઝાઈ રહ્યો છે તેનો તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને નુકસાનીનું ૧૦૦% વળતર ચૂકવવું.

(૩) તાઉતે વાવાઝોડાથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં ખેતવિષયક વીજ પુરવઠો પૂર્નઃસ્થાપિત કરવો.

(૪) પશુઓ માટે પૂરતા ઘાસચારાની વ્યવસ્થા કરવી.

(૫) રાજ્યના જે વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી હોય ત્યાં નાગરિકો અને પશુઓ માટે પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવી.

# ખંભાળિયા નજીક ગેરકાયદેસર રીતે મોરમ ભરેલા અડધો ડઝન ટ્રક ઝબ્બે

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયા-સલાયા માર્ગ ઉપરથી ગત રાત્રીના પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવેલી ચેકિંગ કાર્યવાહીમાં અડધો ડઝન જેટલા ગેરકાયદેસર રીતે મોરમ ભરેલા ડમ્પરને પકડી પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગેની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા વિસ્તારના પ્રાંત અધિકારી પ્રશાંત મંગુડા દ્વારા અહીંના ખાણ ખનીજ વિભાગના સ્ટાફને સાથે રાખીને ગઈકાલે કરવામાં આવેલી આ કામગીરી અંતર્ગત ખંભાળિયાથી સલાયા તરફના રસ્તા ઉપર આવેલા એક તળાવમાંથી કેટલાક શખ્સો દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર તળાવમાંથી મોરમ કાઢવામાં આવતી હતી. પ્રાંત અધિકારી તથા ખાણ ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવેલા આ ઓપરેશનમાં છ જેટલા વાહનો મારફતે લઈ જવામાં આવતો આ પ્રકારનો મોરમનો જથ્થો મળી આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકરણ અંગે તંત્ર દ્વારા જમીન માપણી સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## સંતોનું રહસ્ય -સંત દર્શનસિંહજી મહારાજ



સંતો પ્રેમનું વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ નિસ્વાર્થ સેવા અને બલિદાનના આદર્શનું પ્રતિનિધિત્વ કરે છે કે જે દૈવી પ્રેમની અનિવાર્ય અભિવ્યક્તિ છે. એવું કહેવાય છે કે, જે પરમાત્માને પ્રેમ કરે છે તે પોતાના ભાઈઓ અનેબહેનોને પણ પ્રેમ કરે છે.

આધ્યાત્મિક પ્રેમ સક્રિય છે. તે નિષ્ક્રિય નથી. તે આપવા, આપવા અને આપવા જ માંગે છે ક્યારે લેવા માંગતો નથી. ચાલો આપણે સંતોના સર્વોચ્ચ બલિદાનને ધ્યાનમાં લઈએ. તેઓ માનવતા ખાતર પોતાનું જીવન આપવા તૈયાર હોય છે અને તેમના કરુણાની હદ એ છે કે તેઓ પોતાને હેરાન કરવા વાળા ને પણ પ્રેમ કરે છે. તેઓ નફરતના બદલામાં પ્રેમ અને આશીર્વાદ આપે છે. આપણને આશ્ચર્ય થશે કે આ કેવી રીતે શક્ય છે પરંતુ સંતો નું રહસ્ય એ છે કે તેઓ તમામ જીવને એક તરીકે જુએ છે. તેઓ બધા માં ભગવાનનો પ્રકાશ જુએ છે. તેમના માટે કોઈ વ્યક્તિ અજાણી નથી, કોઈ વિદેશી નથી અને કોઈ દુશ્મન નથી. તેમનો પ્રેમ અમર્યાદિત છે અને ક્ષમા માટેની ક્ષમતા ભગવાન જેટલી અનંત છે. સંતો વિશ્વમાં ભગવાનના પ્રેમનું સંપૂર્ણ રીતે પ્રતિનિધિત્વ કરે છે. ખરેખર ક્ષમાને અત્તર તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે જ્યારે ફૂલોની કચડી નાખવામાં આવે છે છતાં તેમનાથી અત્તર મળે છે. સંતો દૈવી સુગંધના સાચા બગીચા છે. તેમનો પ્રેમ બધાને ઘેરી લે છે અને તેઓ બધાને અપનાવે છે. નમ્રતા તેમની શોભા છે. જેમકે એક શ્લોકમાં કહ્યું છે

"નમ્રતા અને પ્રેમ એ ભગવાનની અમૂલ્ય ભેટો છે."

તે પ્રેમ છે જે અન્યનું દુઃખ વહેચવામાં અને ખુશીઓની વહેંચવા માટે આપણું હૃદય ખોલે છે. તે નમ્રતા છે કેજે આપણને નીચા અને ગરીબો, ત્યજી દેવાયેલા અને ભૂલી ગયેલા લોકો સુધી પહોંચવા માટે પ્રેરણા આપે છે. આપણા દયાના કાર્યોની તીવ્રતા મહત્વની નથી પરંતુ એ જે પ્રમાણિકતા સાથે કરવામાં આવે છે તે મહત્વની છે.

## આવતીકાલ શુક્રવારે નાગપાંચમ

શ્રાવણ વદ પાંચમને શુક્રવાર તા. ૨૭-૮-૨૧નાં દિવસે નાગપાંચમ છે. તા. ૨૮-૮-૨૧ શનિવારે રાધંણ છઠ્ઠ છે. તા. ૨૯-૮-૨૧ રવિવારે શિતળા સાતમ છે. તા. ૩૦-૮-૨૧ સોમવારે જન્માષ્ટમી છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો, વ્રતો અને સંસ્કારો સાથે ખાસ સંબંધ છે. વેદોમાં પણ આનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન કાળથી આર્યપ્રજા વ્રત ઉપાસના સાથે પશુ-પક્ષીની પુજા કરતા હોય આને લીધે જ ભારતીય સંસ્કૃતિ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. અને ભગવાન મહાદેવજીને પશુપતીનાથ કહેવામાં આવે છે. નાગપાંચમનાં દિવસે સવારનાં વહેલા ઉઠી નિત્યકર્મ કરી ઘરના પાણીયારે અથવા મંદિરે દિવો કરી બાજરા, કુલેર, નાળીયેર સાથે તલવટ કરી આગલા દિવસે પલાળેલા મગ, મઠ અને કઠદળનું નૈવેધ ધરવું. એકટાણું કરવું. પૂજન કરતી વખતે નવકુળ નાગદેવતાનાં નવનામો બોલવા. અનંત, વાસુકી, શંખ, પદમનામ, કેઠબલ, શંખપાલ, ધૃતરાષ્ટ્ર, તક્ષક તથા પીંગલ નામો બોલી નાગદેવતાને આખુ વર્ષ નિરોગી રહીએ તેવી પ્રાર્થના કરવી. આમ નાગપાંચમનાં દિવસે વ્રત અને પૂજન કરવાથી જન્મ કુંડળીમાં નાગદોષ, પિતૃદોષ હોય તો રાહત મળે છે. ઉપરાંત બિહામણા સ્વપ્ન દૂર થાય છે. જન્મ કુંડળીમાં રાહુ નબળો હોય તો નાગપાંચમનાં દિવસે ઉપવાસ કરી અને નાગદેવતાનું પૂજન કરવાથી રાહત મળે છે.

-શાસ્ત્રી રાજદીપ જોષી, વૈદાંતરત્ન.

# રાજકોટમાં રાજગોર સમાજને એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરતા પૂ. મુકતાનંદબાપુ



જૂનાગઢ તા. ૨૬

રાજકોટમાં કોવીડની મહામારી સમયે રાજગોર બ્રાહ્મણ પરીવાર કોવીડ કમીટી દ્વારા રાજકોટખાતે કોવીડ સેન્ટર શરૂ કરવામાં આવેલ જે સેવા દરમ્યાન સમગ્ર રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ તરફથી સ્વૈચ્છીક ફંડ આપવામાં આવેલ જે કોવીડ સેન્ટરનાં તમામ ખર્ચ બાદ કરતા બચત રકમમાંથી સમાજમાં ખાસ કરીને જરૂરીયાત છે એવી એમ્બ્યુલન્સ વસાવવામાં આવેલ છે. જેનું ગઈકાલે રાજકોટ ત્રંબા ભરાડ વિદ્યાલય ખાતે અખીલ ભારત સાધુ સમાજનાં પ્રમુખ પૂ. મુકતાનંદબાપુનાં વરદ હસ્તો ઉદઘાટન કરવામાં આવેલ. આ તકે ગીજુભાઈ ભરાડ, જયંતીભાઈ તેરૈયા, જતીનભાઈ ભરાડ, ડી.વી. મહેતા, સંજયભાઈ દવે, બંકિમભાઈ મહેતા, જયેશ દવે સહીતનાં ઉપસ્થિત રહયા હતાં.

# શ્રી શાહ એચ.ડી.હાઈસ્કૂલનાં રંગમંચ ઉપર ઉના તાલુકા યુવા ઉત્સવ ૨૦૨૧ સંપન્ન

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૬

ઉના તાલુકાનો યુવા ઉત્સવ દિનાંક ૨૫-૮-૨૦૨૧ના રોજ શ્રી શાહ એચ.ડી. હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. જેમાં અ અને બ વિભાગની સાહિત્ય વિભાગની વકતૃત્વ, નિબંધ, પાદ્પૂર્તિ, ગઝલ શાયરી લેખન, કાવ્ય લેખન, દોહા છંદ ચોપાઈ, લોકવાર્તા, કલા વિભાગની સર્જનાત્મક, ચિત્રકલા અને સાંસ્કૃતિક વિભાગની લગ્નગીત, હળવું કંઠ્ય સંગીત, લોકવાદ્ય સંગીત, એકપાત્રિય અભિનય, ભજન, સમૂહગીત, ઉક્ત તમામ સ્પર્ધામાં સ્પર્ધક વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય ડો. કે.જે. ગોસ્વામીએ ખુબ જહેમત ઉઠાવી હતી. ક્રિષ્નન મહેતા બ વિભાગના હળવું કંઠ્ય સંગીતમાં પ્રથમ અને મૃગનયની મહેતા અ વિભાગની હળવા કંઠ્ય સંગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાને વિજેતા રહ્યા હતા. આ વિજેતાઓને શાળાના આચાર્ય કે.જે. ગોસ્વામીએ પુરસ્કાર અને



પ્રમાણપત્ર અર્પણ કરી સત્કાર્યા હતા. કાર્યક્રમમાં સ્પર્ધક ભાઈ-બહેનોના ઉત્સાહ વર્ધન માટે નાયબ મામલતદાર ઉના, શાળાના ટ્રસ્ટીગણ તથા ઉચ્ચ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથના સાંનિધ્યમાં યોજાઈ ઓસમાણ મીરની ભજન સંધ્યા



વેરાવળ, તા.૨૬

જેમના કંઠનો આહ્લાદ વિશ્વભરમાં વસતા ભારતીયોને આકર્ષે છે એવા ગાયક - સ્વરકાર ઓસમાણ મીરની સુંદર ભજન સંધ્યા તાજેતરમાં વિખ્યાત તીર્થ સોમનાથમાં યોજાઈ હતી. શિવ ભક્તિના અનેક ભજનો, સ્તુતિ , આરતી ગાનાર ઓસમાણ મીર સોમનાથના દર્શન કરવા અનેકવાર જાય છે. ત્યાં પોતાનું આ વર્ષનું શિવ ભજન પણ હમણાં લોન્ચ કર્યું હતું. ત્યાર બાદ થોડા જ દિવસ અગાઉ ભીખુભાઈ ધામેલીયા પરિવાર તરફથી સોમનાથના સાંનિધ્યમાં ભજન સંધ્યા યોજાઈ હતી જેમાં શિવ ભક્તિ અને અન્ય રચનાઓ ગાઈ ને ઓસમાણ મિરે લોકોના હૈયા જીતી લીધા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. ઓસમાણ મીરને એમણે શુભેચ્છા પાઠવી હતી. શિવભક્તો માટે, સંગીત રસિકો માટે આ કાર્યક્રમ યાદગાર બની ગયો હતો.

-: ટચુકડી જાહેરાત:-


અત્રેની RTO કચેરી, જુનાગઢ ખાતે આવેલ સોલાર 20 KW પાવર પ્લાન્ટ માટે 25 x 3.5 નો ૮૦ મીટર એ.સી પાવર કેબલ બદલી પાવર પ્લાન્ટ કાર્યરત કરી આપવા અર્થે વાયર તથા લેબર ચાર્જ સહિતના કામ માટે ઓફલાઇન સ્પર્ધાત્મક ભાવો તા-૩૧/૦૮/૨૦૨૧ સુધીમા રસ ધરાવતી પાર્ટી પાસે રૂબરૂ માંગવામા આવે છે, તે અંગેની શરતો, સુચનાઓ તથા અન્ય માહિતી RTO કચેરી, ખામધ્રોળ રોડ, જુનાગઢ ખાતેથી રૂબરૂ મેળવી લેવી. માહિતી સંપર્ક માટે: ૦૨૮૫- ૨૬૧૦૬૬૧

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
જુનાગઢ

માહિતી/જુના/૪૫૧/૨૧

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં જન્માષ્ટમી પર્વ ઉજવવા લોકોમાં ઉત્સાહ

## આજે બોળચોથ અને આવતીકાલે નાગપંચમીની ઉજવણી : સરકારની ગાઈડલાઈન અંતર્ગત નિયમોનું પાલન કરાશે




જૂનાગઢ તા.૨૬

શ્રાવણ માસનાં બીજા પખવાડીયામાં ખાસ કરીને બોળચોથ, નાગપાચમનાં દિવસથી જન્માષ્ટમીનાં તહેવારોની ઉજવણીની શ્રૃંખલા શરૂ થતી હોય છે. થોડોઘણો વરસાદ પડી ગયો છે ત્યારે વાતાવરણ પણ સ્વચ્છ અને ખૂશનુમા જોવા મળી રહ્યું છે. કોરોનાને કારણે કડક પાબંધી બાદ હાલ તહેવારોમાં ધીમે-ધીમે સરકારે અનેક પ્રકારની છૂટ મુકી છે ત્યારે જન્માષ્ટમી પર્વ ઉજવવા અનેરો ઉત્સાહ પર્વતી રહ્યો છે. આજ ગુરૂવારનાં બોળચોથના દિવસથી જન્માષ્ટમીના તહેવારનો પ્રારંભ થયો છે. આજે સવારે ગાય માતાનું પૂજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને આવતીકાલે નાગપંચમીની ઉજવણી થશે. નાગ દેવતાનાં મંદિરોમાં પૂજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવશે. આ સાથે જન્માષ્ટમીનાં તહેવારોની ઉજવણીનો પ્રારંભ થયો છે. જૂનાગઢવાસીઓમાં તહેવારોને ઉજવવાનો અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. કોરોનાના કારણે લાંબા સમય સુધી ઘરમાં કેદ રહ્યા બાદ હવે કોરોનાની બીજી લહેર લગભગ સમાપ્તીના આરે પહોંચી હોય લોકોએ પણ રાહતનો શ્વાસ લીધો છે. સાથે અનેક પરિવારોએ તો ફરવા જવાના પ્લાનીંગ પણ બનાવી લીધા છે. આજે ગુરૂવારના રોજ બોળચોથથી જન્માષ્ટમી પર્વની શરૂઆત થઈ છે અને અનેક ઘરોમાં ગાયનું પૂજન કરવામાં આવ્યુંહતું. જોકે, અનેક લોકોએ ૨૫ ઓગસ્ટે બુધવારે બોળચોથ મનાવી ગાયનુંપૂજન કર્યુ હતું. દરમ્યાન આવતીકાલે ૨૭ ઓગસ્ટ શુક્રવારે નાગપંચમી હોય લોકો દ્વારા રૂમાંથી નાગલા બનાવી નાગ દેવતાનું પૂજન કરવામાં આવશે. ત્યારબાદ ૨૮ ઓગસ્ટ શનિવારે રાંધણ છઠ્ઠની ઉજવણીકરવામાં આવશે.

આ દિવસે મોટાભાગનાઘરોમાંવિવિધ વાનગીઓબનાવવામાં આવશે. જ્યારે રાંધણ છઠ્ઠના દિવસે રસોઈ કરી લીધા બાદ ચૂલા ઠારવા માટેનુંમુહુર્ત સવારે ૭:૩૦થી ૯:૩૦, બપોરે ૧૨ થી ૪:૩૦ અને સાંજે ૬ થી ૭:૩૦નું રહેશે. રવિવાર ૨૯ ઓગસ્ટે શિતળા સાતમની ઉજવણી કરવામાં આવશે. આ દિવસે અનેક પરિવારો ધાર્મિક માન્યતા મુજબ ચૂલા પેટાવશે નહિ અને શનિવાર રાંધણછઠ્ઠના દિવસે બનાવલું ભોજન કરશે. દરમ્યાન સોમવાર ૩૦ ઓગસ્ટે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. મધ્યરાત્રીના ૧૨ વાગ્યે અનેક ઘરોમાં તેમજ મંદિરોમાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ મનાવાશે. જન્માષ્ટમીની ઉજવણીમાં મર્યાદિત સંખ્યામાં પણ લોકો હાજર રહી શકે તે માટે રાત્રી કર્ફ્યૂનો સમય ૧૧ વાગ્યાના બદલે રાત્રીના ૧ વાગ્યાથી લાગુ કરવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. જૂનાગઢ પ્રવાસન ધામ હોય અનેક લોકો સાતમ આઠમના તહેવારને લઈ જૂનાગઢમાં આવશે. આ ઉપરાંત અનેક પરિવારોએ જૂનાગઢથી બહારગામ ફરવા જવાના પ્લાન પણ બનાવી લીધા છે. આમ જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતમાં જન્માષ્ટમીનાં તહેવારોની ઉજવણીનો માહોલ પ્રર્વતી રહ્યો છે.

## જૂનાગઢમાં સતત બીજા વર્ષે કોરોનાને લઇ જન્માષ્ટમીની શોભાયાત્રા રદ

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢમાં કોરોનાના કારણે સતત બીજા વર્ષે જન્માષ્ટમીની શોભાયાત્રા રદ કરવામાં આવી છે. આ અંગે શહેરમાં જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરતા હરિ ઓમ ચેરીટેબલ ટ્રસ્ટના દિપેનભાઈ યાદવે જણાવ્યું હતું કે, ગત વર્ષે કોરોનાના કારણે સરકારની મનાઈના કારણે શોભાયાત્રા કાઢવામાં આવી ન હતી. આ વર્ષે સરકારે અમુક મર્યાદિત સંખ્યા અને કોરોનાની ગાઈડ લાઈનના પાલન સાથે શોભાયાત્રા કાઢવાની પરમિશન આપી છે. પરંતુ કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ધ્યાને રાખી લોકોના આરોગ્યના હિતને લઈ શોભાયાત્રા કાઢવાનું રદ કરાયું છે. દરમ્યાન શહેરમાં વિવિધ ૩૦ થી વધુ વિસ્તારોમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ તકે શહેરના રહેણાંક વિસ્તાર, ગલી, મહોલ્લા, સોસાયટીમાં સુશોભન અને સફાઈ હરિફાઈ, ચિત્ર હરિફાઈ, રંગ પૂર્તિ હરિફાઈ, વેદ, પુરાણ અને શાસ્ત્રોક્ત જ્ઞાન કસોટી, વેશભૂષા હરિફાઈ, કરાઓકે આધારિત ગીત હરિફાઈનું આયોજન કરાયુંછે. આ તમામ સ્પર્ધા માટે ૨૭ઓગસ્ટ સુધીમાં ઓનલાઈન અથવા સંસ્થાની ઓફિસ તેમજ ચામુંડા ગ્રાફિક્સ, સહકાર ભવન, તળાવ દરવાજા ખાતે ફોર્મ ભરી ૨૯ ઓગસ્ટ સુધીમાં પરત કરવાના રહેશે. જ્યારે ૩૦ ઓગસ્ટના રાત્રીના ૮ થી ૯ દરમ્યાન સવરા મંડપ, ગિરનાર દરવાજા ખાતે ઈનામ વિતરણ કરાશે.

## લાઈસન્સ વગર વાહન ચલાવનારોઓ સામે જૂનાગઢ પોલીસ કડક કાર્યવાહી કરશે





જૂનાગઢ તા.૨૬

તાજેતરમાં જૂનાગઢ શહેર તથા જિલ્લામાં શાળાઓ ચાલુ થયેલ હોઈ, જૂનાગઢ પોલીસ તરફથી ટીન એજરો દ્વારા લાયસન્સ વગર ચલાવવામાં આવતા વાહનો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે ઝુંબેશ ચાલુ હોય, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા શાળામાં ભણવા આવતા વિદ્યાર્થીઓ, કે જેઓ લાયસન્સ વગર વાહનો ચલાવે છે, તેના ઉપર અંકુશ લાવવા તમામ થાણા અમાલદારોને કાર્યવાહી કરવા સુચનાઓઆપવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં પણ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આપવામાં આવેલ સૂચના આધારે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર એ, બી, સી ડિવિઝન અને તાલુકા પોલીસ સ્ટેશનમાં આવતી શાળાઓના સંચાલકો અનેપ્રિન્સિપાલને પણ પોતાની સ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓ વગર લાયસન્સએ વાહનચલાવી ના આવે તેબાબત વાલીઓને પણ જાણ કરવા અને આવા વિદ્યાર્થીઓ વગર લાયસન્સએ વાહન ચલાવતા મળી આવે, વાલીઓને જવાબદાર ગણવામાં આવશે, એ બાબતે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ અધિકારીઓ દ્વારા લેખિત પણ જાણ કરવામાં આવેલ છે. આમ, ટીન એજરો દ્વારા વગર લાયસન્સએ વાહન ચલાવી, અકસ્માત કરવામાં આવે છે અને પોતાની તેમજ સામાવાળાની જિંદગી જોખમમાં મુકવામાં આવે છે, તે બાબત જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા ગંભીરતાથી લઈ, ટીન એજરો દ્વારા કોઈ ગુન્હો ના કરી બેસે અને વાલીઓના દીકરા દીકરીને ઈજા ના થાય કે વધુ ગંભીર બનાવ ના બને તે માટે ખાસ ઝુંબેશ દરમ્યાન કાર્યવાહી હાથ ધરવામાં આવતા, પ્રજામાં જૂનાગઢ પોલીસની ભાવનાને લઈને પ્રસંશા થઈ રહી છે.

## જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં પોલીસનાં જુગાર દરોડા : સંખ્યાબંધ પત્તાપ્રેમીઓને ઝડપી લેવાયા

જૂનાગઢ તા. ૨૬


જૂનાગઢ સહિત સોરઠ પંથકમાંઠેરઠેર જુગારનાં વ્યાપક દરોડા પોલીસે પાડી સંખ્યાબંધ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. બી ડીવીઝન પોલીસે ગઈકાલે ગીરીરાજ રોડ, મારવેલ એપાર્ટમેન્ટનાં પાર્કીંગમાં જુગાર અંગે દરોડો પાડતાજાહેરમાં જુગાર રમતા ૭ મહિલાઓને રૂા.૪૪૬૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. જયારે વિસાવદર તાલુકાનાં ઢેબર ગામે વિસાવદર પોલીસે જુગાર અંગે દરોડો પાડતા ૧૦ શખ્સોને જુગાર રમતા રૂા.૯૭૪૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત ભેસાણ પોલીસો વાઘણીયા ગામની સીમમાં જુગાર અંગે દરોડો પાડતા એક રહેણાંક મકાનમાંથી ૯ શખ્સોને કુલ રૂા. ૧,૦૧,૭૫૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે કેશોદ ખાતેથી જાહેરમાં જુગાર રમતા બે શખ્સોને રૂા.૨૫૩૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત વંથલી પોલીસે ધણફુલીયા ગામેથી ૬ શખ્સોને રૂા.૫૭૨૦ની રોકડ સાથે ઝડપી લીધેલ છે. માણાવદર પોલીસે માંડોદરા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૬ને ઝડપી લઈ કુલ રૂા.૧૬૫૦નો રોકડ મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે જૂનાગઢ સી ડીવીઝન પોલીસે સંજયનગર જતા રોડ ઉપરથી જાહેરમાં જુગાર રમતા પાંચ પુરૂષ અને બે મહિલા તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર સહિતનાઓને કુલ રૂા. ૬૭૫૩૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત એ ડીવીઝન પોલીસે ગીરનાર રોડ ઉપરથી જાહેરમાં વરલી - મટકાનાં જુગાર અંગે એક શખ્સની ધરપકડ કરી રૂા.૧૦૨૦નો મુદામાલ જપ્ત કરેલ છે. જયારે શીલ પોલીસે શીલ નજીક જાહેર રોડ ઉપર જુગાર રમતા ૬ શખ્સોને રૂા.૧૧૪૧૦નાંરોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે માળીયા હાટીના પોલીસે માળીયાથી વડાળા જતા રોડ ઉપરથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૫૫૧૬૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

## જૂનાગઢ રેન્જ ડીઆઈજી દ્વારા ડીવાયએસપી કચેરીનું ઈન્સપેકશન કરાયું



જૂનાગઢ તા. ૨૬ : જૂનાગઢ રેન્જનાં ડીઆઈજી મનીન્દર પ્રતાપસિંહ પવારે ગઈકાલે ડીવાયએસપી કચેરીનું ઈન્સપેકશન કર્યુ હતું. જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસન શેટ્ટી અને ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં ઈન્સપેકશન લેવાયું હતું. ડીવાયએસપી કચેરી ખાતે હેડકવાર્ટરનાં આર.એસ.આઈ. પીયુષ જોષી દ્વારા શ્રી પવારને ગાર્ડ ઓફ ઓર્નર આપવામાં આવેલ હતું. આ ઈન્સપેકશન દરમ્યાન જૂનાગઢ ડીવીઝનની કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, ટ્રાફીક સમસ્યાનાં નિર્મુલન અંગેની કામગીરી, અનડીટેકટ ગુનાઓનાં ભેદ ઉકેલવા સહિતની કામગીરીની સમિક્ષા કરી સંતોષ વ્યકત કરવામાં આવ્યો હતો.


## જૂનાગઢ જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન મેળવી ફરાર આરોપીને ધોરાજીમાંથી પકડી પાડતી જૂનાગઢ પેરોલ ફર્લો સ્કોડ



જૂનાગઢ તા.૨૬

પોલીસ મહાનિદેર્શક અને સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વે ગાંધીનગરનાઓની સુચના અનુસાર રાજયમાં પેરોલ ઉપર છુટેલ ભાગેડુ આરોપીઓ, વચગાળાના જામીન ઉપર મુક્ત ફરાર આરોપીઓને તેમજ ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને પકડવા જણાવેલ હોય જે અન્વયે જૂનાગઢ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીન્દર પ્રતાપસિંહ પવારની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવી તેજા વાસમ શેટ્ટીની સુચના તથા માર્ગદર્શન હેઠળ તેમજ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેતે હેતુ સારૂ ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા ખાસ પેરોલ ફર્લો સ્કોડને તેમજ જીલ્લા પોલીસ તંત્રને જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ એચ.આઈ. ભાટીના માર્ગદર્શન અને સુચના મુજબ પેરોલ ફર્લો સ્કોડના એ.એસ.આઈ. પ્રદીપભાઈ ગોહિલ, પો.હેડ કોન્સ. સંજયભાઈ વઘેરા, પો.હેડ કોન્સ. રમેશભાઈ માલમ, પો.કોન્સ. પ્રકાશભાઈ અખેડ, પો.કોન્સ. સંજયભાઈ ખોડભાયાનાઓની ટીમ દ્વારા જૂનાગઢ જીલ્લામાં જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને પકડવા તેમજ અસરકારક કામગીરી કરવા સારૂ જિલ્લા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી રાહે હક્કીત મળેલ કે જૂનાગઢ જેલમાંથી ત્રણેક માસ પહેલા જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના ગુ.ર.ન.થર્ડ ૨૪૨/૨૧ પ્રોહીબીશન અંતર્ગત કાચા કામનો આરોપી જગદિશ ચંદુભાઈ ચૌધરી (ઉ.વ.૩૦) રે.માખીયાળા તા.જૂનાગઢ વાળો વચગાળાના જામીન મેળવી જેલમાંથી છુટેલ હતો. મુદત પુરી થયે જેલ હાજર થવાનું હતું પરંતુ હાજર ન થઈ ફરાર થઈ ગયેલ હોય મજકુર આરોપી પોલીસની પકડથી નાસતો ફરતો હોય અને તે હાલ ધોરાજી ખાતે માલધારી હોટલમાં હાજર છે તેવી હક્કીત મળતા ઉકત જગ્યાએ તપાસમાં રહેતા મજકુર આરોપી મળી આવતા તેને હસ્તગત કરી જૂનાગઢ લાવી જિલ્લા જેલ ખાતે સોંપી આપવામાં આવેલ છે. (તસ્વીર : અમ્માર બખાઈ)

## સોમનાથ મંદિર સુરક્ષામાં તૈનાત પોલીસ ઇન્સ્પેકટર જી.એમ. રાઠવાનું ચાલુ ફરજે હાર્ટ એટેક આવતા મૃત્યું



વેરાવળ, તા.૨૬

છેલ્લા ચારેક માસથી સોમનાથ મંદિરની સુરક્ષામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર ગોવિંદભાઈ માનસીંગભાઈ રાઠવાને ગઈકાલે બપોરે બે વાગ્યે મંદિરમાં ફરજ બજાવી રહેલ હતા ત્યારે એકાએક તેમને છાતીમાં દુ:ખાવો ઉપડતા સાથે રહેલા પોલીસકર્મીઓ તુરંત અધિકારી રાઠવાને નજીકના પ્રભાસપાટણ સીએચસી કેન્દ્રમાં લઇ ગયેલ જયાંથી વધુ સારવાર અર્થે વેરાવળની બિરલા હોસ્પીટલમાં ખસેડેલ હતા. જયાં સારવાર કારગર નિવડે તે પહેલા જ તેમનું મૃત્યું નિપજતા પોલીસબેડામાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. બાદમાં અધિકારીના મૃતદેહને પીએમ અર્થે સરકારી હોસ્પીટલે ખસેડવામાં આવેલ. પોલીસ ઈન્સ્પેકટર રાઠવાનુંઅકાળેમોત થતા પોલીસઅધિકારીઓ અનેસાથી કર્મીઓ પણ સ્તબ્ધ બની ગયા હતા. પીઆઈ રાઠવા સોમનાથ સાંનિધ્યે તેમના પત્ની સાથે રહેતા હતા જયારે તેમના બે સંતાનો તેમના વતન છોટાઉદેપુર ખાતે રહેતા હોવાનું જાણવા મળેલ છે. તેઓને દુ:ખદ ઘટનાની જાણ કરેલ અને તેઓની રાહ જોવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

### ત્રણ દાયકાની સફરમાં કુનેહભરી કામગીરીથી કોન્સ્ટેબલથી પોલીસ ઇન્સ્પેકટર સુધી પહોંચેલ

તા.૧ જુન ૧૯૬૭નારોજ છોટાઉદેપુર ખાતે જન્મેલ જી.એમ. રાઠવા ઈ.સ.૧૯૯૦ માં કોન્સ્ટેબલ તરીકે ગુજરાત પોલીસ દળમાં જોડાયા હતા. બાદમાં ૨૦૦૯માં પ્રમોશનથી પીએસઆઇ બન્યા હતા. પીએસઆઇ તરીકે અમદાવાદમાં ત્રણ વર્ષ, ભરૂચમાં પાંચ વર્ષ ફરજ બજાવી હતી. જે ફરજના સમયગાળામાં અનેક અણઉકેલ ગુન્હાઓ ડીઝીટલ ટેકનીક અને કોઠાસૂઝથી ઉકેલી સફળતા મેળવી હતી. રાજકોટ શહેરમાં તેમની ફરજના કાર્યકાળ દરમ્યાન ઓનલાઈન ચીંટીગ કરતી ગેંગને રાજસ્થાનના કોટા શહેરથી અને ઝારખંડથી ઝડપી જેલ હવાલે કરેલ હતા. અમદાવાદમાં ફરજ દરમ્યાન ઓટીપી નંબર મેળવી નાણા પડાવતી ગેંગ બાબતના ૧૭ આરોપીઓને ઉતરપ્રદેશના ગાઝીયાબાદ, દિલ્હી અને ઢસાથી પકડી લઈ જેલ હવાલે કરેલ હતા. ઝગડીયા તાલુકામાં ત્રણ સીકયુરીટી જવાનોને બેભાન કરી લુંટ કરી ફરાર થયેલ ૧૧ આરોપીઓને રાતોરાત શોધી કાઢી ઝડપી લીધા હતા. સને ૨૦૧૮ના છેલ્લા મહિનાઓમાં ગીર સોમનાથ જીલ્લામાં તેમની નિમણૂંક થતા ત્યારથી લઈ ત્રણેક વર્ષથી ફરજા બજાવી રહેલ હતા. જેમાં પ્રભાસપાટણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર તરીકે અઢી વર્ષ સુધી ફરજ બજાવી હતી. જે સમયગાળામાં અનેક ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલી ગુનાખોરી કાબુમાં રાખી હતી. બાદ છેલ્લા ચારેક માસથી સોમનાથ મંદિર સુરક્ષામાં ફરજ બજાવી રહેલ હતા. આમ, પોલીસમાં કોન્સ્ટેબલથી લઈ પોલીસ ઈન્સ્પેકટર સુધીની ત્રણ દાયકાની સફર દરમ્યાન જી.એમ. રાઠવાએ પડકારોનો સામનો પોતાની આગવીશૈલીની કામગીરીથી કરી હમેંશા નોંધનીય ફરજ બજાવી પોલીસ પરીવારનું ગૌરવ વધારેલ હતું.

## દ્વારકાધીશ મંદિર ખાતે જન્માષ્ટમી ઉત્સવ ઉજવાશે, ભકતો દર્શન કરી શકશે



દ્વારકા તા. ૨૬

પ્રતિ વર્ષ દ્વારકાધીશ મંદિર દ્વારકા ખાતે જન્માષ્ટમી પર્વ ઉજવવામાં આવે છે. આ ઉત્સવનાંદિવસો દરમ્યાન લાખો યાત્રીકો દર્શને આવતા હોય છે. ચાલુસાલેપણ મંદિરનાંદર્શનનાં નિયત કલાકો દરમ્યાન મંદિર દર્શનાર્થીઓ માટે રાબેતા મુજબ ખુલ્લુરહેશે. મંદિરે દર્શને આવતા તમામ લોકોએ ગાઈડલાઈનનું પાલન ફરજીયાતપણે કરવાનું રહેશે. સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું પડશે, ગોળ કુંડાળામાં સર્કલ કરીને દર્શનાર્થી ઉભા રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત દ્વારકાધીશ મંદિરની ઓફીશ્યલ વેબસાઈટ www.dwarkadhish.org ઉપર લાઈવ દર્શનની સુવિધા પણ ચાલુ છે.

અપનો કે સાથ, ફુલ ઓન ફન



GIRNAR waterpark & resort

• Party Plot
• Cottage Conference Hall
• Rain Dance
• Birthday Party
• Wave Pool

ઓમ કોલેજની સામે, ભેંસાણ રોડ, મુ. ચોકલી, જૂનાગઢ

89808 22100 girnarwaterpark&resort